RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue : 11, Year: 71, February 2025, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઇસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જાન્યુઆરી -૨૦૨૫) સુધીમાં ૨૮૫૨૧ - જીવો છોડાવેલ છે.** તથા ઘાસ – ૯૦૮૬૦ કિલો, ગોળ – ૧૧૨૨૯ કિલો, કેરીનો રસ – ૬૦૦૦ કિલો, લાપ્સી – ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ (૧૦ મહિના) માં ટોટલ ૩૦૨૨ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| Bank Name : AXIS BANK LTD. | |
|---|---|
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| Bank Name : BANK OF INDIA | |
|---|---|
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.



# CA KHYATI PIYUSH VORA

**Education: Chartered Accountant**
**B.com (NL College)**
**Occupation: Financial And Assurance advisor at Eide Bailly LLP, Goregaon (west)**
(USA based top 25 CPA company)

## General Attributes

**Date of Birth**: 18/08/1997

**Time**: 9:59am

**Birthplace**: Bhagupur (Limbdi)

**Height**: 5 feet 3 inches

**Weight**: 59kgs

**Cast**: Zalawadi Visha Shrimali Sthanakwasi Jain

**Native**: Wadhwan Surendranagar.

**Current Residence**: Flat No 4, Alankar Apartment, Shimpoli Rd, Borivali (West), Mumbai.

## About me and Expectation

I grew up in a family with my father in business and my mother as a homemaker, which made me both empathetic and ambitious.
I believe a strong relationship is built on selflessness, trust, and maturity. I'm looking for a partner who can be an equal in every phase of life.

## Hobbies

Reading, Traveling and Cooking

## Family

**Father:** Piyush Pravinchandra Vora (9820641499) (Share broker)
**Mother:** Chetna Piyush Vora (Home maker) (9930433998)
**Brother:** Arpit Piyush Vora (Pursuing Masters in Canada)

**Paternal Grandparents:**
Lt Pravinchandra Bhagwandas Vora
Lt Vimlaben Pravinchandra Vora

**Kaka/Kaki**
Pritesh Pravinchandra Vora (9820434680)
Bijal Pritesh Vora
Sohil Pravinchandra Vora (9819052868)
Pooja Sohil Vora

**Faiba/Fuva**
Sonal Jiteshkumar Sanghavi (Ahemdabad)
Rupal Nileshkumar Shah (Ahemdabad)

**Maternal Grandparents**
Lt Natvarlal Tarachand Kothari
Manjulaben N. Kothari

**Mama/Mami**
Gavtambhai Natwarlal Kothari
Rameshbhai Harilal Kothari (Malad)
Shrilekha Ramesbhai Kothari (9004758558)

Advt.

# AAGAM SHAH



## FAMILY DETAILS

**Grand Father:** Late. Ramniklal Mohanlal Shah (Botad)
**Grand Mother:** Premilaben Ramniklal Shah

**Father:** Hitesh Ramniklal Shah 9892323838
**Occupation:** Broker & Commission Agent in Iron & Steel

**Mother:**
Late. Parul Hitesh Shah
Manisha Hitesh Shah (Home Maker) 9819230780

**Sister:** Paneri Hitesh Shah
{P. P. SAUMYATAJI MASHATIJI (BOTAD SAMPRADAY)}

## PARENTAL

**Kaka-Kaki**
Ashish Ramniklal Shah (Dombivali) 9320404140
Sheetal Ashish Shah

**Faiba-Fuva**
Beena Rameshkumar Gandhi (Limbdi) 9429278749
Late. Bhavna Pradeepkumar Doshi (Borivali) 9820223986
Dipika Sangamkumar Gopani (Kandivali) 8655528082

## MATERNAL

Late. Jayantilal Nagindas Shah (Sanand)
Late. Gunvantiben Jayantilal Shah

Sanatkumar Shivlal Gandhi (Limbdi/Botad)
Late. Sarojben Sanatkumar Gandhi

**Masa-Masi (Late. Parul Hitesh Shah Family)**
Shital Nitin Doshi (Ahmedabad)
Ami Dilip Shah (Joravnagar)
Ishita Hetal Shah (Ahmedabad) 9426864164

**Mama-Mami (Manisha Hitesh Shah Family)**
Nayna Jatin Gandhi (Kalyan) 9221635812
Late. Komal Nilesh Gandhi
Bhavika Nilesh Gandhi (Kalyan)

## PERSONAL DETAILS

**Gender:** Male
**Age:** 26years
**DOB:** 3rd November, 1998 **Time:** 10.50 am
**Native & Birth Place:** Botad
**Height:** 5'6"
**Religion:** Visha Shrimali Stanakvasi Jain
**Hobbies:** Travelling, Adventurous Sports, And Cricket
**Occupation:** Broker & Commission Agent in Iron & Steel
**Food Preference:** ***JAIN DIET***

## EDUCATION

**MBA (Finance) - NMIMS (Vile parle)**
**Master in Commerce (KJ Somaiya Arts & Commerce)**

## CONTACT


**+91 7678083204**
**aaagamshah2128@gmail.com**
**B/202 SAIDHAM LOYOLA, Nahur Road, Mulund West - 400080**

Advt.


WE DELIVER WHAT IS PROMISE !
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
ammpalholidays@gmail.com
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
UNCOVER NATURE'S FINEST SEASONS
Explore Winter & Cherry Blossom Tours!
ICELAND 10D
Tour Dates 2025
6th MARCH
1st APRIL
BAKU + GABALA WITH SHADAG 7D
Celebrate Crishtmas
Dec 23rd
JAPAN 11D
9th APRIL 2025
Cherry Blossom with Alpine Route
SOUTH KOREA 10D
26th MARCH 2025
Cherry Blossom
VIETNAM WITH SAPA 11D
Tour Dates 2025
Jan - 7th | 18th | 28th
Feb - 8th | 19th
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*, Travel Insurance & Visa Assistance
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100

Advt.

# શ્રી સમસ્ત લીંબડી સંઘવી કુટુંબ (મુંબઈ)



**શ્રી ગીરીશભાઈ**
(પ્રમુખ)




**શ્રી પંકજભાઈ**
(ઉપ પ્રમુખ)



**શ્રી સમીરભાઈ**
(મંત્રી)



**શ્રી પ્રિતેષભાઈ**
(મંત્રી)



**શ્રી સુધીરભાઈ**
(ખજાનચી)

## સમગ્ર ઝાલાવાડ માં અગ્રેસર એટલે અમારૂં સંઘવી કુટુંબ

ગત વર્ષે ગોલ્ડ જ્યુબીલી વર્ષની ઉજવણી ધમાકેદાર કરવામાં આવી. મહાબળેશ્વર (૪૦૦ કુટુંબીજનો), કોલ્હાપુર (૨૫૦), હેદરાબાદ - રામોજી (૩૫૦), ખાનવેલ - સીલ્વાસા (૩૦૦), પંચમઢી (૨૫૦), મણીલક્ષ્મી -સ્ટેચ્યુ ઓફ યુનીટી (૧૭૫), દેવલાલી (૧૫૦), લોનાવલા (૧૭૫), કરજત (૧૨૫) વિ. વિ. ખુબજ યાદગાર બહારગામના પ્રોગ્રામો...

વન ડે પીકનીકમાં મુંબઈનાં બધાંજ રીસોર્ટ - બલ્કે કોઈ કોઈ તો ૨-૩ વાર રીપીટ તેમજ ઈન્ડોર પ્રોગ્રામ મુંબઈના પ્રીમીયમ હોલમાં... અને આ બધાજ પ્રોગ્રામો કુટુંબની ઉદાત્ત ભાવના સૌ કોઈ લાભ લઈ શકે તે માટે ખુબજ ઓછા ચાર્જ - ટોકન રૂપે.

અને..હા... કુટુંબના સભ્યોની ઉદારભાવના વગર માગ્યે પોતાનો ફાળો... સ્પોન્સરશીપ...

સાથે સાથે **પ્રમુખશ્રી ગીરીશભાઈનાં નેતૃત્વમાં** દરેક કમીટી મેમ્બરોનો સાથ-સહકારથી દરેકે-દરેક પ્રોગ્રામ ખુબજ માણવા લાયક બનાવેલ છે.

કરોના કાળમાં કુટુંબનાં ૨૦૦ ઘરે કુરીયરથી જલેબી ફાફડા વિ. કમલેશ કેટરરનું હેમ્પર પહોંચાડવામાં આવેલ. છેલ્લા ૩ વર્ષથી દરેક ઘરે ચીક્કી તેમજ ગયા વર્ષે અડદીયો તેમજ કચરીયાનું હેમ્પર મોકલવામાં આવેલ. **આ બધુ સંઘવી કુટુંબમાંજ શક્ય છે.**

આજ રીતે દરેક કુટુંબીજનો સાથ-સહકાર તેમજ કમિટી મેમ્બરોનો સહકાર મળતો રહેશે એવી અપેક્ષા...

**જય જિનેન્દ્ર**

## કારોબારી સભ્યો




નરેન્દ્રભાઈ



અનિલભાઈ



નરેન્દ્રભાઈ



દક્ષેશભાઈ



જીગીશભાઈ



પરેશભાઈ



નૈનેશભાઈ



ચિરાગભાઈ

Advt.



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ફેબ્રુઆરી ૨૦૨૫
વર્ષ : ૭૧ : : અંક : ૧૧
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*

શોધ તારાં ગુણોને, તું જાતે,
અવગુણો શોધવા, બધાં છે ને !

આગળ ચાલ, તું મંજીલ પામવા,
પાછળ તને પાડવા, બધાં છે ને !

ઉડાન ભર ઊંચી, સપનાંઓની,
નીચે તને પછાડવા બધાં છે ને !

પ્રગટાવ જ્યોત, આશાની દિલમાં,
હતાશ તને કરવા, બધાં છે ને !

સફળતાને ચુમી લે, પ્રયત્ન કરીને,
ઈર્ષાથી સળગવા, બધાં છે ને !

કર્મ કર્યે જા તું, પુરી નિષ્ઠાથી,
ફળ તારું લેવાં, બધાં છે ને !

''ચાહત'' જીવી લે, મન મુકીને,
નફરત તને કરવા, બધાં છે ને !!



# શ્રદ્ધા અને વિશ્વાસ

**ડૉ. આઈ કે. વીજળીવાળા**

એક માણસની પાછળ વાઘ પડયો હતો. જંગલનાં ઝાડી-ઝાંખરાં વચ્ચેથી એ જીવ બચાવવા હતું તેટલું જોર કરીને ભાગી રહ્યો હતો. વાઘ પણ ઘણા દિવસનો ભૂખ્યો હશે. એ પણ પેલાની પાછળ બરાબરનો પડેલો. હાથમાં આવેલો શિકાર આજે છટકી જાય તે એને પણ પોસાય તેમ નહોતું.

દોડતાં દોડતાં પેલો માણસ એક ખીણની ધાર પર આવી પહોંચ્યો. અટકી ગયો. નીચે હજારો ફૂટ ઊંડી ખીણ હતી. જો પડી જવાય તો હાડકાંનો એક ટુકડો પણ હાથ ન લાગે. પાછળ ભૂખ્યો ડાંસ વાઘ હતો. આગળ ને પાછળ બંને જગ્યાએ જાણે કે મોત નિશ્ચિત જ હતું. અચાનક જ એની નજર ખીણની દીવાલમાંથી આડા ઊગી નીકળેલા એક નાનકડા ઝાડ પર ગઈ. એ ઝાડનું થડ જાડું નહોતું પણ અત્યારે કૂદકો મારીને થોડેક નીચે ઊગેલા એ ઝાડને પકડી લેવામાં જ એને સાર લાગ્યો, કારણ કે વાઘ હવે બિલકુલ પાસે આવી ગયો હતો. એણે કૂદકો મારીને એ ઝાડને પકડી લીધું. બસ એ જ ક્ષણે વાઘ ખીણની કિનારી સુધી આવી પહોંચ્યો. પોતાના શિકારને આમ પંજામાંથી છટકી જતો જોઈને એણે ખૂબ જ ત્રાડો પાડી. પછી ત્યાં જ આમતેમ આંટા મારવા માંડયો.

ઝાડ પર લટકી ગયેલા એ માણસને બચી ગયાનો આનંદ તો થયો પણ એ આનંદ બે ક્ષણથી વધારે ન ચાલ્યો. કારણ કે એણે જે નાનું ઝાડ પકડી લીધું હતું તેનાં મૂળમાંથી માટી ખરવાની શરૂ થઈ ગઈ હતી. એવું લાગતું હતું કે એ નાનકડી ડાળખી જેવડું ઝાડ આ માણસનું વજન ઝીલવા માટે અસમર્થ હતું. કદાચ થોડીક ક્ષણો પછી એ પણ ઊખડી જાય તો ? અને આ તો નો ખ્યાલ આવતાં જ એ માણસનું ધ્યાન ફરી એક વખત ખીણ તરફ ગયું. હજારો ફૂટની ઊંડાઈ જોતાં જ ભયથી એનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં. કદાચ આસપાસ કોઈ હોય તો એને બચાવી લે એ આશાએ એણે અવાજ બેસી જાય ત્યાં સુધી મદદ માટે બૂમો પાડી. પણ જંગલ તો સાવ નિર્જન હતું. વાઘની ત્રાડો સિવાય કોઈ જવાબ ન મળ્યો ત્યારે એ માણસ સાવ નિરાશ થઈ ગયો. હવે એને ભગવાન સાંભર્યા ! સંકટ સમયનો એ જ તો છેલ્લો દરવાજો હોય છે ને !

એ માણસે આકાશ સામે જોયું. પછી બૂમ પાડી, 'હે ભગવાન ! હું આજ સુધી એવું સાંભળતો આવ્યો છું કે તું દરેક વ્યક્તિની સાથે હંમેશાં હાજર હોય જ છે. જો એ વાત ખરેખર સત્ય હોય અને તારૂં ખરેખર અસ્તિત્વ હોય જ તો તું મને આજે મદદ કર. મને તું આજે બચાવી લે, ભગવાન ! પ્લીઝ ! એના બદલામાં તું કહીશ એ બધું જ કરી છૂટવા માટે હું તૈયાર છું. ભગવાન ! તું ખરેખર બધાની જોડે હોય જ છે ને ?'

એ જ વખતે એક મોટી ગડગડાટી થઈ અને આકાશમાંથી અવાજ આવ્યો, 'હા ! હું હંમેશાં દરેકની સાથએ જ હોઉં છું. અને મારે શરણે આવનારને, મને સમર્પિત થનારને હું હંમેશાં બચાવી લઉં છું. તમને પણ હું બચાવીશ. પણ તું ખરેખર હું કહું તેમ કરીશ ખરો ?'

'હા, પ્રભુ ! તું જે કહીશ તે કરીશ એની ખાતરી આપું છું. પણ મને બચાવી લે મારા નાથ !'

'પણ એ માટે તારામાં અપાર હિંમત જોઈશે અને પારા પરની ખૂબ જ શ્રદ્ધા જોઈશે. મારી મદદ કરવાની રીત સાવ અનેરી હોય છે. બોલ, તું મારા પર સો ટકા ભરોસો રાખીને હું કહું તેમ સાચ્ચે જ કરી શકીશ ?' આકાશમાંથી સવાલ થયો.

'હા ભગવાન ! તું જો મને બચાવી જ લેવાનો હો તો તું કહે તે કરવા તૈયાર છું. મને હવે તારામાં અપાર ભરોસો છે. અને આજે આ નિર્જન જંગલમાં મારો સાદ સાંભળીને તું જ તો દોડી આવ્યો છે. અને હું તારા પર શ્રદ્ધા નહીં રાખું ? તું કહીશ તે હું કરીશ, પણ જલદી અહીંથી છોડાવ. જો, હવે તો આ ડાળખી પણ વજન નથી ખમી શકતી.'

'તો પછી ડાળખી છોડી દે !' ભગવાને આદેશ કર્યો.

પેલો માણસ છક્કડ ખાઈ ગયો. નીચે નજર કરતાં જ પાછી એ જ ભયાનક ખીણ દેખાઈ. ઉપર જોયું તો વાઘ હજુ જીભ લપકાવતો ખીણની ધાર પર ઊભો હતો. ડાળખી પણ હવે ધીરે ધીરે ખીણથી દીવાલમાંથી ઊખડતી જતી હતી. એણે ઊંચે આકાશ તરફ નિરાશાભરી એક નજર નાખી. પછી જોરથી બૂમ પાડી, 'અરે કોઈ મારો અવાજ સાંભળે છે ? અરે કોઈક તો મને બચાવો !!'

ભગવાન પરની સાચી શ્રદ્ધા અને હિંમત આપણને કોઈ પણ ખીણમાં પડવા છતાંયે બચાવી લેવા સમર્થ છે જ ! જરૂર છે ફક્ત એના પરની સંપૂર્ણ શ્રદ્ધાની અને વિશ્વાસની અને આપણા હૃદયમાં જો એવી અનન્ય શ્રદ્ધા પ્રકટી ઊઠે તો ખરા સમયે બીજા કોઈને વ્યર્થ બૂમો પાડવાનો વખત આવે ખરો ? જો ભગવાન આપણને મદદ કરવાનું વચન આપતો જ હોય તો આપણે પણ એના પર શંકા રાખ્યા વિના જ ઝંપલાવવું જોઈએ. અને ત્યાર પછી પાક્કો વિશ્વાસ કે ખાતરી હોવી જોઈએ કે એ આપણને બચાવી જ લેવાનો !

❖❖❖

# ઘરની શોભા

ગિરીશ ગણાત્રા

ભારતીય સંસ્કૃતિમાં ગૃહિણીને ઘરની ઉપમા આપી છે. ગૃહિણીથી ઘર સુશોભિત છે, સંસ્કારમય છે, સુમધુર છે, અર્થસભર છે, વ્યવહાર પ્રસન્ન છે. ઘણુંઘણું છે. કોઈ પણ કુટુંબનું ચિત્ર નિહાળવું હોય તો એના પ્રતિકસમી ગૃહિણીને જાણી લેવી જોઈએ.

આ પાઠ શિક્ષિકા માએ પુત્રી કુસુમને ગળથૂથીમાંથી ભણાવેલા જેથી ભવિષ્યમાં એ અન્ય ઘેર જાય ત્યારે એ ઘરની ગૃહશોભા બની રહે.

આદર્શ ગૃહિણીના આ પાઠ ભણતી વેળા કુસુમનો આદર્શ એની મા હતી. માએ કેવા કેવા દુઃખો વેઠી આ ઘરને ઊંચું લાવ્યું હતું. સંતાનોને ભણાવ્યા હતાં, કરકસર કરી કુટુંબના વ્યવહારો નભાવ્યા હતા એ એની નજર સમક્ષ હતું. કુસુમ માટે જ્યારે માગું આવ્યું ત્યારે શિક્ષિકા માએ ગૃહિણીના પાઠોનું પુનરાવર્તન કરાવતા કહ્યું - બેટા, સુખ-દુઃખ એ પૈડાના આરા જેવું છે. આજે સુખી તો કાલે દુઃખી. વર્તમાન ઘર સમૃદ્ધ હોય પણ ક્યારે એ ઘરમાં હાંડલા કુસ્તી કરે એ કહેવાય નહિ. પણ જો કુળવધૂ સમજુ હોય, હોંશિયાર હોય તો ઘર પર એ ઓછામાં ઓછો દુઃખનો ઓછાયો પડવા દે. પુરુષ તો કમાવા માટે બહાર ફરતો રહતો હોય, એનું ચિત્ત એના ધંધા-નોકરીમાં હોય ત્યારે ઘર-સંચાલનમાં એનું ધ્યાન ન પડે. તું જે ઘરમાં જાય છે એ ઘરની જવાબદારી છોકરા પર જ છે. એને બાપ નથી, ઘરમાં કોઈ ભાઈ-ભાંડરડું નથી. એ તો ઠીક છે કે બાપ છોકરા માટે ઠીકઠીક કહેવાય એવું મૂકી ગયો છે. તારી થનાર સાસુને સંસારમાં રસ રહ્યો નથી એટલે એ મંદિરોમાં અટવાયા કરે છે. હવે એ ઘરની આબરૂ વધારવી-ઘટાડવી તારા શિરે...

કુસુમ બિપીનને પરણઈ આ ઘરમાં આવી.

પહેલા દિવસથી જ એને જાણ થઈ કે એ માત્ર ઘરની ગૃહિણી નથી, પતિની દાસી પણ છે!

એનો પતિ બિપીન, ઉર્ફે બકો, કે પછી બકાભાઈ એવા લાડકોડમાં ઊછરેલા કે



તરસ લાગે ત્યારે ગોળા પાસે પણ ન જાય. જૂનવાણી ઘરનો મોટા વચલા રૂમનો હીંચકો એ એનું અચળ સ્થાન. પથારીમાંથી ઊઠીએ એ જેવા હીંચકા પર જાય કે પછી બાકીની તમામ વિધિઓ ત્યાં જ થતી રહે. હીંચકા પર બેસી ચા પીએ, વર્તમાનપત્રો વાંચે, નાસ્તો કરે, શૅરોના કામકાજ કરે, જમે, વામકુક્ષી કરે. એનું ચાલે તો એ હીંચકા પર બેસીને સ્ના કરે! એક વખત એ ત્યાં બેઠા એટલે અઠે દ્વારકા. હીંચકા પરથી જ એ હુકમો છોડતા રહે.

પતિની આ પ્રકૃતિની પહેલા દિવસથી જ કુસુમને જાણ થઈ. બીજા દિવસે ઘરકામમાંથી પરવારી એ થોડી મોડી સ્નાન કરવા ગઈ. ઘરનો ઝાંપો ખુલ્લો રહી ગયો હશે તે ગાયે ફળિયામાં પ્રવેશ કર્યો. બકાભાઈએ એ જોયું ને એણે હીંચકા પર બેઠાં બેઠાં જ હુકુમ કર્યો-

''એ... ગાયને જરા હાંકી કાઢજો.''

બાથરૂમમાં નહાતા નહાતા કુસુમે પતિનો હુકમ સાંભળ્યો અને જવાબ આપ્યો -

''હું નહાવા બેઠી છું.''

નાહીને કુસુમ બહાર આવી અને ફળિયાના તાર પર ટુવાલ સૂકવવા ગઈ ત્યારે ગાય નિરાંતે સાસુનો સાડલો સાડલો ચાવી રહી હતી.

''હાય, હાય. ગાય બાનો અડધો સાડલો ચાવી ગઈ. તમે ગાયને કેમ તગેડી ન મૂકી?''

''એવું બધું મને ન ફાવે. તારે ના'વા જતાં પહેલાં ઝાંપો બંધ કરી દેવો જોઈએ ને!''

આ પ્રસંગ પછી કુસુમે જોયું કે પતિને ઘણાં ઘણાં કામો ફાવતા નહોતા. છાપાવાળાનું બિલ ચૂકવવું, ઘેર આવેલા ધોબી પાસેથી ગણીને ઈસ્ત્રીવાળા કપડાં લેવાં, આપવા, ઝાંપા પાસે જઈ ટપાલી પાસેથી ટપાલો લેવી, ઈલેક્ટ્રીસીટીનું બિલ ભરવું. બૅન્કમાં ચેક ભરવા જેવા કામો પણ એ ન કરતા. અરે, ટુથબ્રશ પર પેસ્ટ પણ કુસુમે લગાવીને હાથમાં આપવાનું, દાઢી કરી લીધી પછી બ્રશ-રેઝર કુસુમે સાફ કરવાના અને બહાર જાય ત્યારે બુટ કે ચપ્પલ હીંચકા પાસે મૂકી દેવાના. એક વખત કુસુમે કહ્યું- તમે બાથરૂમમાં નહાવા જાઓ ત્યારે ટુવાલ લેતાં જતા હો તો? નાહ્યા પછી અંદરથી ઘાંટાઘાંટ

ન કરવી પડે. બકાભાઈનો તકિયાકલામ ઉત્તર રહેતી : એવું બધું મને ન ફાવે.

એકના એક સંતાનને મા-બાપે એવો ફટવ્યો હતો કે એ હરામના હાડકાનો થઈ ગયેલો. શૅરોની લે-વેચનું કામ કરતા પિતા સારુ કમાતા એટલે એનું 'પું' નામના નરકમાંથી તારનાર આ સંતાનને ક્યારેય કસોટી થાય, બુદ્ધિનો ઉપયોગ કરાય એવા કામ કરાવ્યા જ નહિ. કૉલેજના એકાદ-બે વર્ષ પછી બકાભાઈનું વિદ્યાનું વાહન આગળ ગબડ્યું નહિ. આમેય, શાળાજીવનમાં પણ એ ડચકા ખાતા ખાતા જ આગળ વધેલા ને ! જોકે પિતાએ એને શૅરબજારમાં આવતો જતો કરી દીધેલો પણ એ માત્ર શારીરિક આવન-જાવન હતી, માનસિક નહિ. પિતાના મૃત્યુ પછીએ એ શૅરબજારમાં જતા પણ બજારની ચાલ પરખતા એ ક્યારેય શિખ્યા નહિ. શૅરબજારમાં એ શું કરતા એની ઘરનાઓને ક્યારેય ખબર નડતી નહિ. ઘેર આવ્યા પછી બકાભાઈ હીંચકારૂપી સિંહાસન પર બિરાજી ઘરમાં રાજ કરતા રહેતા.

કુસુમના ગૃહિણી પાઠની આ પરીક્ષા હતી. એણે સંસારવિરક્ત સાસુને અને કામચોર પતિને સાચવવાનો હતો, આવકવિહોણા ઘરને જાળવવાનું હતું.

કુસુમ ગર્ભવતી બની. એને એમ હતું કે પિતા બન્યા પછી પતિને ઘરની જવાબદારી સમજાશે, થોડાં થોડાં કામ કરતા શીખશે, ટેવ બદલાશે પણ બકાભાઈ જેનું નામ, એ પડેલી ટેવને એમ થોડાં ટાળે ? ટાળવા દે ?

કુસુમને જ્યારે પૂરા મહિના જતા હતા ત્યારે જ બકાભાઈની માએ ગંભીર માંદગીનો ખાટલો સેવ્યો. સાસુને દવાઓ આપવી, એના મળમૂતર સાફ કરવા, કપડાં, ચાદર બદલવા, સતત એની સૂચનાઓ પર ધ્યાન આપવું, ઘરની રસોઈ કરવી, સાફસૂફી કરવી, કપડાં ધોવા, સૂકવવા, જેવા કામોમાં કુસુમને કોઈની, કોઈની એટલે કે પતિની મદદની ખાસ જરૂર પડતી. ઘરમાં માની માંદગીનો ખાટલો છતાંય હીંચકા પર બેઠા બેઠા જ કુસુમ દ્વારા માની માંદગી જાણી લેતા. બહુ બહુ તો એકાદ-બે મિનિટ માની પાસે જઈ આવે એટલું જ.

સાસુ મૃત્યુ પામી ત્યારે પણ ભારે પગવાળી કુસુમે સમો સાચવી લીધો. સાસુના મૃત્યુ વખતે કે એ પછી પુત્રે કરવી પડતી વિધિઓ માટે એણે મહામહેનતે પતિને તૈયાર કર્યો. બકાભાઈએ ના છૂટકે એ બધું કરવું પડ્યું પણ કુસુમે જ બધો ભાર ખેંચ્યો.

પુત્ર પ્રસવ પછી ચોથે જ દિવસે કુસુમે પુનઃ ઘરની કામગીરી સંભાળી લીધી. અલબત્ત, એ વખતે એણે માની મદદ લીધી. આ ચાર દિવસ દરમિયાન માએ પણ જમાઈનું 'હીર' (?) પારખી લીધું ! કુસુમથી જ્યારે ન રહેવાયું ત્યારે એ મા પાસે રડી પડી :

''મા, આવો તે કેવો વર ? એક સળીના બે કટકા પણ ન કરે એવો ? મારે કઈ રીતે ઘર ચલાવવું ?''

મા હસીને કહેતી -

બેટા, તારા સંસારરથનું એક પૈડું નબળું છે, કામ આપતું નથી. એ વખતે સાજા પૈડા પર રથ નમાવીને ભાર ખેંચવાનો હોય.''

કુસુમે પોતાના સંસારરથને જેમ તેમ કરી ગબડાવ્યે રાખ્યો. હવે તો એ બે સંતાનની માતા બની ચૂકી હતી. શરૂશરૂમાં એને પતિ પર ખૂબ જ ગુસ્સો આવતો પણ જ્યારે એ પથ્થર પર પાણી રેડવાથી વળ્યું નહિ ત્યારે એણે ગુસ્સો છોડી દીધો.

બકાભાઈ નામ પૂરતા શૅરબજારમાં જતા, ધંધો કરતા નહિ. કરતા આવડ્યું નહિ. એના પિતાએ જે સ્કિમાં રોકાણ કરેલું એના ડિવિડન્ડ પર ઘરનો ખર્ચો આછો પાતળો નીકળતો. કુસુમે પતિને સલાહ આપી :

''બબ્બે છોકરાઓના ઉછેર પાછળ ઘણો ખર્ચ થાય છે. તમે આખો દિવસ ઘરમાં બેઠા રહો છો એને બદલે બજારમાં જતા હો તો ? જે કામ મળ્યું તે.''

''શૅરબજાર હમણાં મંદ છે.''

''શૅરબજાર નહિ તો બીજું બજાર શોધો.''

''કયું બજાર ?''

''વીમાની પૉલિસિઓ લો, જમીન-મકાનની દલાલી કરો કે પછી કોઈને ત્યાં નામું લખો.''

''એવા કામો આપણને ન ફાવે.''

''તો ઘરનો ખર્ચ કેવી રીતે કાઢવો ?''

''એ તું જાણે.''

એને માની વાત યાદ આવી ગઈ. 'જમાઈરાજ કમાતા ન હોય તો તું કમાવા જા. તારા છોકરાં તો હવે બાલમંદિરે જાય છે તો તું ત્યાં જા. તું એક નવા શરૂ થયેલા બાલમંદિરમાં તું ભણાવવા જઈશ ? તારા ઘરના રૅશનિંગનો ખર્ચ નીકળી જશે. બોલ, તારી તૈયારી હોય તો ગોઠવી આપું.'

માની સલાહ માની કુસુમે સ્કૂલની નોકરી સ્વીકારી લીધી. પતિને એમાં કશો વાંધો નહોતો, સિવાય કે બપોરની ચા કોણ બનાવી આપે ? પણ કુસુમ બાલમંદિરે જતાં પહેલાં ચાનું થર્મોસ ભરીને જતી.

શરૂશરૂમાં કુસુમને ઘર અને નોકરી ભારે પડી ગયા પણ બે વર્ષમાં એ ટેવાઈ ગઈ.

કુસુમે પૂરા દસ વર્ષ નોકરી કરી. નોકરી કરતાં કરતાં એણે બાળકો ઉછેર્યા, ભણાવ્યા. કુટુંબના વ્યવહારો નભાવ્યા. કુસુમની એક રોજનિશી ઘડાઈ ગઈ હતી. ઘડિયાળના કાંટે એણે લટકવું પડતું.

સતત સખત મહેનત કરી કુસુમ ક્યારેય માંદી પડેલી નહિ. માંદગીનો વૈભવ એને પોસાય એમ નહોતો પણ શરીરયંત્ર ક્યારેક બગડે પણ ખરું. એ એક દિવસ બગડયું. કુસુમને ટાઈફોઈડ થયો ત્યારે પણ સતત તાવવાળા શરીરે એને રસોઈ કરવી પડતી. ઘરકામ માટે નોકર રાખવાની હજુ એની ત્રેવડ નહોતી. બન્ને પુત્રોની મદદથી એ ઘરકામ આટોપી લેતી. આજે એ તાવવાળા શરીરે રસોડામાં ગઈ. બન્ને પુત્રો શાળામાં ગયેલા. લથડતાં શરીરે એણે તપેલીઓ લીધી. દાળ ભાતનું આંધણ મૂકવા ઊંચી અભેરાઈ પરથી દાળ-ચોખાના ડબ્બા ઉતારવા ગઈ ત્યાં એને ચક્કર આવ્યા અને એ પડી ગઈ. તપેલાઓએ જમીન પર પડી અવાજ દ્વારા આલબેલ પોકારી. એ અવાજ હીંચકે બેઠેલા બકાભાઈને કાને પડ્યો અને...

જિંદગીમાં પહેલી વખત બકાભાઈ હીંચકેથી ઊઠી રસોડામાં દોડી આવ્યા અને પત્નીને ટેકો આપી પથારી પાસે લઈ ગયા. પત્નીનું ધગધગતું શરીર બકાભાઈના હૃદયને દઝાડી ગયું. એણે તપેલીમાં માટલાનું ઠંડુ પાણી લીધું. રસોડામાંથી કયાંકથી મીઠું શોધી કાઢયું અને પત્નીના કપાળે પોતા મૂકવા લાગ્યા. ડૉક્ટરે આપેલી દવાની ટીકડીઓ ગળાવી એ પોતા બદલાવતા એની પાસે બેસી રહ્યા. આટલા વર્ષોમાં પતિએ પહેલી વખત કામ કર્યું એથી કુસુમને નવાઈ લાગી.

એકાદ કલાક પછી તાવ ઊતરતા કુસુમ બોલી :

''બસ કરો હવે. મને સારું લાગે છે. તમે હીંચકા પર બેસો. હું રસોઈ કરું.''

બકાભાઈ બોલ્યા.

''તું રસોડામાં ખુરશી લઈને બેસ અને મને કહે એ રીતે આંધણ મૂકું.''

''તમને આવડશે ?''

''તું શિખવાડશે તો મને આવડશે.''

એ દિવસે, અને પછીના દિવસોમાં, બકાભાઈએ જે રસોઈ કરી એમાં સ્વાદના ઠેકાણાં નહોતાં પણ બકાભાઈની કર્તવ્યભાવનાનો જે મસાલો થયો એથી રસોઈ ભોજનક્ષણ બની રહી.

એક વખત બન્ને પુત્રોએ પિતા-માતાની લગ્નતિથિ ઊજવવાનું નક્કી કર્યું. આ ઉજવણી ઘરની માત્ર ચાર વ્યક્તિઓ પૂરતી જ સીમિત હતી. એ દિવસે કુસુમે શાળામાંથી રજા લીધી. બકાભાઈ બજારમાંથી શિખંડ-ખમણ લઈ આવ્યા. પુત્રોએ ઘરને શણગાર્યું અને બકાભાઈએ પત્નીને રસોઈમા હાથ દીધો. જમતાં પહેલાં સૌ મંદિરે દર્શન કરવા ગયાં.

રેડિયો પરથી વહેતા સુમધુર સંગીતના વાતાવરણમાં ચારેયે ભોજન કર્યુ અને ભારી ભોજન પછી કુસુમબહેન એના ઓરડામાં આરામ કરવા ગયા ત્યારે બેડરૂમનું બારણું બંધ કરી પત્ની પાસે આવી બકાભાઈએ ધીમેથી પૂછ્યું :

''કુસુમ, મંદિરમાં જઈ ભગવાન પાસે તેં શું માગ્યું ?''

કુસુમે માત્ર સ્મિત ફરકાવ્યું અને જવાબ ન આપ્યો એટલે બકાભાઈએ જ કહ્યું -

''મને ખબર છે કે ભગવાન પાસે તેં શું માગ્યું હશે.''

''તો કહો જોઈએ, શું માગ્યું હશે ?''

''એ જ કે આવતે ભવે આવો પતિ ન દેજે.''

''ખોટું. મેં તે એવું માગ્યું હતું કે આવતે ભવે પણ આવો જ પતિ દેજે જેથી મારા માહ્યલામાં રહેલું કૌવત બહાર આવે, મારામાં રહેલી શક્તિઓના હું પૂર્ણપણે ઉપયોગ કરી શકું. તમે આખો દહાડો નવરાધૂપ થઈ બેસી રહેતા તો જ હું આ ઘરનો ભાર ઊંચકી શકી ને !'' પછી એણે પતિને પલંગ પર બેસાડી, એની આંખમાં આંખ પરોવી કહ્યું -

''મારા એક સવાલનો જવાબ તમે આપશો ?''

''કહે ને.''

''તે દિવસે હું રસોડામાં પડી ગઈ ત્યારે તમે મને પથારીમાં સૂવડાવી પોતાં મૂક્યા, દવા આપી, રસોઈ કરી એ બધું ક્યાંથી સૂઝયું ? બા માંદા હતા ત્યારે પણ એની ચાકરી નહિ કરેલી. આ પહેલા ક્યારેય તમે ઘરકામમાં મદદ નહોતા કરતા.''

''એ વખતે તું સાજીસમી હતી એટલે મદદ નહોતો કરતો કે કરવાનું મન થતું નહિ પણ ઘરના ચિરાગની જ્યોત જ્યારે અસ્થિર થવા લાગી ત્યારે કોણ જાણે એ વખતે મને થયું કે આજ સુધી ઘરમાં તેં જ અજવાળું પાથર્યું છે. એ ઉજાસ ઝાંખો થવા લાગ્યો ત્યારે મને થયું કે...કે...સાચું પૂછો તો કુસુમ, તારે બદલે જો કોઈ બીજું પાત્ર આ ઘરમાં આવ્યું હોત તો...તો ભગવાન જાણે કે આજે આ ઘરની, મારી શી દશા થઈ હોત ! હું તો ઘરમાં માત્ર લાકડાનો જ રાજા છું, ખરી રાણી તો તું છે. સાચું કહું કુસુમ, મેં ભગવાન પાસે આજે માગ્યું હતું કે આવતે ભવે પણ તું મને કુસુમ દેજે.''

ઘણા વર્ષો પછી બકાભાઈએ પોતાના દિલની વાત કહી. એ વખતે કુસુમને એની મા યાદ આવી ગઈ.

એ પતિ પાસે બેઠી અને ખોળામાં એનું માથું ઢાળી એના વાળમાં આંગળા ફેરવવા લાગી. આજ સુધી ઘરસંસાર ચલાવવા બકાભાઈનો જે સાથ ન મળ્યો તે એણે માફ કરી દીધો.

નિર્દોષ અને નિર્વ્યાજ પ્રેમ પાસે તમામ પાપ માફ થઈ જાય છે.

❖❖❖



# "મા...!" એટલે વ્હાલપનો દરિયો

અમૃત પંચોલી

સમય આજ બદલાય ગયો છે. કળિયુગ આવનાર છે. પરંતુ આજે એ સત્ય છે. આવનાર નથી આવી ગયો છે. આજ ઠેર ઠેર અને ઘેર ઘેર એનો વાયરો ઘેરાય વળ્યો છે. એક સમય હતો શ્રવણનો જે આંધળા મા-બાપની સેવા કરતા મૃત્યુને આધીન થયો. તો આજના શ્રવણને મા-બાપની છાયા એક સંકટરૂપ લાગે છે. મા-બાપ બોજારૂપ લાગે છે. નાનેથી મોટા કર્યા પચ્ચીસ પચ્ચીસ વર્ષથી વેદના દુ:ખ સહી મોટા કર્યા. ત્યારે મા-બાપ અળખામણા ન્હોતા લાગતા આજ એને મા-બાપ ગમતા નથી. પણ એ વિચારતા નથી મા-બાપ નહીં હોય એવું ક્યારે કલ્પયું ન્હોતું, આજ એ સ્વીકારી શકાતું નથી. તારા અસ્તિત્વનો અણુ અણુ એ એમનો જીવંત વારસો છે. તારી જીવનયાત્રાની પળે પળ એજ મહામુલી ભેટ છે. એણે જ બોલતા કર્યા, ચાલતા કર્યા. સંસ્કારને ભણતરને ગણતર દીધા. એટલે હું જ સર્વે સર્વા છે. એ અહંમમા ન રહેતો.

તારા મા-બાપ વિના તારી હૈયાતી હોત ખરી ? એ સંસ્કાર સીંચનાર મા-બાપને કદી વિસરતો નહીં. તું કોઈ તકલીફમાં કે બિમારી કે અકસ્માતમાં સપડાય તો ઓ...મારી...પત્ની...કદાપી બોલાતું નથી. પણ જેણે તારા રૂદિયે વાસ કર્યો છે એવાજ જન્મદાતા. માતા-પિતા યાદ આવે. ઓ...મા...રે...કહી અંતર વેદના પ્રગટ કે ઓ...બાપ...રે...એટલું યાદ રાખજે કે દુ:ખમાં મા-બાપ મા-બાપ જ તારા મુખમાં રહેશે, તું ઘરમાં મા-બાપને સંતાપવા એક પણ ક્ષણ ચૂકતો નથી. પરંતુ તારા આ અવગુણ તારો દિકરો જોવે છે. તો શીદને તારા ભવિષ્યનું ભાથું બાંધે છે. મા-બાપને ભૂખ્યા રાખી તું મા-બાપથી છાના હોટલે કે બેડરૂમમાં ભરાય ઓડકાર ખાય છે, પરંતુ કેટલા દિવસ મા-બાપની આંતરડી કકળાવી તું ખુશ રહીશ ? પરંતુ ભવિષ્ય કોણે જાણ્યું કેવા દિવસો આવશે ?

એકવાર એક મા-દિકરા વચ્ચે ઝગડો થયો દિકરા એ કહ્યું તે મને મોટો કર્યો એ તારો ઉપકાર પણ એમાં તે જે કર્યુ તે બધાનો બદલો હું ચુકવી દઈશ બોલ મારી પાછળ કેટલો ખર્ચ કર્યો ? કેટલા મારા કપડામાં ખર્ચ્યા ? કેટલા મારા જમવા પાછળ ખર્ચ્યા ? કેટલા મારા ભણતર પાછળ ખર્ચ્યા ? કેટલા તે મારી બિમારીમાં દવા દારૂમાં ગયા, બધું લખાણ બધો ખર્ચ વ્યાજ સહિત હું ચુકતે કરીશ દઈશ તો લખાવ ખર્ચ.

લખાવું તો ખરી દિકરા પણ ક્યાંથી લખાવું ? કેમ ? જન્મયો ત્યારથી પહેલા દિવસે તને છાતીએ વળગાડી દૂધ પાયું તું. પછી તને ખોળામાં લઈ તારી સામે જોઈ હરખના આંસુ વહાવ્યા હતા. બોલ એ દૂધના કેટલા રૂપિયા લીટર લખીશ ? અને એ આંસુના ટીપાની ક્યા કોમ્પ્યુટર પર ગણત્રી કરીશ અને એના પ્રત્યેક ટીપા માટે કેટલા સીક્કા આપીશ ? સાંભળી પુત્રનો બધો રોષ ઉતરી ગયો એણે માતાના ખભે માથુ મુકી દીધું અને ધ્રુસકે ધ્રુસકે રડતા કહ્યું મને માફ કર મા મારાથી ગુસ્સાના આવેશમાં બોલાય ગયું.

મા નો લય વાતચીતમાં ભળે ત્યારે અમૃતતત્ત્વ પામે છે, મા શબ્દ ઉચ્ચારાય ત્યારે ઊજાશ પથરાય છે. માનો ખ્યાલ આવે ચિત્ત મંજાય ઝળઝળા થઈ ઉઠે છે. મા એટલે જન્મદાતા જગત જનની તો ખરી જ જેની આંખોમાં અમૃત દેખાય એ તમામ મા છે. પ્રત્યેક નારીમાં કોઈ અમૃત ક્ષણ જાગી ઉઠે છે. મા કદી મરતી નથી. માનો દેહ ન હોય ત્યારે એનું વ્હાલ હવાના કણકણમાં વિખેરાયને આલિંગન આપે છે, જેને પત્ર લખ્યો ન હોય છતાં જેની આંખમાં લખવા ધારેલા પત્રનો જવાબ વંચાય તે મા. એટલે જ પુજ્ય પુનિત મહારાજે લખ્યું છે.

*''ધન ખરચતા મળશે બધું,*
*પણ માત-પીતા મળશે નહિ.*
*એના પુનિત ચરણો તણી,*
*ચાહના કદી ભૂલશો નહી.''*

❖❖❖

# શોધી શકશો ઘર તમે મારું તરત, સાત સપનાંનું સૂકું તોરણ હશે

**ડૉ. શરદ ઠાકર**


'શેઠ કાલિદાસ ઈચ્છાશંકર મહેતા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના કોઈ પણ વિદ્યાર્થીને જો આ પ્રશ્ન પૂછવામાં આવે કે વિશ્વની સાત અજાયબીનાં નામ કયાં કયાં છે તો બધાનો જવાબ એક જ હોય : 'સાવન, પૂજન, નકુલ, નિહાલ અને તક્ષક - આ પાંચ છોકરાઓ અને નજાકત તેમ જ ટીના, આ બે છોકરીઓ. અમારી કૉલેજનાં આ મેગ્નિફિસન્ટ સેવન છે.'

આ સાતેયમાં એક વાત કૉમન. એકબીજા વગર ચાલે નહીં. બાકી બધી વાતે બધાંની ખોપરીઓ જુદી જુદી. સાવન શ્રાવણ જેવો. વરસમાં એકાદ વરસી પડે, બાકી કોરોધાકોર. પૂજન રૂપનો પૂજારી. નકુલ સારો ત્યાં લગી સારો, બાકી સાપનેય ખાઈ જાય એવો, નોળિયા જેવો. નિહાલ બારેમાસ ખુશખુશાલ. તક્ષક ડંખીલો. આખા ગ્રૂપમા માત્ર બે જ છોકરીઓ. બટકબોલી ટીના અને છેલ્લી નજાકત એટલે બસ બીજું કંઈ નહીં, માત્ર નજાકત જ. રૂપેરી ચાંદનીના થીજેલા આકાર ઉપર પાંપણની પીંછીથી કરેલા નકશીકામ જેવી નજાકત.

બપોરની રિસેસમાં પાંચ મિત્રો મેંદીની વાડ પાસેના વિશાળ ઓટલા ઉપર બેઠા છે. બગાસા ઉપર બગાસાં ખાઈ રહ્યા છે. આળસ મરડી રહ્યા છે. ટીના અને નજાકતની ગેરહાજરીમાં મૂડ કંઈ ખાસ જામતો નથી.

પૂજન આખરે કંટાળ્યો : 'આજે બજરંગ બાપાની કૃપા થઈ હોય એમ લાગે છે. સાવ ઉનાળાના તડકા જેવા લુખ્ખાલસ બેઠા છીએ. નજાકત તો કૉલેજમાં દેખાઈ જ નથી, પણ આ ટીના ક્યાં મરી ગઈ ? સવારે લેક્ચરમાં તો આવી હતી.'

ત્યાં જ એના સવાલના જવાબ જેવી ટીના ઝબકી. આવી એવી જ નિહાલે એને



ઝડપી : 'હાશ ! હવે કંઈક નવીન જાણવા મળશે. શું ચાલે છે ટીના ? તારું 'ટીના ટાઈમ્સ' શું કહે છે ?'

'અમારા 'ટીના ટાઈમ્સ'ના તાજા સમાચાર એ છે કે આજે શહેરની સૌથી સુંદર કન્યા જેનું નામ નજાકત અમીન છે એ કૉલેજના છોકરાઓને નિરાશ કરવાના આશયથી ઘરે જ રોકાઈ ગઈ છે. ભણવા માટે નથી આવી.'

નકુલ છંછેડાયો : 'તદ્દન વાસી અને ચવાઈ ગયેલા સમાચાર ! કોઈ તાજા ખબર વાંચી સંભળાવ, નહીંતર છાપું બહાર પાડવાનું બંધ કરી દે.'

ટીના એમ ગાંજી જાય એવી નહોતી : 'પૂરું સાંભળ તો ખરો. આ તો હેડલાઈન હતી. વિગતવાર સમાચાર આ પ્રમાણે છે : નજાકતની આજે સગાઈ રાખવામાં આવી છે અને પંદર દિવસ બાદ એનાં લગ્ન નિરધાર્યાં છે...'

'શું ?!!' પાંચેય મિત્રો સમૂહમાં ખળભળી ઊઠ્યા : 'નજાકતની સગાઈ ? આજે છે ? અને આપણને આમંત્રણ નહીં ? અરે, અમને મારો ગોળી, પણ ટીના તનેય... ?'

ટીનાએ ખભા ઉછાળ્યા : 'શું થઈ શકે ? નજાકતને જોવા માટે ઈન્દોરથી છોકરા પક્ષવાળા આવ્યા. બધું ઝડપથી નક્કી થઈ ગયું. એ લોકોનો આગ્રહ હતો કે સગાઈ એ કૌટુંબિક બાબત છે. એને બે કુટુંબો પૂરતી સીમિત જ રહેવા દઈએ. લગ્ન વખતે ક્યાં ધામધૂમ નથી કરાતી ?'

નજાકતની સગાઈના સમાચાર સાંભળીને એકમાત્ર સાવન શાંત રહ્યો. બાકીના બધા ખળભળી ગયા. તક્ષકે તો નાગ જેવો ફૂંફાડો પણ માર્યો : 'આ સાવન ! મારો બેટો ! સોપારી જેવો છે ! એની અંદરથી શું નીકળશે એ તોડ્યા પછી જ ખબર પડે. ઉપરથી તો બધું એકસરખું... શાંત અને લિસ્સું... !'

સાવન તોપણ ખામોશ રહ્યો. બીજે દિવસે નજાકત આવી. મિત્રોએ પહેલાં ઠપકો અને બાદમાં મુબારકબાદી આપી. નજાકતે આખું પર્સ અને અડધી કૅન્ટીન ખાલી થઈ જાય એટલો નાસ્તો કરાવ્યો. સાવનને બાદ કરતાં ચારેય પુરુષ-મિત્રોએ કબૂલ કર્યું કે નજાકતે થોડીક ઉતાવળ કરી નાખી, બાકી... !

નિહાલે કહ્યું : 'હું તને પ્રપોઝ કરવાનો જ હતો.'

પૂજને કહ્યું : 'એમ ખાલી પ્રપોઝલથી શું વળે ? હું તો પરણ્યા પછી તારી પૂજા કરવાનો હતો, જિંદગીભર.'

નકુલે જીવનની અંતિમ ઈચ્છા વ્યક્ત કરી : 'તું માનતી હોય તો હજીયે કંઈ મોડું નથી થયું. ચાલ. નાસી જઈએ.'

તક્ષકે મોટો નિસાસો નાખ્યો : 'તેં પસંદ કર્યો એ છોકરો શું મારા કરતાં પણ વધુ 'હૅન્ડસમ' છે ? ન હોય તો એની સાથે લગ્ન થઈ જાય એ પછી પણ હું અવેઈલેબલ છું.'

'શટ અપ, યુ ઈડિયટ્સ !' નજાકતે મિત્રોને શાંત પાડ્યા : 'આ સાવન સામે જુઓ. એને સાચો મિત્ર કહેવાય. હું તમારી જેમ એની પણ ગર્લફ્રેન્ડ છું, પણ તે મને ફક્ત ફ્રેન્ડ તરીકે જ સ્વીકારે છે. ગર્લ તરીકે નહીં.'

'સોપારી બહારથી સારી દેખાય છે. અંદરથી સારી છે કે બગડેલી એ કોને ખબર ?' તક્ષકે ત્રાંસી નજરે સાવનની દિશામાં જોયું. સાવન નિર્દોષપણે હસ્યો. વાતનો પ્રવાહ બીજી તરફ ફંટાઈ ગયો.

સમયનો પ્રવાહ તો એક જ દિશામાં વહેતો રહે છે. એ પણ વહેતો રહ્યો. નજાકત પરણીને ભૌમિકનો સંસાર સજાવવા માટે ઈન્દોર ચાલી ગઈ. એનાં લગ્નમાં એના પપ્પાએ ગજા ઉપરવટનું ખર્ચ કર્યું. એ વખતે ધંધામાં મંદી ચાલતી હતી, દીકરીને આપવા દહેજે એમની આર્થિક કમ્મર તોડી નાખી. તમાચો મારીને ગાલ લાલ રાખ્યો. નજાકતને હસતા મુખે અને રડતી આંખે વિદાય આપી. 'મેગ્નિફિસેન્ટ સેવન'માંથી 'વન'ની સંખ્યા ઓછી થઈ. સાવન શાંત રહ્યો. બાકીના પાંચેય જણ નજાકતને 'આવજે' કહેતાં રડી પડ્યાં.

પણ લગ્નના એક જ મહિનામાં બોકાસો બોલી ગયો. ઈન્દોરથી આવતી હવા નજાકતની કરમ-કઠણાઈના ઊડતા સમાચાર લાવતી હતી. શરૂઆત પ્રથમ રાતથી થઈ ગઈ.

મધુરજની માણવા માટે અરમાનોનો અંબાર ઓઢીને બેઠેલી નજાકતને ખબર પડી કે એનો પતિ ભૌમિક તો પાગલ છે. ફિલ્મોમાં આવતા ઝનૂની ગાંડાની જેવો સાવ તોફાની નહીં, પણ છાપેલું કાટલું તો ખરો જ. વહેવારુ બુદ્ધિ સાવ બાળક જેવી અને સમજણશક્તિનો સદંતર અભાવ. સંસાર, સ્ત્રી અને દામ્પત્ય એ બધું એને મન ગમ્મત માત્ર.

ધીમે ધીમે નજાકતને ખબર પડી કે ડૉક્ટરે તો ભૌમિકની બાબતમાં ક્યારનાયે હાથ ધોઈ નાખ્યા હતા. એના લગ્ન કરવાની પણ મનાઈ ફરમાવી હતી. પણ ભૌમિકના ધનવાન બાપે વંશવેલાને આગળ વધારવાની લાલચે દીકરાને પરણાવી દીધો. નજાકતનાં સપનાં સળગી ગયાં. સાસરીમાં બીજી કોઈ વાતે એને દુઃખ નહોતું, પણ જે એકમાત્ર સુખની આશાએ સ્ત્રી લગ્ન કરતી હોય છે, એ સુખ પણ ન હતું.

પંદર દિવસનો સંસાર 'ભોગવી'ને એ અમદાવાદ પાછી આવી. પિયરમાં તો કોઈને પરિસ્થિતિ વિશે એક શબ્દ પણ એણે ન જણાવ્યો, પણ બીજા દિવસે કૉલેજનું ગ્રુપ ભેગું થયું. ત્યારે નજાકતથી નિસાસો નખાઈ ગયો.

પૂજને સલાહ આપી : 'મને લાગે છે કે તારે પડ્યું પાનું નિભાવી લેવું જોઈએ.'

'એ શક્ય નથી. એ ઘરમાં મારો દમ ઘૂંટાય છે. એ લોકોએ મને છેતરી છે.' નજાકત રડી પડી. એની વાત સાચી હતી. લગ્નના પંદર જ દિવસમાં એ નિસ્તેજ બની ગઈ હતી. રૂપાળી નજાકત એ હવે ભૂતકાળનું વિશેષણ બની ચૂકી હતી.

'તો પછી તું કોઈ જોબ સ્વીકારી લે.' નકુલે સલાહ આપી : 'પગાર માટે નહીં, પણ પુરુષમિત્ર માટે.'

નિહાલે એ વાતમાં સૂર મેળવ્યો. 'હા, એ બહાને તારા મનની અને તનની ઊણપ ભરાઈ જશે.'

'એ બધું કરવા કરતાં તું ડિવોર્સ શા માટે નથી લઈ લેતી ? પછી આપણે કોઈ સારા વકીલને રાખીને એ લોકો ઉપર પચાસ લાખના વળતરનો દાવો ઠોકી દઈશું...' તક્ષકની વાતમાં બદલાની આગ હતી.

ટીનાએ વળી જુદી જ વાત કરી : 'મારું માને તો તારે આપઘાત જ કરવો રહ્યો. તારી જગ્યાએ હું હોઉં તો જીવી જ ન શકું.'

બધા બોલી રહ્યા. ખામોશ હતો માત્ર સાવન. એ જ સ્વસ્થતા, એ જ સ્મિત અને એ જ સાદગી.

'સાવન, કંઈક તો બોલ.' નજાકતે એનો કૉલર પકડીને એને હચમચાવ્યો : 'નજાકત મરવા પડી છે. ક્યાં સુધી મૌન પાળીશ ?'

'હું શું બોલું ? આ તારી જિંદગી છે, તારા પ્રશ્નો તું જાણે. મને શી ખબર પડે ? મને તો એક વાતની જાણ છે, નજાકત, જો છૂટાછેડા લઈને આવશે તો આ સોપારી જેવો સખત માણસ એની સાથે પરણવા માટે તૈયાર છે. હું તારા સંસાર વિશે એક પણ સવાલ નહીં પૂછું. ભૌમિક સાથે શારીરિક સંબંધ બંધાયો છે કે નહીં એ વાતનું પણ મારે મન મહત્ત્વ નહીં રહે. મારી જિંદગીના ગણિતમાં બે-ત્રણ રકમો છે. એક તો મારી નજાકત મને ગમે છે. બીજું કે એ જીવી રહી છે અને ત્રીજું... એ જીવતી રહેવી જોઈએ.'

ટીના ઊછળી પડી : 'નજાકત, જો હું તારી જગ્યાએ હોઉં તો...' અને નજાકત રડી પડી. એ રુદન આખરી હતું. પછીથી એ સદાયે હસતી જ રહેવાની હતી.

(સાવન ખૂબ ધનિક બાપનો દેખાવડો છોકરો. નજાકત કરતાં નવ ગણી રૂપાળી અક્ષત કન્યા પામી શકે એવો. છતાં એણે નજાકતને સ્વીકારી લીધી. સોપારી અંદરથી પણ સારી નીકળી.)

❖❖❖

# નરો વા કુંજરો વા

ડૉ જયંત મહેતા

**આ**જની ટપાલના ઢગલામાં મને એક સોનેરી આમંત્રણકાર્ડ દેખાયું. આતુરતાથી મેં એ ખોલ્યું. મિશેલનું ગ્રેજ્યુએશ કાર્ડ નીકળ્યું. અરે વાહ ! છેવટે આ છોકરીએ એના બાપની ઈચ્છા પૂરી કરી. અને આજે હવે ડૉક્ટર થવાની.

કાર્ડમાં એણે પોતાના હસ્તાક્ષરે મને ધમકી આપી દીધી હતી... તમે જો આ સમારંભમાં નહીં આવો તો હું એ પ્રમાણપત્ર લેવા મંચઉપર નહીં જાઉં... કેટલી આગ્રહી અને પ્રેમાળ છોકરી ! થોડી વાર હું એ કાર્ડ તરફ તાકી રહ્યો.

દસેક વર્ષ પહેલાંનું બધું યાદ આવ્યું...

એક વખત રસ્તા વચ્ચે મારી ગાડીએ ધુમાડા કાઢવા માંડ્યા. જેમતેમ એને રસ્તાની બાજુમાં કાઢી. સેલ્યુલર ફોન હજુ એટલા પ્રચલિત નહોતા. મારી પાસે પણ નહોતો. ફોનની શોધમાં હું થોડું ચાલ્યો ત્યાં 'ડેનીઝ ઑટો શોપ'ના પાટિયા ઉપર નજર પડી. મનને થોડી નિરાંત થઈ. હું ત્યાં પહોંચ્યો.


'What's up Doc?...' રમૂજી સ્વભાવનો એક મિકેનિક મારા તરફ આવ્યો. દુકાનનો માલિક હોય એવું લાગ્યું. મેં મારો ધોળો ડગલો હજુ પહેરેલો જ હતો. ડગલાના ખિસ્સામાંથી સ્ટેથોસ્કોપ પણ અરધું બહાર દેખાતું હતું. એ ઉપરથી એ સમજી ગયેલો કે હું ડૉક્ટર છું.

મોઢામાં સળગતી સિગારેટના ઠૂંઠાને અંગૂઠા અને આંગળીથી પકડી એણે છેલ્લી વાર ચૂસ્યું પછી નીચે ફેંકી બૂટથી કચડી નાખ્યું.

'Hi, Doc... I am Dr. Danny... The Auto-Doctor...You know... What can I do for you એનો હાથ લૂછી એણે મારા તરફ લંબાવ્યો. છ ફૂટ ઊંચો, પાતળો, સ્વભાવે રમૂજી માણસ નીકળ્યો.

હું એને મારી તકલીફ જણાવતો હતો ત્યાં તરત એણે બીજી સિગારેટ સળગાવી... ચેન-સ્મોકર લાગ્યો.

મારી વાત પૂરી થતાં એણે એની ટો-ટ્રક કાઢી. હું એની સાથે બેઠો અને અમે ગાડી લઈ આવ્યા. એણે મને બધું સમજાવ્યું. એન્જિન આખું બળી ગયું છે



એટલે નવું નાખવાની ભલામણ કરી. પાંચેક દિવસમાં એણે મારી ગાડી તદ્દન નવા જેવી કરી આપી. બહુ પ્રામાણિક માણસ નીકળ્યો. ત્યાર પછી ડેની અમારો 'ફૅમિલી મિકેનિક' બની ગયો અને હું એનો 'ફૅમિલી ડૉક્ટર' બની ગયો. મારા ફૅમિલીની દરેક ગાડી ઉપર હવે ડેની જ કામ કરતો. ધીમે ધીમે, હું એના આખા કુટુંબને ઓળખતો થઈ ગયો. એને એની મિશેલ જીવ કરતાં પણ વહાલી હતી. એક દિવસ મને કહે...ડાક, મારે મારી આ દીકરીને ખૂબ ભણાવવી છે... તમારા જેવી હોશિયાર ડૉક્ટર બનાવવી છે. હું ગમે એટલી મહેનત કરીને પણ એનો ખર્ચો પૂરો પાડીશ.

સમય જતાં, અમારી દોસ્તી ધંધાના શુષ્ક સંબંધો વીંધીને લાગણીના તાંતણાઓમાં લપટાઈ ગઈ. ડેની સાથેની મારી આ ગાઢ મૈત્રીથી મારા મિત્રમંડળમાં કેટલાકને નવાઈ લાગતી. ક્યાં હું મોટો ડૉક્ટર અને ક્યાં ડેની ! સામાન્ય મિકેનિક, હું એ બધાને ક્યાં સમજાવવા બેસું કે સાચી દોસ્તીને દિલ સાથે સંબંધ છે. ચોપડિયું ભણતર, આર્થિક સધ્ધરતા, જ્ઞાતિ, ધર્મ કે રંગભેદ સાથે નહીં. કોઈ ખંડિયેરમાં પડેલા ખડકની તિરાડ વચ્ચે ઊગી નીકળેલા ફૂલ જેવી અમારી દોસ્તી હતી. ડેનીને શરદી ઉધરસ જેવું કાંઈ થાય તો હું એને ત્યાં જ, એની શૉપમાં જ, તપાસી લેતો, મારી ઑફિસના સૅમ્પલ્સમાંથી જરૂરી દવા પણ આવતાં જતાં આપી દેતો. મારા રસ્તામાં જ એની આ શૉપ. એટલે ક્યારેક તો અમસ્તો જ હું એની પાસે આવી બેસતો. એ એની ગિટાર કાઢીને 'બ્લુ ગ્રાસ મ્યુઝિક' વગાડે. મને એ સાંભળવું બહુ ગમે. ક્યારેક વળી બાઈબલની વાતો છેડે. ક્યારેક અમે બાઈબલ અને ગીતાની સરખામણી કરીએ. અમને બહુ આનંદ આવતો.

આ ડેનીને સિગારેટ ચુડેલની જેમ વળગી ગઈ હતી. આ એની બહુ ખતરનાક ટેવ હતી... સિગારેટો સતત ફૂંક્યા કરે. હું એને સિગારેટ છોડવાની વાત કરું તો એટલા પૂરતું સાંભળે અને દલીલ કરે.

'ડાક... તમારી બધી વાત હું સમજું છું... સિગારેટની ભયાનકતા મને ખબર છે... પણ છોડી શકતો નથી... પ્રયત્ન

કરીશ...બસ ?' પછી એ વાત ઉડાવી દે. ધીમે ધીમે મારા દેખતાં ફૂંકવાનું એણે બંધ કર્યું. મારી આમન્ય કહો કે ડર કહો.

એક વખત ન્યૂયૉર્કથી મારો લંગોટિયો દેશી મિત્ર મારે ત્યાં આવ્યો. મેં ડેની સાથએ એની ઓળખાણ કરાવી. ડેનીએ એની બોટમાં બોટિંગનો કાર્યક્રમ ઘડી નાખ્યો. બાજુના સરોવરમાં અમે ત્રણે જણા સહેલ કરવા નીકળી પડ્યા.

મારો આ મિત્ર મોટી લાઈફ-ઈન્સ્યોરન્સ કંપનીનો એજન્ટ હતો એ મને ખબર નહોતી. એણે ત્યાં સરોવર ઉપર જ એના ધંધાની વાત શરૂ કરી દીધી. બહુ સિફતથી એણે ડેનીને દોઢેક લાખ ડૉલરની પૉલિસી પરખાવી દીધી. ડેનીએ એ મારી શરમે લીધી કે એને ખરેખર એ ગમી એ મને સમજાયું નહીં.

ચારેક વર્ષ વીતી ગયાં. એક દિવસ ડેનીને મારી ઑફિસમાં દર્દીની લાઈનમાં બેઠેલો જોયો. સાથે એની પત્ની લિસા અને બાર વર્ષની દીકરી મિશેલ પણ હતી. મને બહુ નવાઈ લાગી.

'હે... What's up Doc?' મેં એની નકલ કરીને રમૂજ કરી...

'My car is not breathing right... May be the air-filter...' એણે છાતી ઉપર હાથ મૂકી મને એની તકલીફ જણાવી. '

હું ત્રણેને મારી પ્રાઈવેટ ઑફિસમાં લઈ ગયો.

'Now tell me... What is it?'

એણે લિસાને ઈશારો કરી દીકરી મિશેલને બહાર લઈ જવા કહ્યું. જતાં જતાં મિશેલ એના ડેડીને પ્રેમથી ભેટી. એની નિર્દોષ આંખો મારી આંખોમાં પરોવી દર્દભર્યા અવાજે વીનવતી લઈ, 'Please take good care of my dad. He is precious to me.'

એ બંને જણાં બહાર ગયાં એટલે એ બોલ્યો :

'Doc, this cough is killing me. The antibiotics you gave me last time isn't working any more' એટલું બોલતાં એને ઉધરસ આવી ગઈ.

મિશેલને બહાર બેસાડી લિસા અંદર ધસી આવી.

'Doc, this man is very stbborn, He is not listening to you or to me. Lately he has been vomiting blood. He is short of breath... Tired all the time... Has lost weight... That's why, finally, I dragged him here today. Do something. Please...' લિસાના અવાજમાં નરી ચિંતા અને અકળામણ હતી.

હું પણ હવે ચિંતામાં પડી ગયો. એની બીમારીનો મને અંદાજ આવી ગયો. ખાતરી માટે મેં એક્સ-રે પડાવ્યો. એક્સ-રે જોતાં મને એનાં ફેફસાંમાં એક સફેદ ડાઘ દેખાયો. મારા મોઢાના ભાવ બદલાયા. ડેનીએ એ જોયા.

What is it Doc? Something serious?'

'No, Don't worry. Probably pneumonia... we may not have to change the whole engine'... મેં વાતાવરણ હલકું કરવા પ્રયત્ન કર્યો.

'Are you sure Doc?' લિસાએ પૂછ્યું. હવે સત્ય કહ્યા વિના મારો છૂટતો નહોતો.

'Lisa...' મારો અવાજ ઢીલો થઈ ગયો. હિંમત કરીને મેં વાક્ય પૂરું કર્યું. 'Lisa, I suspect cancer in the lungs... I hope I am wrong...' રૂમમાં મૃત શાંતિ છવાઈ ગઈ. ગમગીની બધે ફરી વળી.

ત્યાર પછીના ચારેક મહિના ડેની માટે બહુ ખરાબ ગયા.

ડેનીને મેં હૉસ્પિટલમાં દાખલ કરી દીધો હતો. પ્લાસ્ટિકની ફાઈબર ઑપ્ટિક ટયૂબ નાખીને ઍન્ડોસ્કૉપી કરી. એની શ્વાસનળીને ધ્યાનથી તપાસતાં જણાયું કે એના જમણા ફેફસાની શરૂઆતમાં જ કૅન્સરની મોટી ગાંઠ હતી. સ્કોપ દ્વારા બાયપ્સી-ફોરસેપ નાખીને એમાંથી મેં બે-ત્રણ સૅમ્પલ લીધા.

બાયપ્સીનો રિપોર્ટ આવ્યો - ફેફસાંનું કૅન્સર.

ભગ્ન હૈયે, રિપોર્ટ લઈને હું ડેનીની રૂમમાં ગયો. આ માત્ર ડૉક્ટર-દર્દીના સંબંધો નહોતા. મેં એને રિપોર્ટની વાત કરી. એની આંખમાં નરી વેદના ધસી આવી. એણે પસ્તાવો વ્યક્ત કર્યો...

'ડાક... તમારી વાત સાંભળીને મેં સિગારેટ છોડી દીધી હોત તો આજે આ દિવસ ના આવ્યો હતો ખરું ને ?' હું એને શો જવાબ આપું ? હવે તો બહુ મોડું થઈ ગયું હતું.

ઑપરેશન કરવાનો નિર્ણય લેવાયો. તેમ છતાં ગાંઠ એવી જગો હતી કે કૅન્સર નિર્મૂળ થાય એમ હતું નહીં. ક્ષ-કિરણોથી કૅન્સરને બાળવાનો પ્રયત્ન કર્યો એટલે તાત્કાલિક થોડી રાહત રહી.

બીજા ચારેક મહિના પછી ડેની પાછો મારી ઑફિસમાં આવ્યો. એનું શરીર ખવાઈને હાડપિંજર જેવું થઈ ગયું હતું. લિસાની અખંડ કાળજી અને પ્રેમ છતાં ડેની ધીમે ધીમેં આ રોગમાં ઓગળતો જતો હતો. ફરીથી એક્સ-રે લીધો એમાં દેખાયું કે હવે જમણા ફેફસામાં પાણી ભરાઈ ગયું છે. મોટી સોય ફેફસામાં ઉતારી મેં એક લિટર જેટલું પાણી ખેંચ્યું.

'Very good Doc, I breath much better now. Thank you...'

ડેનીને રાહત લાગી. પણ મને તો ખબર હતી કે આ તો ક્ષણિક ઈલાજ છે. મને ખબર હતી કે ડેનીના હવે આખરી દિવસો શરૂ થઈ ગયા છે. જીવન હવે આકરું બનતું જતું હતું. રેસ્પિરેટર ઉપર કૃત્રિમ રીતે જીવવાનું ડેનીને મંજૂર ન હોતું. લિસાની સલાહ પ્રમાણે advance directive પણ લખાઈ ગયા.

એક દિવસ ડેની મારી પાસે ખૂબ રડ્યો.

'ડાક, મને મારી પત્ની લિસાની ચિંતા તો છે જ. એથી વિશેષ મારી નાની દીકરીની છે. એ તો હજુ માત્ર પંદરેક વર્ષની જ છે. એના અભ્યાસનું... એના ભવિષ્યનું શું? બને એટલું આશ્વાસન આપવા મેં પ્રયત્ન કર્યો.

અચાનક એણે એક ભેદી સવાલ મને પૂછ્યો. જિંદગી હારી ગયાનું એનું દુ:ખ હું સમજતો હતો.

એકાએક એણે મને પૂછ્યું :

'ડાક, યાદ છે તમારા મિત્રે મને વેચેલી પેલી ઈન્સ્યોરન્સ પૉલિસી?'

'હા... પણ અત્યારે હવે એનું શું છે?'

'અમસ્તું જાણવા ખાતર... એ પૉલિસીમાં એવું છે ને કે હું બીમારીથી મરું એના કરતાં ઑટો-અકસ્માતમાં મરું તો પૈસા બમણા મળે!!!' મને પેટમાં ફાળ પડી. એનું ભેજું કઈ દિશામાં કામ કરવા લાગી ગયું છે એની જાણે મને ગંધ આવવા લાગી.

'ડેની, ખબરદાર જો એવું કાંઈ ગાંડપણ કરી બેઠો છું તો...' મેં એને ધમકાવ્યો.

'ના... ના... એવું કાંઈ હું કરતો હોઈશ!' ડાહ્યો બનીને એ ચાલ્યો ગયો. હું બેચેન બની ગયો. એના કુટુંબના લાભ માટે આ ડેની જાણી જોઈને એની રહીસહી જિંદગીનું બલિદાન તો નહીં આપી દે ને! બાપ તરીકે અને પતિ તરીકે એ બમણી ફરજ બજાવવાનો પ્રયત્ન તો નહીં કરે ને! મારી મૂંઝવણ વધી ગઈ.

અઠવાડિયું વીતી ગયું. એક દિવસ અરધી રાતે ઈમરજન્સી રૂમમાંથી મારા ઉપર ફોન આવ્યો. ડેની નામના મારા પેશન્ટને ભયાનક ઍક્સિડન્ટ થયો છે એટલે તાત્કાલિક ત્યાં પહોંચવાનું કહ્યું.

મારો ભય મારી સામે આવીને ઊભો રહ્યો. ઝડપથી હું ત્યાં પહોંચી ગયો. ડેની પથારીમાં પડયો હતો. માથામાંથી ખૂબ લોહી વહી ગયું હોય એમ લાગતું હતું. એ સુસ્ત હતો પણ ભાનમાં હતો. બહાર લિસા અને મિશેલ એકબીજાનો હાથ પકડીને ગભરાયેલાં ઊભાં હતાં.

મેં લિસાને પૂછ્યું.

'આ અકસ્માત કેવી રીતે થયો?'

ખબર નથી. હું સાથે નહોતી. મને સ્ટોરમાંથી એકબે વસ્તુઓ લેવા એણે મોકલી દીધી અને પોતે એકલો બહાર નીકળી ગયો. પોલીસે મને ખબર આપ્યા ત્યારે ખબર પડી કે એની ગાડી ડુંગરાળ ખાઈમાં ધસી પડી હતી. કેમ બન્યું... કેવી રીતે બન્યું... મને કોઈ ખબર નથી...'

મેં આંખો મીંચી... મનમાં બબડયો... મને ખબર છે.... આ બધું કેમ બન્યું તે... ઓ ડેની... આખરે તેં તારું ધાર્યું જ કર્યું... મારા અંતરે જાણે ચીસ પાડી.

મેં તાત્કાલિક કેટ-સ્કેન કરાવ્યું. ખોપરીમાં ફ્રૅક્ચર હતું અને બ્રેઈનમાં ગાંઠો દેખાઈ. આ ગાંઠો કૅન્સરની હતી કે લોહીની એ કળવું મુશ્કેલ હતું.

થોડા જ વખતમાં ડેનીનું પ્રાણપંખેરું ચાલ્યું ગયું. ડેનીના મૃત્યુના સમાચાર લિસા અને મિશેલને આપવાનું કામ બહુ મુશ્કેલ હતું. લિસાને તો સમજાવી શકાય પણ મિશેલના હૈયાને વહાલસોયો પિતા ગુમાવ્યાનું દુ:ખ વીજળી કરતાં પણ વધારે ત્વરાથી બાળી નાખશે.

હું પાછો લિસા અને મિશેલ પાસે આવ્યો. એ વખતે લિસાએ એની પર્સમાંથી મારા નામનું એક કવર કાઢીને મને આપ્યું. ડેનીના અક્ષરો હતા. મેં કવર તોડ્યું. અંદર એક પત્ર અને ડેનીના કુટુંબનો એક નાનો ફોટો હતો. લખ્યું હતું...

'ડાક, જિંદગીભર તમે મને સાથ આપ્યો છે. તમે એક અમૂલ્ય મિત્ર હતા, રોગથી જિંદગી ભાર થઈ પડી હતી એટલે હું જાઉં છું, લિસા અને મિશેલને હવે મદદ કરજો જેથી મારા આત્માને શાંતિ મળે.'

ચિઠ્ઠી વાંચીને હું તરત બાથરૂમમાં ગયો. તરત મેં ચિઠ્ઠી ફાડીને ટોઈલેટમાં ફ્લશ કરી નાખી. બહાર આવીને ક્યાંય સુધી લિસા અને મિશેલને આશ્વાસન આપતો રહ્યો.

બીજા દિવસે મારા ટેબલ પર ડેથ-સર્ટિફિકેટ આવીને પડ્યું હતું. મારા દર્દી તરીકે મારે એ ભરી મોકલવાનું હતું. એમાં cause of death - મૃત્યુનું કારણ - આ કૉલમમાં હું શું લખું? હું દ્વિધામાં પડી ગયો.

'અકસ્માત' લખું કે 'આપઘાત'? કાગળમાં લખેલા ડેનીના શબ્દો મારા કાનમાં જોર જોરથી પડઘા પાડવા લાગ્યા... હવે લિસા અને મિશેલને મદદ કરજો... લિસા અને મિશેલને મદદ કરજો... લિસા અને મિશેલને મદદ કરજો...

મારું મન વંટોળે ચઢ્યું. શરીરે પસીનો પસીનો થતો હતો. હું શું લખું? ડેનીને મારામાં કેટલો વિશ્વાસ! હું એ વિશ્વાસને દગો કેવી રીતે દઉં? પોલીસ રિપોર્ટમાં તો સ્પષ્ટ લખેલું છે કે આ એક કરુણ, કમનસીબ દુર્ઘટના છે... અકસ્માત છે. ડેનીના મૃતદેહની ઑટોપ્સી તો થઈ નથી... અને મરેલાંના મનની ઑટોપ્સી હજુ સુધી કોઈ કરી શક્યું નથી... ડેનીના મનમાં શું ઘમસાણ ચાલતું હશે એ નક્કી કરવાવાળો

હું કોણ ! હું કયા આધારે માની બેઠો છું કે ડેનીએ આપઘાત કર્યો છે ! એક ગરીબ મિકેનિક સાથેની મિત્રતા અને મારું મેડિકલ એથિક્સ - આ બન્ને વચ્ચે હું ક્યાંય સુધી ભીંસાતો રહ્યો.

ડેનીના આપઘાતનો કોઈ સ્થૂળ પુરાવો તો હતો જ નહીં... મેં એકદમ નિર્ણય લઈ લીધો. આ અકસ્માત જ છે.

તરત પેન ઉઠાવી મેં લખી નાખ્યું - ઑટો ઍક્સિડન્ટ... એને લીધે થયેલું બ્રેઈન હેમરેજ.

ફૉર્મમાં સહી કરી નાખી. એને કવરમાં બીડતાં હું મનમાં બબડ્યો... ડેની, દોસ્ત મારાથી બનતું બધું હું કરી ચૂક્યો છું. પણ તારે આ નહોતું કરવા જેવું... સર્ટિફિકેટની એક નકલ મારા વીમાએજન્ટ મિત્રને તરત મોકલી દીધેલી.

***

મેં મિશેલનું આજનું આ કાર્ડ સાચવીને ટેબલમાં મૂક્યું. ગ્રેજ્યુએશનના દિવસે મિશેલ મને વળગીને ખૂબ રડેલી. ડેની ત્યાં હાજર હોત તો પોતાની દીકરીને ‘ડૉક્ટર મિશેલ’ તરીકે સંબોધીને ખુશીથી કેવો પાગલ થઈ ગયો હોત !

❖❖❖

# વિભક્ત કુટુંબપ્રથા થકી બાળકોની સંસ્કારિતા જોખમાશે

નાનુભાઈ સંઘવી

**સં**યુક્ત કુટુંબપ્રથાને સ્થાને હવે તો ઠેર-ઠેર વિભક્ત કુટુંબો જ જોવા મળે છે, પરંતુ તેમાં સૌથી વધુ અવગણના બાળકોની થાય છે. બાળકો સંસ્કાર, સદાચાર-કેળવણી અને ખાનદાની જેવી બાબતોથી દૂર થતાં જાય છે તે બાબતથી સમાજનો ઘણો વર્ગ માહિતગાર નથી.

પરિણામ એ આવે છે કે બાળકોનો સારી વાત શીખવનાર કોઈ નથી અથવા હોય તો દાદા-દાદી જેટલી મૃદુતા સહૃદયતા - ભાવુકતા હોતી નથી. આજે લગભગ દરેક સ્થળે એક જ વાત સાંભળવા મળે છે કે નવી પેઢી અને જૂની પેઢી વચ્ચે અંતર વધતું જાય છે.

પરંતુ આ અંતર સંસ્કારનું છે અને નવી પેઢી સંસ્કાર અને કેળવણીથી દૂર જતી જાય છે તે આ સમસ્યાના મૂળમાં છે. સંસ્કાર એટલે શિસ્ત, રીતભાત, બોલચાલ, આચાર-વિચાર અને મનોભાવ. આ સઘળું મળીને સંસ્કાર બને છે.

બાળકો અને તરૂણોમાં કેમ બોલવું - કેમ વિચારવું અને કયા શબ્દો કેવા ટોનમાં



વાપરવા તેનો અભાવ જણાય છે. ટીવી જોતી વખતે જો કોઈ ડોરબેલ મારે તે કટાણું મોઢું કરીને જવાબ આપવામાં આવે તે સંસ્કાર ગણાય નહિ.

ઘણા સમૃદ્ધ કુટુંબોમાં સાધન સંપન્નતા છે પરંતુ સંસ્કારનો છાંટોય જોવા મળતો નથી. આથી કુટુંબોના બાળકો મોઢે ચડાવેલા જોવામાં આવે છે. ખૂબ જ લાડકોડમાં ઉછરેલા બાળકોમાં ‘ઈઝી મની’ને કારણે રીતસરની તોછડાઈ જોવા મળે છે.

કેટલાંક તો પોતાના માતા-પિતાની હાજરીમાં જ અપમાનજનક ભાષામાં વાત કરતાં હોય છે. એટલું જ નહિં તેમનું વર્તન અન્યને પસંદ નહિં પડે તેવું હોય છે. આમ સંસ્કારની ખામી સ્પષ્ટ રીતે દેખાય છે. તેના મૂળમાં ખામી ભરેલી ઉછેરની પદ્ધતિ છે.

એક માતા ૧૦૦ શિક્ષક બરાબર છે, પરંતુ આજે આર્થિક હાડમારીના આ યુગમાં મહિલાઓને પણ નોકરી-વ્યવસાયમાં વ્યસ્ત રાખીને બાળકોને સંસ્કાર-કેળવણીથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. આ એક ગંભીર મુદ્દા પ્રતિ સમાજ નિષ્ક્રિય છે.

આજની જરૂરીયાત સંસ્કૃતિ અને મૂલ્યોની જાળવણી પ્રતિ સભાન-તાની છે. ખાનદાની જેવી તો કોઈ ચીજ હવે જોવા મળતી નથી. વડિલો અને વયમાં મોટા હોય તેમને આદરથી બોલાવવા કે તેમના પ્રતિ સૌજન્ય દાખવવું - આવું ક્યાંય દેખાય છે ?

ચારે તરફ બસ ભૌતિક સમૃદ્ધિ પાછળની દોડને કારણે બાળકો અને કુટુંબપ્રથા સામે જોખમ ઉભું થયું છે. આ પ્રક્રિયા જો ચાલુ જ રહી તો કુટુંબ સંસ્થા ખતમ થઈ જશે અને તેની સાથે આપણે ત્યાં પણ અમેરિકાની જેમ વૃદ્ધાશ્રમો જ હશે કે જ્યાં દયા-કરૂણા કે લાગણીનો અભાવ હશે.

સઘળું ટાઈમસર થતું હશે, પરંતુ ત્યાં પ્રેમ કે હૂંફ નહિં હોય અને કરૂણા જેવી લાગણી નહિ હોય.

❖❖❖

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# ‘આધારસ્તંભ યોજના’

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય એવી આપણી માતબર સંસ્થાએ ૧૨૩ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક એકતા અને ઉત્કર્ષનાં ઉત્તમોત્તમ કાર્યો સંપન્ન કર્યા છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાશ્રીઓએ ઉદાર હૃદયે, હસતાં ચહેરે, દિલની ખુશીથી અને દિલેરી યુવકે હંમેશા સાથ આપ્યો છે... પણ છતાંય સહુને કહેવાનું મન થાય છે કે, આ સમાજ આપણો છે, તો તેમાં રહેતાં સાધર્મિકો પણ આપણાં જ છે, તો ચાલ ને હું પણ,

ફૂલ નહીં તો ફૂલની પાંખડી બની જાઉં,
સમાજનાં આ દાનયજ્ઞમાં માટીની કોયડી બની જવું,
કોઈકનાં જીવનને ઠારતી આંતરડી બની જાઉં,
કોઈકનાં હરખનાં આંસુથી છલકાતી આંખડી બની જાઉં...
ફૂલ નહીં તો ફૂલની પાંખડી બની જાઉં..

આપના ઘરે આવતાં શુભપ્રસંગે શ્રી સભાને યાદ કરી આપનાં હરખમાં સામિલ કરશોજી

- આપનો ચેક ‘Zalawadi Sabha Charitable Foundation’ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- થાનગઢ નિવાસી - હાલ-માટુંગા પ્રદિપભાઈ નટવરલાલ દોઢીવાળા, રેખાબેન પ્રદિપભાઈ દોઢીવાળાના આત્મશ્રેયાર્થે એમના ભત્રીજા - પૌત્ર તરફથી તેજસ-નીવ-અખિલ-મયુર રૂષભ. રિશિત-પંકિલ
- શ્રીમતી ચંદ્રમણીબેન નવિનચંદ્ર મણીયાર તરફથી (હાલ - સાંતાક્રુઝ)
- ભારતીબેન તથા મુકેશભાઈ શાહ લગ્નજીવનનાં ૪૦- વર્ષ પુર્ણ કર્યા તેની ખુશાલીમા કમળાબેન ઈન્દુલાલ સખીદાસ (ભાવનગર) તથા સરલાબેન ન્યાલચંદ શાહ બોટાદ નિવાસી (હાલ-બોરીવલી) પરિવાર તરફથી સુમન ગ્રુપ દારૂખાના
- ધાંગધ્રા નિવાસી - હાલ મુંબઈ-ઘાટકોપર અ.સૌ. કિંજલ ઋષભ શાહની ૮ મી લગ્ન જયંતિ નિમિત્તે હસ્તે નેહાબેન નલીનભાઈ શાહ
- વઢવાણ નિવાસી હાલ બોરીવલી શ્રી અમિતભાઈ હિંમતલાલ શાહ અને શ્રી નિમિષભાઈ હિંમતલાલ શાહ તરફથી તેઓના માતુશ્રી પૂજ્ય શારદાબેન હિંમતલાલ શાહ ના આત્મશ્રેયાર્થે
- Dr (Eye Surgeon) શ્રી કલ્પેશભાઈ જયંતિલાલ શાહ તરફથી લીંબડી નિવાસી (હાલ વિલેપાર્લા) પૂજ્ય પિતાશ્રી જયંતિલાલ રતિલાલ શાહના સ્મરણાર્થે

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન
## શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૧૨-૨૦૨૪ પછી મળેલ રકમની વિગત

**શ્રીમતી શારદાબેન ભોગીલાલ વોરા ચેરીટી ટ્રસ્ટ ૨૦,૦૦,૦૦૦/-**

## સાભાર સ્વીકાર

ધ્રાગંધ્રા નિવાસી (હાલ બોરીવલી) શ્રી યશવંતભાઈ વૃજલાલ શાહની માસિક પુણ્યતિથિ નિમિતે હ. રમીલાબેન યશવંતભાઈ શાહ (શ્રી સી.યુ.શાહ તબીબી રાહત ફંડ) રૂા. ૫૦૦૦/-

શ્રી મેડિક્લેમ યોજના ફંડ પ્રિમીયમ રૂા. ૫૦૦૦/-

શ્રી સી.યુ. શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ રૂા. ૫૦૦૦/-

શ્રી રાહત ફંડ સ્વધર્મી સન્માન યોજના રૂા. ૫૦૦૦/-

**કુલ રૂા. ૨૦,૦૦૦/-**

**પરમ પૂજ્ય સ્વ. શારદાબેન અમૃતલાલ તથા સ્વ. અમૃતલાલ લક્ષ્મીચંદ ગોપાણીના પુણ્યતિથિ નિમિતે**

શ્રી સી.યુ. શાહ તબીબી રાહત ફંડ રૂા.૨૬૦૧/-

**પરમ પૂજ્ય સ્વ. ઘેલીબેન લક્ષ્મીચંદ તથા સ્વ. લક્ષ્મીચંદ** ચતુરદાસ ગોપાણીની સ્મૃતિમાં પાણી પરબ ફંડ રૂા. ૫૦૧/-

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **જય — હિનલ** | | |
| શ્રી રાજીવ ચંદ્રકાંત શાહના સુપુત્ર સાવરકુંડલા નિવાસી (હાલ - દહિસર-વેસ્ટ) મુંબઈ<br>શ્રી રાજીવ જસવંતલાલ શાહની સુપુત્રી ધ્રાગંધ્રા નિવાસી (હાલ -કાંદિવલી -વેસ્ટ, મુંબઈ) | ૨૫૧૦ | ૨૫૧૦ |
| **આદિત — પૂજા** | | |
| શ્રી વિપુલભાઈ જયસુખલાલ શાહના સુપુત્ર નાગનેશ નિવાસી (હાલ-ઘાટકોપર (મુંબઈ)<br>શ્રી અભયભાઈ બાબુલાલ કુબડીયાની સુપુત્રી લાકડિયા નિવાસી (હાલ-પ્રભાદેવી, મુંબઈ) | ૨૨૦૦ | ૨૨૦૦ |
| **ઉમંગ — નિરાલી** | | |
| શ્રીમતી રીટાબેન કેતનભાઈ જશવંતલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ-અંધેરી)<br>શ્રીમતી દિપાબેન પરેશભાઈ મનસુખલાલ રૂપાણીની સુપુત્રી વિસાવદર નિવાસી (હાલ-મલાડ) | ૧૫૧૧ | ૧૫૧૧ |
| **સોહમ — અનિષા** | | |
| શ્રી સમીરભાઈ અમૃતલાલ શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ -વિલેપાર્લા)<br>શ્રી રમેશકુમાર ગોલેચાની સુપુત્રી ભાંવરી નિવાસી (હાલ - પાલી મારવાડ) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **આકાશ — પ્રિયલ** | | |
| શ્રી કમલેશભાઈ દેવિદાસભાઈ રાણાના સુપુત્ર તારાપુર નિવાસી (હાલ - મીરારોડ)<br>શ્રી વિપુલભાઈ રતિલાલ વોરાની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ-ઘાટકોપર) | ૬૦૦ | ૬૦૦ |
| **કલ્પક — આકાશી** | | |
| શ્રી તુષારભાઈ વિનોદચંદ્ર શાહના સુપુત્ર ધોલેરા નિવાસી (હાલ - ઘાટકોપર) મુંબઈ<br>શ્રી પિનલભાઈ જસવંતલાલ શાહની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ-કાંદિવલી - વેસ્ટ) મુંબઈ | ૫૧૧ | ૫૧૧ |
| **નિરવ — કૃતિકા** | | |
| શ્રી ભુપેન્દ્રભાઈ અમૃતલાલ ખંધારના સુપુત્ર ચોટીલા નિવાસી (હાલ - બોરીવલી)<br>શ્રી અશ્વિનભાઈ હિંમતલાલ ગોહિલની સુપુત્રી કલકત્તા નિવાસી (હાલ -કલકત્તા) | ૫૦૦ | ૫૦૦ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **ધર્મીલ-મૈત્રી** | | |
| શ્રી પરેશભાઈ નાનુભાઈ સંઘવીના સુપુત્ર ધ્રાગંધ્રા નિવાસી (હાલ - ઘાટકોપર)<br>શ્રી સંદિપભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (ડેલીવાળા)ના સુપુત્રી લીમડી નિવાસી (હાલ - અંધેરી) | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **મૈત્રીક-ઈશીતા** | | |
| શ્રી પ્રફુલભાઈ અમૃતલાલ દોશીના સુપુત્ર સેદરડા નિવાસી (હાલ - મુલુન્ડ)<br>શ્રી સંજયભાઈ પ્રતાપરાય શાહ (તુરખીયા)ની સુપુત્રી સુદામડા નિવાસી (હાલ - મલાડ) | ૧૧૧૧ | ૧૧૧૧ |
| **તીર્થ-હેતવી** | | |
| શ્રી વિકાસભાઈ નગીનભાઈ જોબાલીયાના સુપુત્ર નાગનેશ નિવાસી (હાલ - મુલુંડ)<br>શ્રી દિપકભાઈ પોપટલાલ પાસડની સુપુત્રી દેઢિયા નિવાસી (હાલ-મુલુંડ) | ૧૧૦૧ | ૧૧૦૧ |
| **કરણ-મૈત્રી** | | |
| શ્રી દિપકભાઈ ચંદ્રકાંતભાઈ શાહના સુપુત્ર ખોડુ નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી વિરેન્દ્રભાઈ વાડીલાલ પારેખની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ-વિલેપારલા) | ૧૧૦૦ | ૧૧૦૦ |

# જો જો આ સુંદર પૃથ્વીની સુંદરતા ન હણાય

અવંતિકા ગુણવંત

**આ**ચાર્ય શ્રી ચંદનાજીના દિવ્ય સ્વપ્ના વિશે હમણાં મેં વાંચ્યું. તેઓ લખે છે, ''મેં એક સ્વપ્ન જોયું, એક વિશાળ મંદિર હતું. મધ્યમાં સોનાના સિંહાસન પર સ્વયં ભગવાન બિરાજમાન હતા. લોકોની જબરજસ્ત ભીડ હતી. ભગવાનની પાસે લોકો લાઈનસર આવી રહ્યા હતા અને ભગવાન પાસેથી પોતાને મનોવાંછિત વરદાન માગી રહ્યા હતા. ભગવાન દરેકને એ જે માગે એ આપતા હતા. જેની જે ઈચ્છા હોય એ પૂરી કરતા હતા, જ્યારે ભગવાન આપી રહ્યા હોય ત્યારે શું કમી હોય? ધન-વૈભવ, પદપ્રતિષ્ઠા, રૂપ સૌંદર્ય, સુખ-સ્વાસ્થ્ય, પુત્ર પરિવાર જે માગે એ બધું મળતું હતું. બધા લાઈનમાં જોડાવા અધીરા બની રહ્યા હતા. પરંતુ એક વ્યક્તિ શાંત, સ્થિર અને ધીરગંભીર મુદ્રામાં એક બાજુ ખડી હતી. લાઈનમાં જોડાવા એ જરા પણ આગળ ન હતી વધતી. હું થોડીવાર એને જોતી જ રહી. પછી એની પાસે જઈને કહ્યું, ''વત્સ, તું અહીં કેમ ઊભો છે? જા લાઈનમાં જઈને ઊભો રહે, ઝટ તારો નંબર લગાવ. ભગવાન ખુદ છુટા હાથે વહેંચી રહ્યા છે અને દરેકેદરેક વ્યક્તિ મોટા મોટા પોટલા બાંધીને લઈ જાય છે એ જોતાં લાગે છે કે ભગવાન બધું ખલાસ કરી નાખશે. તું ખાલી હાથે રહીશ. ઝટ જાને તું, ભાઈ, લાઈનમાં ઊભા રહીને કઈક માગ, બીજું કંઈ નહીં તો છેવટે સુંદર રૂપાળો ચહેરો માગ તો તને સુંદર રૂપાળી જીવનસાથી મળે.



મેં વારંવાર એને કહ્યું, છતાં પણ એ માણસ તો એની જગ્યા પરથી જરાય હલ્યો નહીં. ત્યારે મેં નજીક જઈને એના ખભા પર હાથ મૂકીને પૂછ્યું, દીકરા, શું વાત છે? તું કેમ નથી જતો?'' ત્યારે એ માણસ હસ્યો અને બોલ્યો, ''મા હું ભગવાન પાસે કંઈ માગવા નથી આવ્યો, હું તો રાહ જોઉં છું કે જો ભગવાનનું કોઈ કામ હોય અને મને ચીંધે તો હું એ કામ કરી શકું.'' હું તો સ્તબ્ધ થઈ ગઈ.

મા ચંદનાજી લખે છે, મેં મારી જાતને એ માણસની પાછળ જોઈ. એ વખતે જ આકાશવાણી થઈ. પ્રભુની એ વાણી હતી કે તું મારું કામ કરવાની ઈચ્છા રાખે છે? તો સાંભળ, આ આખી સૃષ્ટિ મારું મંદિર છે એને સુરક્ષિત રાખો એને ક્યાંય ઘસરકો પણ ન આવવા દઈશ. આ સાંભળીને પેલો માણસ ભાવવિભોર થઈ ગયો એણે મને કહ્યું ''મા પ્રભુની ઈચ્છા છે કે એમની સૃષ્ટિના પ્રત્યેક ઘટક પૃથ્વી, પાણી, હવા, પશુ, પક્ષી દરેકેદરેક આનંદથી જીવે. માણસ એને તકલીફમાં મૂકીને એમનું જીવન બરબાદ ન કરે પ્રદૂષણ ના ફેલાવે એ જોવાની ફરજ આપણી છે. આપણું કર્તવ્ય છે.''

પેલા માણસના મુખે પ્રભુની ઈચ્છા જાણ્યા પછી મા ચંદનાજી પ્રભુની આ ઈચ્છા દરેકદરેક વ્યક્તિએ પહોંચાડવા પ્રયત્ન કરે છે, તે આ જગતને વધારે ને વધારે સુંદર બનાવવા પ્રયત્ન કરે છે.

આપણે નાના હતાં ત્યારે પેલી પ્રાર્થના ગાતાં હતાં ને કે ''મંદિર તારું વિશ્વ રૂપાળું'' ઈશ્વરે સર્જેલું એનું આ મંદિર રૂપાળું છે, એમાં પ્રતિપળ ઈશ્વરના દર્શન થાય છે. એનું સૌંદર્ય નષ્ટ ન થાય એ જોવાની આપણા સૌની ફરજ છે. આ નદીઓ, પહાડ, વૃક્ષો, હરિયાળી અને પૃથ્વી આપણા અજ્ઞાન અને બેદરકારીના લીધે પાયમાલ ના થવી જોઈએ. જીવન જીવવા માટે અતિ મહત્ત્વની ચીજો છે. હવા, પાણી ધરતી, આકાશ અને પ્રકાશ. એ માટે આપણે કોઈ કિંમત નથી ચૂકવતા અને આપણે અજ્ઞાનવશ આ વસ્તુઓ પ્રત્યે અનુગ્રહભાવ પણ નથી ધરાવતા. પ્રકૃતિનું આપણી પર કેટલું મોટું ઋણ છે એનો આપણને ખ્યાલ જ નથી. આ જગત સાથે, પ્રકૃતિ સાથે અને અન્ય માનવબંધુઓ સાથે ભાવાત્મક સંબંધ બંધાવો જોઈએ અને ઋણ અદા કરવું જોઈએ. આ સમગ્ર સૃષ્ટિ ઈશ્વરમય છે. વૈદિક ઋષિઓએ સ્વચ્છ જલાધારાઓ લઈને કલકલ કરતી દોડી આવતી નદીઓ જોઈ અને એમને થયું ઓહો! આ તો

ઈશ્વરની વહેતી કરુણા છે, સાક્ષાત્ માતૃસ્વરૂપ છે અને તેમણે નદીને લોકમાતા કહી. સમગ્ર સૃષ્ટિસાથએ આપણે ગાઢ નાતો છે, આપણે એક વિશ્વ વ્યાપક શક્તિની ગોદમાં છીએ એવી અનુભૂતિ આપણને થવી જોઈએ. જવાહરલાલ નેહરુએ કહ્યું છે, કુદરત સાથેનો સ્પર્શ નથી રહેતો ત્યારે રાષ્ટ્ર ક્ષીણ થાય છે, રાષ્ટ્રનો ક્ષય થાય છે. વાયુ આપણા હૃદયને સ્પર્શે છે અને આપણું આંતરબાહ્ય જાગૃત થઈ ઊઠે છે. આપણા કાનમાં એનું સંગીત ગૂંજે છે. વૃક્ષ આપણને કુદરતની કૃપાનો પરિચય કરાવે છે, ઈશ્વરની નિકટતાનો અહેસાસ કરાવે છે. ભગવાન બુદ્ધને વૃક્ષની છાયામાં જ બોધિજ્ઞાન પ્રાપ્ત થયું હતું ને! કવિઓ કહે છે, પહાડ, નદી, વૃક્ષ, મેઘ અને આસમાન ઉદાત્તતા અને વિરાટતાનો અનુભવ કરાવે છે ત્યારે જો આપણું દિલ ખુલ્લુ હોય તો ભગવદ્ભાવ, સદ્ભાવ દિલને છલકાવી દે છે. હૃદયમન પ્રસન્ન થઈ ઊઠે છે. આપણી આસપાસની આ સુંદરતા, દિવ્યતા આપણને મળેલો અદ્ભુત વારસો છે, વરદાન છે. ત્યાગવૃત્તિથી આપણે એને પામવાનો છે, એની પર અધિકાર નથી ભોગવવાનો. આ સૃષ્ટિ આપણા એકલાની નથી પૃથ્વી પર વસનાર દરેકેદરેક જીવની છે, તેને સાચવવાની ફરજ આપણા સૌની છે. આ વિચારસરણી આપણી ભારતીય જીવનપદ્ધતિ સાથે કેવી એકરૂપ થઈ ગઈ છે. સવારના પહોરમાં પંખીઓને ચણ નાખો, તુલસીક્યારે પાણી રેડો, ગાય-કૂતરાને રોટલા-રોટલી નાખો, બકરાં-વાંદરાને પણ ભૂખ્યા તો ન જ રખાય અને આંગણે આવેલા અભ્યાગતને જાકારો ન દેવાય. આપો, આપો, આપો અને વહેંચીને ખાઓ. આપણી વાર્તાઓમાં આવતા ચાંદામામા, સૂરજદાદા, નાગદેવતા, વાઘમામા, બકરીબહેન, ચકીરાણી જેવાં પાત્રો આપણા સાથે કેવું તાદાત્મ્ય સાધે છે. બાળપણમાં સાંભળેલી એ વાર્તાઓ, એ ભાવ કદી ભુલાતા નથી. આ સૃષ્ટિનો આપણો એક હિસ્સો છીએ, સૃષ્ટિને નુકસાન થશે તો આપણે નહીં બચી શકીએ, એ વાત કાયમ યાદ રાખવાની છે. ઈશ્વરનો આ જ આદેશ છે, આ જ ઈચ્છા છે.

---

## સુખ હોય કે દુઃખ - આનંદથી સ્વીકારો

લુકમાન ખુદાપરસ્ત બંદા હતા. અલ્લા તરફની તેમની પ્રીતિ બહુ ગાઢ હતી. ધર્મનું પાલન તો એ કરતા જ હતા, પણ તે ઉપરાંત તેમના સંસ્કારો બહુ ઊંચા હતા. તેમનું નીતિ-સદાચારનું પાલન ચુસ્ત હતું. તેઓ એક ધનવાન શેઠને ત્યાં નોકરી કરતા હતા. શેઠ પર લુકમાનના ગુણોનો ભારે પ્રભાવ પડ્યો હતો. શેઠ લુકમાનને અંતરથી ચાહતા અને માન આપતા.

શેઠે એક નિયમ રાખ્યો હતો. તેમને માટે ખાવાનો કોઈ પદાર્થ આવે ત્યારે શેઠ પહેલાં તે લુકમાનને આપતા. લુકમાન ધરાઈને ખાઈ લે પછી બાકી રહેલી ચીજ શેઠ ખાતા. એક દિવસ તરબૂચની સિઝનમાં શેઠ માટે તરબૂજ આવ્યું. લુકમાન ત્યારે નહોતા. તેથી લુકમાનને બોલાવવા શેઠે માણસ મોકલ્યો. લુકમાન આવ્યા પછી શેઠે તરબૂચની ચીરીઓ કાપવા માંડી અને એક પછી એક ચીરી પ્રેમથી લુકમાનને ખાવા માટે આપતા ગયા. શેઠ મનોમન રાજી થતા હતા કે મીઠું તરબૂચ ખાઈ લુકમાનને આનંદ ને સંતોષ થતો હશે. લુકમાન તરબૂચ ખાતા જતા હતા. અને આભાર માનતા જતા હતા.

છેલ્લે એક ચીરી રહી ત્યારે શેઠે એ ચીરી ચાખવા માટે લીધી. તેમને જાણવું હતું કે તરબૂચ કેટલું મીઠું હતું અને લુકમાનની આંતરડી કેવી ઠરી હશે? પણ ચીરી મોઢામાં મૂકતાં જ શેઠે થૂ થૂ કરી કાઢી નાખી. તરબૂચની ચીરી એટલી કડવી હતી કે શેઠની જીભથી ગળા સુધી કડવાશને કારણે છાલાં પડી ગયાં અને શેઠ બેભાન થઈ ગયા.

ભાનમાં આવ્યા ત્યારે શેઠે લુકમાનને પૂછ્યું, ‘મારા વ્હાલા લુકમાન, તમે કઈ રીતે આ તરબૂચ ગળા નીચે ઉતાર્યું. મારે તરબૂચ ખાવું ન પડે તે માટે જ તમે બધી ચીરીઓ ખાતા રહ્યા. મને એક ચીરી ખાતાં આટલી પીડા થઈ ત્યારે આટલી બધી ચીરીઓ ખાતાં તમને શુંનું શું થયે થયું હશે! આવું શા માટે કર્યું?

લુકમાને જવાબ આપ્યો, ‘શેઠસાહેબ, તમારા હાથે અનેક મીઠી વસ્તુઓ ખાધી છે. તેના આભારના ભારથી મારી કમર વાંકી વળી ગઈ છે. તે જ હાથ જ્યારે એક કડવી વસ્તુ આપે તેની હું અવહેલના કરું તો મારે માટે તે શરમની વાત ગણાય. એટલે તમારું આપેલું તરબૂચ હું પ્રેમ અને સંતોષથી ખાઈ ગયો.

ખુદા આપણને અનેક સારી વસ્તુઓ આપે છે. તે આપણે આનંદથી ભોગવીએ છીએ. સુખ આપે છે તે માણીએ છીએ પણ કોઈ વાર કંઈ દુર્ઘટના બની જાય કે દુ:ખ આવી પડે તો તરત આપણે નગુણા અને આકળા થઈ જઈએ છીએ. સુખ હોય કે દુ:ખ દરેક હાલતનો આનંદથી સ્વીકાર કરવો જોઈએ, કારણ કે બંનેમાંથી કંઈક શીખવાનું ને મેળવવાનું હોય છે.’

(સાભાર)

# રમતની મજા !

ભૂપત વડોદરિયા

પચાવન વર્ષના એક ગૃહસ્થે પોતાના એક મિત્રને લખ્યું : ''તમે મુંબઈ ગયા અને અમે દેશમાં જ રહી ગયા. તમે ઘણી પ્રગતિ કરી, જ્યારે અમે કશું કરી શક્યા નહીં. ખેર, હવે કેટલાં વર્ષો બાકી ? પાકા ઘડા પર કાંઈ કાંઠા ન ચડે. તમારી પ્રગતિ અને નામનાનો ખ્યાલ કરીએ ત્યારે લાગે છે કે અમારા વર્ષો તો પાણીમાં જ ગયાં !''

આવો વસવસો ઘણી બધી વ્યક્તિઓ કરે છે. પણ એવી વ્યક્તિઓ પોતાની આ લાગણીને વાચા આપવાનું ટાળે છે. આ ગૃહસ્થે નિખાલસ કબુલાતના સૂરમાં આવું નિવેદન કર્યું છે. બીજી વ્યક્તિઓ પોતાના મનની અંદર આવી કબુલાત વખતોવખત કરે છે, પણ તે હોઠ પર પ્રગટ ન કરે કે પત્રમાં વ્યક્ત ન કરે.

મુંબઈમાં વસતા મિત્રે આ ગૃહસ્થને જવાબ લખ્યો. જવાબ વાંચીને ગૃહસ્થને એટલી બધી રાહત થઈ કે જાણે કોઈએ મોટી બદનામીમાંથી પોતાને ઉગારી લીધા ન હોય !

મુંબઈ વસતા મિત્રે જવાબમાં લખ્યું હતું, ''ભલા માણસ, આ તમારો કઈ જાતનો હિસાબ ? 'પ્રગતિ', 'પ્રતિષ્ઠા' કે 'સફળતા' આ બદી એવી બાબતો છે કે તેનું કોઈ એક જ ખાનું નથી.

આ એક મથાળા નીચે સત્તર વિભાગ પાડવા પડે અને કોઈ પણ પાંચ વિભાગમાં પણ પાસ માર્ક ન મળે એવું બને !

દોસ્તી દાવે એક વાત કહું : મારી પ્રગતિ, પ્રતિષ્ઠા અને સફળતા તમને મુબારક કરવા હું તૈયાર છું ! તમારું કૌટુંબિક સુખ મને આપી દો અને મારી જાહેર પ્રતિષ્ઠા તમે લઈ જાઓ ! તમને સારું લગાડવા માટે આ લખતો નથી. હું જાણું છું કે આવું બધું અદલાબદલી થઈ શકતું નથી. તમારું કૌટુંબિક સુખ મારી પ્રખ્યાતિના બદલામાં મને મળી શકે નહીં અને તમે ઈચ્છો તો પણ તમારા સુખના બદલામાં તમને ખ્યાતિ મળી ન શકે. પણ તમને મારે એક વાત ખાસ કહેવી છે. ફૂલનો છોડ સુગંધ ફેલાવે તેટલું બસ છે. તે એવો અફસોસ કરે કે હું કોઈને છાંયડો આપી શકતો નથી, તો તે કેટલું વિચિત્ર લાગે ? ફૂલનો છોડ એવો વિચાર કરે કે મારી તબિયત કેટલી નાજુક, ઝાડનું થડ જુઓ, તેની શાખાઓ જુઓ, તેનાં પાન જુઓ ! ફૂલના છોડે ઝાડની ઈર્ષા કરવી નકામી એટલે કે બિનજરૂરી છે અને ઝાડ પણ ફૂલના છોડની ઈર્ષા કરે તે ખોટું છે.''

વાત તો સાચી છે. કોઈક સુગંધ આપે, કોઈ છાંયડો આપે, કોઈ ફળ આપે-ખબર નથી પડતી કોના ભાગે શું કરવાનું આવે છે ! કોણ જિંદગીમાં શું આપી શકે છે અને શું પામી શકે છે ! વેપાર કે નોકરીનાં નફા-નુકસાનની રીતે જિંદગીનો હિસાબ માંડી શકાતો નથી. કેટલીક વાર એવું બને કે બહારથી જે જિંદગી ભપકાદાર દેખાતી હોય તે અંદરખાને તદ્દન ખાલીખમ હોય. એવી રીતે એવું પણ આપણે જોઈએ છીએ કે બહારથી જે જિંદગી તદ્દન બેકાર અને નિષ્ફળ દેખાતી હોય તેની અંદર જિંદગીના બધા જ રસકસ ભરપૂર હોય !

તમને એવું લાગે કે તમારું કામ એળે જઈ રહ્યું છે, તમારું જીવન વેડફાઈ રહ્યું છે તો તમે તમારી 'અદાકારી' બદલી શકો છો, તેને બહેતર કે જુદી જાતની બનાવી શકો છો.

હાસ્યમાં સાચો રણકો પ્રગટાવી શકો છો અને આંસુમાં સચ્ચાઈનું મોતી ટાંકી શકો છો. પણ માણસની વીતેલી જિંદગી પસ્તીનો ઢેર નથી અને એનો હિસાબ પસ્તીના ભાવે માંડી શકાય નહીં. પ્રત્યેક આવતી કાલની મૂઠીમાં કાંઈક હોઈ શકે છે. તમે કાચનો ટુકડો ધારી લો અને હીરો નીકળી પડે તેવું બની શકે છે અને તમે હીરો માનીને મૂઠી ખિસ્સામાં સંતાડો પણ છેવટે તો તે કાચનો ટુકડો સાબિત થાય એવું પણ બની શકે છે. રમતની મજા જેમ હારજીતથી અલગ રહીને બરાબર રમવામાં છે તેમ જિંદગીની મજા પણ સફળતા નિષ્ફળતા ખ્યાલને ઓળંગીને બરાબર જીવવામાં છે.

વર્ષો પાણીમાં પડી ગયાં અને બીજાનાં વર્ષો વીમાની પૉલિસી બનીને મજરે મળી ગયાં એવું માની લેવાની જરૂર નથી. તમને તદ્દન નિષ્ફળ લાગેલી તમારી જિંદગી એક ખાણ બનીને સોનું આપી શકે તેવું બને કેટલાક લેખકોની બાબતમાં આવું બન્યું છે - હરમાન હેસ, સમરસેટ મોમ, વિલિયમ ફોકનર જેવા એકમેકથી સાવ જુદા લેખકોની બાબતમાં આવું બન્યું છે. વીતેલી જિંદગીની નિષ્ફળતા એક મોટી અબરખની ખાણ બને અને કીર્તિ ચમકાવે એવું બીજા કેટલાકની બાબતમાં બન્યું છે.

સર્વાન્ટીસ, દોસ્તોવસ્કી, હરમાન મેલ્વીસ તેના દાખલા છે. કેટલાક માણસોની નિષ્ફળ જિંદગીના છેડા પર તેમના સફળ સંતાનો મેઘધનુષ્યની કમાનો રચે અને આમાં ખરેખર કોનો ચમત્કાર છે તેની જ નવાઈ લાગે એવું પણ બન્યું છે.

તમે તમારી જાતને નિષ્ફળ જાહેર કરશો તો તમને બીજા કોઈએ આપેલાં સફળતાનાં બધાં પ્રમાણપત્રો નકામાં છે. ગમે તેવી પીછેહઠને પાછળ નાખીને તમે આગળ જવાનો ખુશમિજાજ કેળવી શકો તો સંભવ છે તમારી ભૂખ ભાંગે અને તમારો જખમ રૂઝાઈ જાય એવી વનસ્પતિ તમને મળી જાય !

❖❖❖

# જેના હૈયે હોય કરુણા એને બારે માસ દીપોત્સવ

પ.પૂ.આ.ભ.
શ્રી રાજરત્નસૂરિશ્વરજી મહારાજ

બિલોરી કાચ!! એની એક વિશેષતા છે કે નાનકડી ચીજનેય એ મોટી દર્શાવે. અક્ષર ભલે ને સાવ નાનકડો હોય, પરંતુ એના પર જ્યારે એ બિલોરી કાચ ધરી દેવાય છે ત્યારે એનું સ્વરૂપ એવું 'એન્લાર્જ' થઈ જાય છે કે નબળી દૃષ્ટિ ધરાવતી વૃદ્ધ વ્યક્તિય એને સરળતાથી વાંચી શકે...

બ્લોટિંગ પેપર!! 'એન્લાર્જમેન્ટ'ની એનામાંય એક આગવી વિશેષતા છે. શાહીનું બુંદ ભલે ને સાવ જ નાનકડું એના પર પડ્યું હોય તોય એ એને ચંદક્ષણોમાં એટલું વિસ્તૃત બનાવે દે છે કે એ સૌ કોઈની નજરમાં ઝડપાયા વિના ન રહે...

'એન્લાર્જમેન્ટ'ની જેવી કમાલ આ બિલોરી કાચની અને બ્લોટિંગ પેપરની છે. એવી જ કમાલ સંવેદનશીલ હૈયાની કરુણાની છે. હૈયામાં જ્યારે કરુણાભાવના - અન્યોનાં દુ:ખ દૂર કરવાની તમન્ના છલકાતી હોય છે ત્યારે સામેની દુ:ખી વ્યક્તિના નાનકડાં પણ દુ:ખ એ કરુણાશીલ વ્યક્તિને મોટાં લાગે છે. સામી વ્યક્તિને મન ભલે ને કદાચ પોતાનું દુ:ખ સહ્ય હોય તોય કરુણાવંત વ્યક્તિને એ દુ:ખ અસહ્ય લાગે. સામી વ્યક્તિને મન ભલે ને કદાચ એ દુ:ખ જીવન-મરણના પ્રશ્ન જેવું ન પણ હોય તોય કરુણાદ્ર વ્યક્તિને એ દુ:ખ જીવન-મરણના પ્રશ્ન જેવું લાગે. પરિણામ ? પરિણામ એ આવે કે પછી એ સામી વ્યક્તિનાં દુ:ખને મિટાવવા-હટાવવા પૂરી તાકાતથી મચી પડે!!

યાદ રહે કે બિલોરી કાચ કે બ્લોટિંગ પેપરની 'એન્લાર્જમેન્ટ'ની તાકાત જેટલી લાજવાબ-પ્રશસ્ય નથી એટલી લાજવાબ-પ્રશસ્ય તાકાત કરુણાભાવનાની છે, કારણકે એનાથી તો અન્યના જીવનમાં અમાવસ્યાના અંધકારના સ્થાને પૂર્ણિમાનો પ્રકાશ પથરાઈ શકે છે અને... એટલે જ આ લાજવાબ કરુણાભાવનાની યાચના સ્વયં પરમાત્મા પાસે કરાય છે. વાંચો, દક્ષિણી સંત રામાલિંગ સ્વામીની આ હૃદયસ્પર્શી પ્રભુ પ્રાર્થના :

મારા જીવનનો માર્ગ અને કરુણા :<br>
બેય એક,<br>
ક્યાંયથી એ જુદાં ન પડે.<br>
કરુણા ઓસરે એ ઘડીએ મારું મૃત્યુ.<br>
તારા ચરણકમલના સોગંદ.

જે કરુણા જીવનની ક્ષણેક્ષણ સાથે એકરૂપ રહે - ઝગમગતી રહે એવી કામના વ્યક્ત કરાઈ છે એ કરુણાના કારણે સામી વ્યક્તિનાં દુ:ખને મિટાવવા-હટાવવામાં કેટલી હદે દિલચસ્પી જાગે એ જાણવું છે ? તો વાંચો આ સત્ય ઘટના :

હિંદી ભાષાના શીર્ષસ્થ કવિ સૂર્યકાતં ત્રિપાઠી!! કવિ નિરાલાજીના નામે વિખ્યાતિને વરેલા તેઓ કવિ તરીકે જેમ મહાન હતા એમ કરુણાશીલ તરીકેય મહાન હતા. કોઈનુંય દુ:ખ નિહાળે ને એમને એ એવું મોટું - 'એન્લાર્જ' લાગે કે એમનું અંતર દ્રવી જાય. એ પોતાનાથી શક્ય બધી સહાય કરવા તૈયાર થઈ જાય.

એક દિવસની વાત. ભરબપોરે કાળ-ઝાળ ગરમી વચ્ચે એ ઘરમાં આરામની તૈયારી કરી રહ્યા હતા. ત્યાં અચાનક એમની દૃષ્ટિ બારી દ્વારા રાજમાર્ગ પર ગઈ. ત્યાં ધોમધખતા તાપમાં માથે ભાર ઉપાડીને ખુલ્લે પગે ચાલ્યો જતો મજૂર એમણે નિહાળ્યો!! એ દ્રવી ઊઠ્યા : પાપી પેટના કારણે આ બંધુને કેવી કારમી વેઠ કરવી પડે છે!! જે ગરમીમાં બહાર નીકળવાનુંય મન ન થાય એ ગરમીમાં આ પરસેવે રેબઝેબ થઈને કેવો દુ:ખી થઈ રહ્યો છે. લાવ, એમને સહાય કરું.

અને... એ પેલા તદ્દન અજનબી માનવીને સહાયરૂપ બનવા દોડી ગયા. પેલા ગરીબ માનવીના માથેથી ભાર ઉતારાવીને એને આગ્રહપૂર્વક પોતાના ઘરે લઈ ગયા. એને ભોજન તો કરાવ્યું, ઉપરાંત વસ્ત્રો-મોજાં-છત્રી વગેરે અને રોકડ રકમ પણ આપી!! પેલો માનવી આ બધી સહાયથી સંકોચ પામી ગયો. એ લજ્જાથી-આભારથી ઝૂકી જતાં બોલ્યો: 'આટલું બધું શા માટે ? તમે મને પહેચાનતા તો નથી.'

તરત નિરાલાજીએ લાગણીસભર ઉત્તર આપ્યો : 'ભાઈ! હું તમને જરૂર પહોંચાનું છું. તમે મારા ક્રોડો માનવબંધુઓમાંના એક છો, એ જ એકમાત્ર પહેચાનથી મેં તમને આ અર્પણ કર્યું છે. એ તમારા દુ:ખને દૂર કરવા માટે નહિ, મારા દિલને સુખી કરવા આપ્યું છે. તમે જો એ નહિ સ્વીકારો તો મારું દિલ દુ:ખી થઈ જશે!!' પેલો ગરીબ માનવી તો સ્તબ્ધ જ થઈ ગયો. આ માનવીના દેહમાં રહેલ ફરિશ્તાની વાતથી...

છેલ્લે એક વાત : જે વ્યક્તિના અંતરમાં આવી કરુણા છલકતી હોય છે એનું સ્મિત તો શણગાર બને છે, પણ એનાં આંસુય અલંકાર બની જાય છે!! પેલી પંક્તિમાં એટલે જ લખાયું છે કે :

*આંસુ એના જ્યોતનો વૈભવ,*<br>
*આશા એની આસોપાલવ;*<br>
*જેના હૈયે હોય કરુણા*<br>
*એને બારે માસ દીપોત્સવ.*

❖❖❖


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ
એમ્પલ હોલિડેઝ ના સથવારે પ્રસ્તુત કરે છે
આપણી પ્રથમ આંતરરાષ્ટ્રીય ટુર !
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
BAKU + GABALA WITH SHAHDAG
AZERBAIJAN - 7 DAYS TOUR
30th May 2025
₹1,16,500/-*
PP on Twin Sharing
HEYDAR ALIYEV CENTER
GALA DINNER WITH BELLY DANCE
FIRE MOUNTAIN YANARDANG
• અમારા રાજસ્થાની મહારાજ દ્વારા તૈયાર કરવામાં આવેલ ભોજન (વેજ અને જૈન)
• બેલી ડાન્સ સાથે ગાલા ડિનર
• ફ્નીક્યુલર રાઈડ
• નિઝામી શેરી
• ટૂર ના માલિક અનુભવી અમિત શાહ સાથે.
પેકેજ મા સામવેશ:
• બુલેવાર્ડ મેરિયોટ અને કાફાક રિવરસાઇડ માં રોકાણ
• આપણા પોતાના રાજસ્થાની મહારાજ દ્વારા વેજ અને જૈન ભોજન
• સ્થાનિક પીણાં સાથે 1 રાત્રિનું ગાલા ડિનર
• બેલી ડાન્સ
• વર્લ્ડ ક્લાસ એરલાઈન્સ દ્વારા મુસાફરી
• વિઝા
જોવાલાયક સ્થળો:
• લિટલ વેનિસ બોટ
• હાઈલેન્ડ પાર્ક
• ઓલ્ડ સિટી ટૂર
• નિઝામી સ્ટ્રીટ
• હૈદર અલીયેવ સેન્ટર
• અતેશગાહ (ફાયર ટેમ્પલ)
• ફાયર માઉન્ટેન, યાનાર્દાગ
• શાહદાગ રોલર કોસ્ટર
• ગબાલા કેબલ કાર
• નોહુર લેક
• ગેનક્લિક મોલ
• ગોબુસ્તાન મડ વોલ્કેનો
• ફ્નીક્યુલર રાઈડ
Delicious Cuisines (Veg & Jain) by Our Own RAJASTHANI MAHARAJ
Tour Inclusive of International & Domestic Air Fare*
Accompanied by English Speaking Experienced Tour Coordinator
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at 5-Star Luxurious Hotels
For Booking Contact AMMPAL HOLIDAYS
For Booking Contact Specialist in International & Domestic Tour Packages
AMIT SHAH 9833082820 | 8291099100
FOR ANY OTHER QUERIES CONTACT
HON. SECRETARY
Smt. Manishaben M. Shah 9820296965
Atulbhai A. Shah 9820148673
Anilbhai H. Sanghvi 9821096328
JOINT SECRETARY
Mukeshbhai R. Shah 9819183325
Niravbhai P. Doshi 9820823400
Advt.

# શ્રી બૃહદ મુંબઈ ઝાલાવાડી સ્થાનકવાસી મહિલા મંડળોની

# પંચગિની પિકનીકનો પમરાટ







તા. ૬ જાન્યુઆરી થી ૯ જાન્યુઆરી ૨૦૨૫ નાં ચાર દિવસનો આ યાત્રાપ્રવાસ ખૂબ ખૂબ સફળ રહ્યો હતો. મુંબઈનાં દરેક કેંદ્રોમાંથી મળીને ટોટલ ૭૫ સભ્ય મેમ્બરો આમાં જોડાયા હતાં અને નાદુરસ્ત તબિયત રહેતી હોવા છતાં બધાંની સાથે આનંદ માણવા શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા પણ સહુની સાથે રહ્યા અને ખૂબ આનંદ માણ્યો.

પિકનીકની શરૂઆત આરામદાયક AC બસમાં સેન્ટ્રલ અને વેસ્ટર્ન બન્ને પરાથી સવારે પાંચ વાગે થઈ હતી. ત્યાંથી આપણી લોનાવલા સેનેટોરિયમમાં લગભગ સાડા આઠ વાગે પહોંચી ખૂબ જ સુંદર નવકારશીની વ્યવસ્થા કરેલ હતી. ત્યાંથી પ્રયાણ કરી દોઢ વાગે પંચગીની સેનેટોરિયમમાં સહુ પહોંચ્યા. બસમાં ખૂબજ ધમાલ-મસ્તી-ગેમ્સ-અંતાક્ષરી રમતાં રમતાં પ્રવાસ ખૂબ આનંદદાયક રહ્યો.

સોમવારે સાંજે મેપ્રો ગાર્ડન ગયા અને ત્યાંથી જ શોપિંગની શરૂઆત થઈ ગઈ હતી. રાત્રે જમીને સહુ ગેમ્સ રમાડવામાં આવી. જેમાં હાઉઝીમાં બધાને રમવાની મજા આવી.

મંગળવારે સવારે બ્રેકફાસ્ટ આદિ કરી સહુને રેડ એન્ડ બ્લેકનો ડ્રેસકોડ આપવામાં આવ્યો હતો. અને સુંદર મજાનાં ફોટો સેશન રાખવામાં આવેલ જેમાં દરેક મેમ્બરને ઝરીવાળી કેપ, આઈ માસ્ક અને ફૂલોનાં આભુષણો આપવામાં આવ્યા હતાં. નાના મોટાં સહુએ આમાં ખૂબ ઉત્સાહ દાખવ્યો હતો અને સુંદર ફોટાઓ પડાવ્યા હતાં. બપોરે સહુના સરપ્રાઈઝ વચ્ચે સભાનાં ટ્રસ્ટી શ્રીમતી મનીષાબેન મીનેશભાઈ શાહે સરપ્રાઈઝ એન્ટ્રી આપી સહુને આનંદિત કરી દીધા હતાં. સાંજે પાંચ વાગ્યાથી સ્વાગત અને સન્માનનો કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં સહુને (દરેક મેમ્બર્સને) તેમનાં કેંદ્રનાં નામ પ્રમાણે 'સેસ' પહેરવા આપ્યા હતાં. શ્રીમતી મનીષાબેનનું ગોલ્ડન દુપટ્ટાથી સન્માન કર્યું.

બૃહદમુંબઈનાં વિદાય લેતાં પ્રમુખ શ્રીમતી ચારૂબેન દોશીને સન્માન કરી સફળતાપૂર્વક બે વર્ષ પૂરા કર્યાનો આભાર અને ૨૦૨૫-૨૦૨૭ નાં બૃહદમુંબઈના આવતાં પ્રમુખ શ્રીમતી નલિનીબેન શાહને અભિનંદન આપી બંનેને ટીયારા પહેરાવી નવાજ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રીમતી મીરાબેન શાહે સહુનું સ્વાગત સુંદર શબ્દોમાં કર્યું હતું. શ્રીમતી મનીષાબેને તેમનાં ઉત્સાહભર્યા ઉદ્‌ગારોથી Women empowerment દરેક ક્ષેત્રમાં આગળ વધવાની સહુને હિંમત અને હામ આપ્યા હતાં. અને ડિજીટલ ક્ષેત્રમાં હજુ નાની બહેનો, દીકરીઓ, વહુઓને આગળ આવવા માટે આવ્હાન આપ્યું હતું. નવા પ્રમુખ શ્રીમતી નલિનીબેને આવનાર તેમનાં બે વર્ષમાં નવા કાર્યક્રમો લાવશે એવી બાંહેધરી આપેલ હતી. સહુની આભારવિધી શ્રીમતી સોનલબેન કોઠારીએ કરી હતી. આ સમસ્ત કાર્યક્રમનું સંચાલન શ્રીમતી હીનાબેન પારેખે સરસ રીતે કરેલ હતું. આ કાર્યક્રમ દરમ્યાન સહુએ મકાઈનાં ગરમાગરમ ભૂટ્ટાની મોજ માણી હતી. રાત્રે મ્યુઝીકલ પ્રોગ્રામ લાઈવ સીંગર બોલાવેલ હતાં જેમણે જુના ગીતોની લહાણ પીરસી હતી અને નવાઈની વાત એ





Advt.





હતી કે સહુને ગરબા નહીં પણ ડાંસ જ કરવા હતાં એટલી ગીતોની મજા માણવામાં સહુ ભાવવિભોર બની ગયા હતાં. અને રાત્રીની આ ગુલાબી ઠંડીમાં મ્યુઝીક સાથે મસાલા કઢિયલ દૂધની મોજ જ અલગ હતી.



બુધવારે સવારે આરામદાયક ખુશનુમા સવાર સાથે જલ્દી જલ્દી બપોરનું ભોજન પતાવી સહુને મહાબળેશ્વર લઈ જવામાં આવ્યા હતાં ત્યાં સહુએ ભરપૂર શોપિંગનો આનંદ લીધો. પરત આવી જમીને રાત્રે મ્યુઝીકલ અંતાક્ષરીએ બધાનાં મન મોહી લીધાં.

આ પિકનીકની ખાસ વાતો રોજનાં જમવામાં બંને ટાઈમ એક મીઠાઈ - બે ફરસાણ રોજનાં નીતનવા મેન્યુ, પ્રથમ રાત્રે સ્ટ્રોબેરી વિથ ક્રિમ, બીજે દિવસે રાત્રે કઢિયલ દૂધ, ત્રીજે દિવસે રાત્રે સ્ટ્રોબેરી આઈસ્ક્રીમ.

આ પિકનીકમાં ૨૦ થી ૨૫ યંગ દિકરી - વહુઓ આવેલ હતી તેથી ગેમ્સ આદિ રમાડવામાં મજા આવી.



- મંગળવારે આઠમ હોવાથી આખો દિવસ તિથીનું ટેસ્ટફૂલ જમવાનું.
- બધાં પ્રમુખોની ઉપસ્થિતીએ પિકનીક શોભાયમાન રહી.
- પિકનીક માટે મેમ્બર દીઠ ૭૦૦૦ રૂા લીધેલ હતાં. જેમાંથી ૧૨૫૦/- રૂપિયા દરેકને પરત આપવામાં આવ્યા હતાં.
- આવતા વર્ષે ફરી આવી સુંદર પિકનીકનાં આયોજન કરવા સહુનો પ્રેમભર્યો આગ્રહ...



અને, આ સફળ આયોજનમાં સહુથી અગ્રેસર ફાળો શ્રીમતી મીરાબેન શાહ તેમ જ શ્રીમતી સોનલબેન કોઠારીનો રહ્યો હતો.

મેમ્બરોનાં સાથ-સહકારથી જ આ પિકનીક આટલી સફળ રહી તેવાં સસ્મિત શબ્દો તેમણે તેમની આભારવિધીમાં આપ્યાં હતાં.

આની સફળતાનાં શ્રેયમાં શ્રી પંકજભાઈ સંઘવી, શ્રીમતી મનીષાબેન શાહ તથા શ્રી અશોકભાઈ તુરખીયાનો ખાસ ખાસ આભાર બૃહદ મુંબઈ મહિલા મંડળ વ્યક્ત કરે છે.




Advt.


VELVET VACATIONS
VEG
JAIN
10N|11D
VIETNAM WITH SAPA
Mar: 07, 16 | Apr: 06, 20 | May: 04, 18
7N|8D
BAKU
Mar: 14, 21, 28 | Apr: 04, 11, 18, 25 | May: 02, 09, 16, 23
9N|10D
BEAUTY OF EUROPE
Apr: 22 | May: 02, 12, 22 | Jun: 01, 11, 21
16N|17D
BEST OF EUROPE
Apr: 16, 23 | May: 02, 10, 19, 27 | Jun: 05, 22
15N|16D
SCANDINAVIA
Jun: 18 | Jul: 05
9N|10D
RUSSIA
Feb: 09,20 | Mar: 03, 16
11N|12D
JEWELS OF BALTIC WITH POLAND
Jun: 03, 17
15N|16D
VEG
JAIN
CENTRAL EUROPE WITH CROATIA
May: 15 | Jun: 01
Velvet Vacations By: NOVEX COMMUNICATIONS
VELVET VACATIONS
www.velvetvacations.in
અમિત +91 99208 87058 | અનુજ +91 83558 51053 | શ્વેતલ +91 86526 48223
કમલેશ +91 81080 12096 | ચેતન +91 81080 13951 | હરેશ +91 83558 51057

Advt.

# સફળતા

પંન્યાસ ઉદયકીર્તિસાગર

'અરેરે, આ કામ તો મારાથી કેમ થશે ?'

'ના, ભાઈ, ના ! આપણાં તો ગજાં નહિ !'

'બાપરે, કામ જ એવું છે કે સાંભળીને આપણાં તો ગાત્રો જ થીજી ગયાં !'

'મારામાં એવું સામર્થ્ય નથી હોં !'

'એક વાત કહું ?'

'કહો.'

'આ કામ બીજાને સોંપો, હું હાથ જોડું છું.'

-આવાં અને આ પ્રકારનાં બીજાં વાક્યો કોઈના મુખે સાંભળવા મળે ત્યારે સમજી લેવું કે ભાઈ લઘુતાગ્રંથિથી પીડાય છે અને મૂળભૂત રીતે કામ કરવાની ઈચ્છા જ એમના મનમાં પ્રગટ થઈ નથી. કાં તો પછી એમનામાં જે શક્તિઓ પડેલી છે, એનો સાચો અંદાજ એ લગાવી શક્યા નથી ! ઘણીવાર માણસ પોતાની જાતને જ ઓળખતો નથી હોતો !

અંદર શક્તિનો ખજાનો છુપાઈને પડ્યો હોય તો ય એ કહેશે : 'આપણું તો ગજું જ નહિ !'

છે, ગજું છે, તાકાત છે, સામર્થ્ય છે, પણ એ સામર્થ્યને તમે ઓળખ્યું નથી. ગજવામાં કોટિ મૂલ્યનો હીરો પડ્યો છે પણ માણસ એને ઓળખતો નથી. એને માત્ર કાચનો કટકો જ માને છે, ને પછી પોતાની જાતને 'લાચાર' 'ગરીબ' 'અશક્ત' માન્યા કરે છે !

રોમેરોમમાં શૌર્ય છલકાતું હોય એવા માણસો કેટલા ? છાતીમાં સામર્થ્યનો પહાડ રાખીને ફરતા હોય એવા થનગનિયા માણસો કેટલા ?

શબ્દેશબ્દે ઉત્સાહના ફુવારા ઉછળતા હોય જોરાવર જણ કેટલા ? પગમાં વંટોળિયા રમાડતા હોય એવા તરવરિયા કેટલા ?

આંખમા સફળતાનાં સપનાં લઈને



ઘૂમતા હોય એવા સ્વપ્ન સર્જકો કેટલા ?

બહુ ઓછા. આંગળીના વેઢે ગણી શકાય એટલા મારી પાસે એક સોળ વરસના કિશોર આવ્યો એના બાપુજીને હું ઓળખું. એટલે મેં પૂછ્યું : 'તું કમલેશભાઈ ઘડિયાળીનો દીકરોને ?'

'હા, સાહેબજી !'

'બોલ, શી ઈચ્છા છે ?'

'આ પર્યુષણ નિમિત્તે સોળ ઉપવાસનું વ્રત લેવું છે !'

'હે ? સોળ ઉપવાસ ? આ ઉંમરે ? તું જાણે છે ને કે જૈન ધર્મના ઉપવાસ કેટલા કઠિન છે ? સોળ દિવસ સુધી માત્ર ઉકાળેલું પાણી જ પીવાનું ! એ સિવાય નકોરડા ઉપવાસ ! કરી શકીશ ?'

'હા, સાહેબજી કરી શકીશ. મેં મારા મનને મક્કમ કરી લીધું છે ! મારા મમ્મી પપ્પાએ પણ અનુમોદન આપ્યું છે ! ને સાહેબજી કહું ? આમાં જ મારા મનની દ્રઢતાની પરીક્ષા છે ને !'

અને આ કાર્ય એણે કરી બતાવ્યું.

નાના બાળકની જેમ 'ના, ના' ભેંકડો ન તાણો ! 'ના, ના' કરીને નાના ન બનો. પડકાર રૂપ કામમાં તમારો ઉત્સાહ વધી જતો હોય છે ! ત્યારે તમારા હકારાત્મક ભાવા વધી જતો હોય છે ! ત્યારે તમારું સામર્થ્ય બેવડાઈ જતું હો છે ! ત્યારે તમારી સફળતાની ચોક્કસતા અનેકગણી વધી જતી હોય છે !

'ગજું નથી ! ની વાત કરીને તમે તમારી જાતને અશક્ત કે લાચાર જાહેર ન કરો. યાદ રાખો કે જેણે જેણે આ જગતના ઈતિહાસમાં સુખદ્ આશ્ચર્યો સર્જ્યા છે, એ તમામે પોતાની ભીતરી શક્તિને ઓળખી લીધી હતી ! અંદરના સામર્થ્યવાન માણસને પિછાણીને બેઠા હતા !

એ 'નથી, નથી'નાં રોદણાં રડતા નહોતા ! તેઓ 'ના રે ના' કહીને જાતમાં રહેલી શ્રદ્ધાને લાત મારતા નહોતા ! જાતમાં રહેલા 'જોરાવરપણા'ને એમણે ઓળખી લીધું હતું, જાતને એમણે જગત્પત્તિ સાથે જોડી દીધી હતી !'

ઈચ્છા શક્તિ વિના કશું જ બનતું નથી ! ઈચ્છાશક્તિ મરણબિછાને પડેલી હશે તો પરિણામ શૂન્ય જ આવવાનું ! પ્રથમ ઈચ્છાને જગાડો.

'થઈ શકશે આ કામ તમારાથી ?'

'હા, અવશ્ય હું કામ કરી શકીશ.'

'એવું ખાતરીપૂર્વક કેવી રીતે કહો છો ?'

'કારણ કે આ કામ હું કરવા માગું છું !'

-પહેસાં એ નક્કી કરો કે 'કાર્ય' તમે કરવા માગો છો ખરા ? કાર્ય કરવાની ઈચ્છા તમારામાં પેદા થઈ છે ખરી ? કાર્ય એ જ પૂર્ણ કરી શકે છે, જે કાર્ય કરવા માગે છે !

તમે ત્યાં જઈ શકશો, કારણકે તમે ત્યાં જવા માગો છો ! ઈચ્છા પેદા થઈ છે ! ને અંતરના ઊંડાણમાંથી પ્રગટેલી ઈચ્છા સફળતાની સગી જનેતા છે !

કોઈ માણસ કામ કરી શકતો નથી, કારણકે તે કામ કરવાની ઈચ્છા જ રાખતો નથી !

જે ચોક્કસે ઊંચાઈએ જવા માગે છે, તે જ ત્યાં જાય છે ! સાવ ઢીલા ગાભા જેવા ન બનો.

ઈચ્છાને પણ ચઢાવો. ઉત્સાહનો ફુવારો બની જાઓ. 'ના' શબ્દને હૃદયવટો આપો. 'હા' શબ્દને હૈયે લગાડો. નકારને હંટર ફટકારો. હકાર સાથે હસ્તધૂનન કરો.

લાચારીને મારો લાત ! મનની રંકતાનો વિદાય સમારંભ યોજો ! મડદાલ ન બનો, મહાવીર બનો.

બિચારા ન બનો, બહાદુર બનો. પગલૂંછણિયું ન બનો, પરાક્રમી બનો ! જાતને જીત માટે તૈયાર કરો ! ને જાણીલો કે, જીત તમારી જ છે ! ધેન યુ વિલ ક્રોસ ધ ટાર્ગેટ !

ફક્ત એક જ કામ કરો, લાચારીની બિલાડીનું શબ તમારી ભીતરમાં પડ્યું છે, એને બહાર કાઢો અને દફનાવી દો. ઊંચાઈ તો સતત તમને આમંત્રણ આપી રહી જ છે, ફક્ત આમંત્રણ પત્રિકા પર 'રિસીવ્ડ ધ ઈન્વીટેશન'નો શેરો મારીને સાફલ્ય માટે એક બળબળતી ઝંકના-બર્નિંગ ડિઝાયર તમારા મનમાં પેદા કરો.

પછી તો માર્ગ પણ તમારો છે, ને મુકામ પણ તમારો છે.

❖❖❖

# ભૂતકાળના અનુભવોને કાઢવાની રીત

**હું** દરેક વ્યક્તિને મારા બંધનમાંથી મુક્ત કરું છું. જેમણે પણ મને ભૂતકાળમાં દુઃખ પહોંચાડ્યું છે કે નુકસાન કર્યું છે તેમને દરેકને હું બિનશરતી માફી આપું છું અને પરમાત્માને પ્રાર્થના કરી છે કે તેઓ આ દરેક વ્યક્તિઓને સુખ શાંતિ અને સમૃદ્ધિ આપે.

આપણા મનના નેગેટિવ પ્રોગ્રામિંગની સાથોસાથ આપણી આપણા પોતાના વિશેની, લોકો, પૈસા, સંબંધો, કારકિર્દી વિશેની માન્યતાઓ પણ નેગેટિવ થઈ ચૂકી હોય છે. આ માન્યતાઓને અને પ્રોગ્રામિંગને આપણે જો ઓળખી અને મનમાંથી કાઢી નાખીએ તો સમસ્યાઓથી છૂટકારો મળે છે અને નવા જીવનની શરૂઆત થાય છે.

આ માન્યતાઓને કાઢવા આપણે પોતે જ પ્રયત્ન કરવો પડશે. એટલે કે આપણા માનસિક ભવનની સફાઈ કરવી પડે છે. એ સાથે આપણા મનનું નવેસરથી પ્રોગ્રામિંગ કરવું પડે. તમને યાદ હશે કે આપણું જૂનું પ્રોગ્રામિંગ આપણા ઉછેર દરમિયાન આપણા આસપાસના વડીલો દ્વારા વારંવાર બોલાયેલ નકારાત્મક વાક્યોથી થયેલું હોય છે જે આપણા મનમાં પથ્થરની રેખાની જેમ કોતરાઈ જાય છે.

જે બદલવા માટે આપણે ફરીથી વારંવાર આપણા અર્ધજાગ્રત મનને



આપણે હકારાત્મક સૂચનો આપવા પડે જેથી જૂનું પ્રોગ્રામિંગ નીકળી જશે અને તેના પર નવું પ્રોગ્રામિંગ થઈ જશે. તો ચાલો આપણે નવા ક્યા વાક્યો વારંવાર બોલવા તે જોઈએ.

- હું જે બ્રહ્માંડમાં રહું છું તેમાં બધું જ પૂર્ણ, સુંદર અને વ્યવસ્થિત છે.
- ભૂતકાળની મારા પર કોઈ જ અસર નથી, કારણ કે હું નવું શીખવા માગું છું અને તે પ્રમાણે મારી જાતને બદલવા ઈચ્છું છું.
- મારો જે ભૂતકાળ હતો તે મને અત્યારે હું જે છું તે બનવા માટે જરૂરી હતો.
- હું અત્યારે જ્યાં છું ત્યાંથી જ હું શરૂઆત કરવા માગું છું. મારા માનસિક ભવનના દરેક રૂમની સફાઈ કરવા હું ઈચ્છું છું.
- મને ખબર છે કે હું ક્યાંથી શરૂઆત કરું તે મહત્ત્વનું નથી જેથી હું મારા માનસિક ભવનના સહુથી નાના રૂમથી સફાઈ કરવાની શરૂઆત કરીશ, જેથી મને જલદી પરિણામ મળે.
- મને આ સાહસ કરવાનો ખૂબ જ રોમાંચ છે, કારણ કે હું જાણું છું કે આ રોમાંચક અનુભવો હું ફરી પાછો ક્યારેય નથી કરવાનો.
- હું દરેક વ્યક્તિને મારા બંધનમાંથી મુક્ત કરું છું. જેમણે પણ મને ભૂતકાળમાં દુઃખ પહોંચાડ્યું છે કે નુકસાન કર્યું છે તેમને દરેકને હું બિનશરતી માફી આપું છું અને પરમાત્માને પ્રાર્થના કરી છે કે તેઓ આ દરેક વ્યક્તિઓને સુખ શાંતિ અને સમૃદ્ધિ આપે.
- મારી દુનિયામાં બધું જ શ્રેષ્ઠ અને કલ્યાણકારી થઈ રહ્યું છે.
- ઉપરના વાક્યો રોજ પ્રાર્થનાની જેમ બોલવાથી ધીમે ધીમે તમારા માનસિક ભવનની સફાઈ થતી જશે અને સાથે સાથે તમારા અર્ધજાગ્રત મનનું પ્રોગ્રામિંગ થતું જશે જે તમારા જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવી દેશે.

❖❖❖

# પસ્તાવાના આંસુ



મિત્રો, દાદા-દાદીને આપણે સાચવવા જોઈએ, આપણે તેમનો આધાર બનવું જોઈએ, જેઓ તમને ઉછેરે છે, તમને ભણાવે છે, તમારી કાળજી રાખે છે તેમને જ્યારે ખરેખર આપણી જરૂર છે ત્યારે જ આપણે તેમને વૃદ્ધાશ્રમમાં મુકવા જઈએ તે જરા પણ યોગ્ય નથી. ખરેખર તો આપણે તેમની સારસંભાળ લેવાની જરૂર છે, તેમને આપણા પ્રેમની જરૂર છે, આપણા આધારની જરૂર છે. ઘડપણમાં તેમને સાચવવા, તેમની સેવા ચાકરી કરવી આપણી ફરજ છે.

સોનપુર ગામમાં સેવાગ્રામ નામના એક શેઠ રહેતા હતા. શેઠના પરિવારમાં પત્ની પાર્વતી, જોડીયા સંતાન ગોપુ અને ગોપી તેમજ તેમનાં દાદા-દાદી હતા.

એક દિવસ સેવાગ્રામ પોતાના વૃદ્ધ મમ્મી-પપ્પાને ક્યાંક લઈ જઈ રહ્યાં હતા. એ વખતે નાનકડા ગોપુએ જીદ કરી કે, 'પપ્પા, હું પણ તમારી સાથે આવીશ.' સેવાગ્રામ કહ્યું, 'બેટા, હું દાદા-દાદીને લઈને શહેર જાઉ છું. સાંજે પાછો આવી જઈશ, તું ત્યાં આવીને શું કરી ? હું તારી માટે ગાડી લેતો આવીશ.'

રૂમમાંથી બહાર આવી. તેણે દીકરાને સમજાવ્યો. મીઠાઈની લાલચ આપી, પણ ગોપુ ન માન્યો. સેવાગ્રામે પાર્વતી તરફ ઈશારો કરીને કહ્યું, 'હવે, આવે મારે લઈ જ જવો પડશે.' પાર્વતીએ કહ્યું, 'માનતો નથી તો લઈ જાઓ. આમ પણ એ તો બાળક કહેવાય. એને કંઈ ખબર ન પડે.'

આમ, ગોપુ તેના પપ્પા અને દાદા-દાદી સાથે ગાડીમાં બેસી ગયો. રસ્તામાં ગોપુએ કેટલીસ વાર તેના પપ્પાને પૂછ્યું, 'આપણે કયાં જઈએ છીએ ?' તેના પપ્પાએ કંઈ જવાબ ન આપ્યો. છેવટે ગોપુએ દાદા-દાદીને પૂછયું, 'ઓ દાદાજી, તમે કહોને આપણે કયા જઈએ છીએ ?'

પણ દાદા-દાદી સવારથી જ ઉદાસ હતા. તેઓ ચૂપચાપ હતા. એટલે ગોપુએ સવાલ પૂછ્યો ત્યારે પણ તેઓ ચૂપ જ રહ્યા. એટલે થોડી વાર પછી ગોપુ પણ એની મસ્તીમાં મસ્ત બની ગયો. આમ, થોડા કલાકમાં તેમની ગાડી એક આશ્રમ આગળ આવીને ઊભી રહી. ગોપુ, દાદા-દાદી અને સેવાગ્રામ ગાડીમાંથી નીચે ઊતર્યા અને આશ્રમમાં પહોચ્યા ગોપુએ નજર કરી કે આશ્રમમાં પહોચ્યા ગોપુએ નજર કરી કે આશ્રમમાં તેના દાદા-દાદી જેવા કેટલાય દાદા-દાદી હતા. કારણ કે એ વૃદ્ધાશ્રમ હતો. સેવાગ્રામ દાદા-દાદીને લઈને વૃદ્ધાશ્રમની ઓફિસમાં ગયા. ત્યાં દાદા-દાદીનું નામ લખાવ્યું. નાનકડો ગોપુ આશ્ચર્યથી આ બધું જોઈ રહ્યો હતો. અચાનક તેણે તેના પપ્પાને સવાલ પૂછયો, 'પપ્પા, અહીં કેમ આટલા બધા દાદા-દાદી ભેગા થયા છે ? આ લોકો અહીં કેમ રહે છે ? તમે આપણા દાદા-દાદીને અહીં કેમ લઈ આવ્યા છો ?'

પણ એ વખતે સેવાગ્રામને ગોપુને જવાબ આપવો યોગ્ય ન લાગ્યો. પછી બધી વિધિ પત્યા બાદ તે ગોપુને લઈને ઓફિસની બહાર ગયા, પણ સાથે દાદા-દાદી નહોતા. ગોપુએ પૂછ્યું, 'પપ્પા, દાદા-દાદી કયાં છે ? હું એમના વગર પાછો નહીં જાઉ.'

સેવાગ્રામે કહ્યું, 'બેટા, દાદા-દાદાની ઉમર થઈ ગઈ છે ને. એમની તબિયત પણ સારી નથી રહેતી. એટલે હવેથી આ જ તેમનું ઘર છે. તેઓ અહીં જ રહેશે.' નાનકડા ગોપુએ રડતાં-રડતાં કહ્યું, ના પપ્પા, દાદા-દાદીને અહીં શું કામ રાખવાના ? તેઓ મારું અને ગોપીનું કેટલું ધ્યાન રાખે છે ? અને સરસ વાર્તાઓ કહે છે, બીચામાં ફરવા લઈ જાય છે, સ્કૂલે પણ મૂકવા આવે છે.

દાદા-દાદીની તબિયત ખરાબ છે ને તો આપણે એમને સાચવીશું. અત્યારે દાદા-દાદીને આપણી જરૂર છે, એના બદલે તમે એમને આશ્રમમાં મૂકવા આવ્યા ? તો પછી હું અત્યારથી જ તમારું અને મમ્મીનું નામ આ વૃદ્ધાશ્રમમાં નોંધાવી દઉ છું. હું પણ મોટો થઈને તમને અહીં જ લઈ આવીશ.' નાનકડા ગોપુની વાત સાંભળી સેવાગ્રામની આંખ આંસુથી છલકાઈ ગઈ. તેમણે ગોપુને ઊંચકી લીધો અને વહાલ કરવા લાગ્યા. પસ્તાવાના આંસુ સારતે તેમણે કહ્યું, 'બેટા, હું કેટલું મોટું પાપ કરવા જઈ રહ્યો હતો ! તેં મારી આંખ ખોલી કાઢી. ચાલ, આપણે દાદા દાદીને પાછા ઘરે લઈ જઈએ. હું તન-મનથી તેમની સેવા કરીશ.' ગોપુ કહે, 'હા પપ્પા, હું પણ મોટો થઈને તમારી સેવા કરીશ.'

ત્યાર પછી સેવાગ્રામે પોતાના મમ્મી-પપ્પાને ગાડીમાં બેસાડ્યા. ગોપુ તેના દાદા-દાદીને જોઈને અત્યંત ખુશ થઈ ગયો. પછી તો સેવા ગ્રામે પોતાના મમ્મી-પપ્પાની ખૂબ જ સેવાચાકરી કરી.

❖❖❖

# મોક્ષ કેવો ને વાત કેવી !

**અમૃતલાલ વેગડ**

**લો**કો મોક્ષ શા માટે ઈચ્છે છે એ મને સમજાતું નથી. મોક્ષ એટલે જીવન મરણથી મુક્તિ. કહે છે કે ૮૪ લાખ યોનિમાંથી જીવને પસાર થવું પડે છે. કેટલાકને મતે આ બહુ થકવી દેનારી કંટાળાજનક યાત્રા છે. જો મોક્ષ મળી જાય તો આ યાત્રાની યંત્રણામાંથી બચી જવાય. આ યાત્રા ખૂબ લાંબી છે - ૮૪ લાખ કિલોમીટર લાંબી - એ તો સમજાય છે, પણ એ કંટાળાજનક અથવા ત્રાસદાયક છે એ નથી સમજાતું. મને તો મારી જિંદગી કંટાળાજનક નથી લાગતી. જે જીંદગીઓ પાછળ મૂકીને આવ્યો છું, અથવા ભવિષ્યમાં જે જીંદગીઓમાં જવાનો છું, એ ત્રાસદાયક હતી અથવા હશે એવુંય નથી જણાતું. તો પછી હું મોક્ષની કામના શા માટે કરું ?

મજાની વાત એ છે કે ધર્મની ૮૪ લાખવાળી થિયરીને વિજ્ઞાનનું ઠીક ઠીક સમર્થન છે. વિજ્ઞાન કહે છે કે અમુક લાખ વર્ષ પહેલાં આપણે વાનર યોનિમાં હતાં. એ પહેલાં વનસ્પતિ યોનિમાં, વિજ્ઞાન કહે છે કે જીવન અથવા જીવનનો આરંભ સમુદ્રને તળિયે અતિ સૂક્ષ્મ જીવાણુના રૂપે થયો. ધીરે ધીરે એનો વિકાસ થતો ગયો અને છેવટે આપણે મનુષ્ય યોનિમાં આવ્યાં. આમ ધર્મ અને વિજ્ઞાન અહીં સુધી તો એકમત છે. મતભેદ આના પછી શરૂ થાય છે. વિજ્ઞાન કહે છે કે જીવન ઉત્તરોત્તર વિકાસ કરતો કરતો, વનસ્પતિ, કીટ-પતંગ, માછલી અને પશુયોનિમાંથી પસાર થતો થતો, છેવટે મનુષ્યના રૂપે વિકસિત થયો. આ પ્રક્રિયાને ઉત્ક્રાંતિવાદ કહે છે. વિજ્ઞાનના મતે માણસના પાછા જવાની, એટલે કે ફરીથી વાનર અથવા અન્ય જીવજંતુ બનવાની સંભાવના નથી. જશે તો એ આગળ જ જશે.

પરંતુ ધર્મ આવી કોઈ ગૅરંટી નથી આપતું. બલકે એ તો કહે છે કે ભવિષ્યમાં આપણો જન્મ વાનર, સર્પ, ડુક્કર અથવા ગર્દભ યોનિમાં પણ થઈ શકે છે. માટે આ ઘટમાળમાંથી મુક્ત થવા માટે મોક્ષના પ્રયત્ન આદરીએ. પરંતુ મારું તો માનવું છે કે અન્ય યોનિમાં આપણે હોંશે હોંશે જવું જોઈએ. ભગવાન જો વારાહ (ડુક્કર), મત્સ્ય (માછલી), કચ્છર (કાચબો) વગેરે યોનિમાં જન્મ લઈ શકે છે, તો આપણે શું ભગવાનથી વધીને છીએ ? મનુષ્ય યોનિનો જ આગ્રહ શા માટે રાખીએ ? જે પણ યોનિ મળે, એને દીપાવીએ એટલે બસ. બેવફા માણસ થવા કરતાં વફાદાર કૂતરો થવું બહેતર છે.

ધર્મ અને વિજ્ઞાન વચ્ચે હજુ એક અંતર એ છે કે વિજ્ઞાન પાસે એવો કોઈ હિસાબ નથી કે સમુદ્રના જિવાણુને મનુષ્ય થતાં કેટલી યોનિમાંથી પસાર થવું પડયું. ધર્મ પાસે તો એનો ચોક્કસ આંકડો છે - ૮૪ લાખ ! મને નવાઈ લાગે છે કે આવો આંકડો કેમ કરીને આવ્યો !

આપણને ખબર નથી કે ૮૪ લાખ પગથિયાંવાળી નિસરણીના કયા પગથિયા ઉપર આપણે ઊભા છીએ. આ પગથિયું શરૂનું પણ હોઈ શકે, અંતનું પણ હોઈ શકે અને વચ્ચેનું પણ હોઈ શકે. આપણા માટે તો જે છે, એ નવું જ છે. જ્યારે અન્ય પગથિયાં અંગે આપણને કોઈ માહિતી નથી, થઈ ગયેલા જન્મોની કોઈ સ્મૃતિ નથી, તો પછી શા આધારે કહી શકીએ કે જન્મજન્માંતરની આ મુસાફરી અળખામણી છે, મને આમાંથી છોડાવો. પૂર્વજન્મની કોઈ સ્મૃતિ આપણી પાસે નથી - ન કડવી, ન મીઠી. ધારો કે કોઈક માણસ મીઠી સ્મૃતિઓ લઈને આવ્યો કે પૂર્વજન્મમાં તો હું મુખ્યપ્રધાન હતો પણ આ જન્મે પટાવાળો છું, અથવા પૂર્વજન્મમાં મને અત્યંત સુંદર ને સુશીલ પત્ની મળી હતી અને આ જન્મે આ કુભારજા કોણ જાણે ક્યાંથી આવી; અથવા આવી જ અન્ય સ્મૃતિઓ; ત્યારે જો એને આ જન્મ-મરણની ઘટમળમાંથી મુક્તિ મેળવવાનું મન થાય, તો હજુય કંઈક સમજી શકાય. પરંતુ એવી કોઈ સ્મૃતિ તો છે નહીં આપણી પાસે, તો પછી આપણે શા આધારે એનાથી મુક્તિ મેળવવાની કામના કરીએ ?

આપણો જો એક જ જન્મ થતો હોય, તો એનુંય સ્વાગત અને ૮૪ લાખ થતા હોય તો એમાંના એક્કે એક જન્મનુંયે સ્વાગત ! બલકે, ધારો કે આપણને જન્મનો માત્ર ક્રમાંક યાદ રહેત, અને આપણને ખબર પડત કે આપણો ૮૩ લાખમો જન્મ છે, તો આપણે દુ:ખી દુ:ખી થઈ જાત કે અરેરે, હવે તો માત્ર એક લાખ જન્મ જ બાકી રહ્યા !

એક શેઠને યમરાજે કહ્યું કે કાલે સાંજે તું મરી જઈશ ને તરત જ તારો જન્મ ઢેઢવાડામાં રહેતા ડુક્કરને ત્યાં થશે. એની નિશાની એ કે તારા કપાળની બરોબર વચ્ચે સફેદ ટપકું રહેશે. શેઠે પોતાના દીકરાને કહ્યું કે આવું થાય તો તું મને બંદૂકથી ઉડાવી દેજે. હું ડુક્કર થઈને જીવવા નથી માગતો. બીજે દિવસે શેઠ મરી ગયા. દીકરો બંદૂક લઈને ઢેઢવાડે ગયો. ત્યાં ખરે જ તાજાં જન્મેલા ડુક્કર બચ્ચામાં એકના કપાળ ઉપર સફેદ ટપકું હતું. જેવો એ એને ગોળીએ મારવા જતો હતો, ત્યાં તો એ ડુક્કર બાળ બોલ્યું, ''ન મારતો, મને ન મારતો, અહીં હું ખૂબ સુખી છું. મારે મા છે, બાપ છે, ભાઈ છે, બહેન છે, બધાં છે, હું જીવવા ઈચ્છું છું, મને મારતો નહીં !''

મોક્ષ કેવો ને વાત કેવી ! ❖❖❖

# ‘‘વહ કૌન થી’’

**શરદ મણીયાર**



અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પર મુંબઈ જતી શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનના આવવાની રાહ જોઈ રહેલા અરમાને ‘‘ચોર’’, ‘‘ચોર’’, ‘‘પકડો’’, ‘‘પકડો’’ની ચીસ સાંભળી તો એકદમ પાછળ પલટયો પણ ત્યાં જ એ ભાગતી વ્યક્તિ એની સાથે અથડાઈ તો અરમાન એનું સંતુલન જાળવવા ગયો ત્યાં જ બીજી જ ક્ષણે એક યુવતી પણ દોડતી દોડતી એની લગોલગ આવી પહોંચી જે ‘‘ચોર-ચોર’’ ની ચીસો પાડતી એકદમ બેબાકળી બનીને પેલા ચોરનો પીછો કરી રહી હતી. અરમાને અચંબિત નજરે એ યુવતી ને જોઈ પણ પછી એક પણ સેકન્ડનો વિલંબ કર્યા વગર તીવ્ર ઝડપે એ ચોરની પાછળ ધસી ગયો અને એને ઝડપી લીધો. એ યુવતી જાન્હવી પણ હાંફથી હાંફથી એના સુધી પહોંચી ગઈ. એ ચોર લોકોના ટોળાથી પણ ઘેરાઈ ગયો હતો એટલે ડરના માર્યા આંખો પહોળી કરીને અહીંયા ત્યાં નજર ફેરવવા લાગ્યો ત્યાં જ સટાક કરતો એક સણ સણતો તમાચો જાન્હવી એ ચોડી દીધો અને એના હાથમાંથી પકડેલું એનું પર્સ પોતાના કબ્જામાં કરી લીધું. અરમાન સ્તબ્ધ થઈ ગયો અને જાન્હવી ના આવા આક્રમક વલણથી એ થોડો પ્રભાવિત પણ થઈ ગયો. ત્યાં સુધીમાં પોલીસ પણ આવી પહોંચી અને ચોરને લઈ ગઈ. ટોળું વિખરાઈ ગયું જાન્હવી એ હાંશકારો અનુભવ્યો અને ખૂબ જ વિનમ્રતા પૂર્વક બોલી, ‘‘મારું પર્સ બચાવવા બદલ હું દિલથી આપની ઋણી રહીશ’’. આ સાંભળીને અરમાને પણ એટલી જ સહજતા પૂર્વક જવાબ આપ્યો, ‘‘મેડમ આને મારું ઋણ ગણશો તો એ ચૂકવવું પડશે અને આભાર માનશો તો એનો ભાર ઉતારવો પડશે, એટલે પ્લીઝ, આવું કાંઈ જ નહીં બોલતા. મેં જે કર્યું એ તો માત્ર મારી ફરજ હતી. નિઃશબ્દ જાન્હવી એ હસ્તધૂન માટે પોતાનો હાથ લંબાવ્યો અને સસ્મિત ફક્ત એટલું જ બોલી, ‘‘થેંક્યુ’’. જાન્હવી ના અતિ સુંદર ચહેરા પર તાજા ખીલેલા ગુલાબ સમુ સ્મિત અને રેશમથી પણ મુલાયમ હાથનો સ્પર્શ પામીને અરમાનના અંગે અંગમાં કંઈક કેટલાય અરમાનોની સંવેદના જાગી ઉઠી પણ પછી બેબસ બનીને એને જતી જોઈ રહ્યો. પ્લેટફોર્મ પર ટ્રેન આવી ગઈ હતી એટલે જાન્હવી એ પોતાના સામાન સાથે એના ડબ્બામાં પ્રવેશ કરીને એની આરક્ષિત જગ્યા ઉપર બેઠક લઈ લીધી અને થોડીક ક્ષણ પહેલા બનેલા અણબનાવના ઉશ્કેરાટનું શમન કરવા આંખો બંધ કરીને બેઠી હતી પણ તરત જ કોઈ પરિચિત અવાજ સાંભળીને એ જાગી ગઈ અને આશ્ચર્યચકિત નજરે જોયું તો અરમાન એની સામેની સીટ પર બેઠેલા અન્ય પ્રવાસીને કહી રહ્યો હતો કે, ‘‘સાહેબ, આ મારી જગ્યા છે, આપ અહીંયા ભૂલથી બેસી ગયા છો.‘ઓહ, માફ કરજો’. એ વ્યક્તિને પોતાની ભૂલ સમજાઈ અને એણે અરમાનને એ સીટ આપી દીધી. હવે બંનેની સીટો આમને સામને હતી એટલે આંખો ચાર થવાની જ હતી પણ જાન્હવી એ પોતાની લાગણીઓ ઉપર સંયમ રાખીને ફક્ત ઔપચારિક નજરે એને સ્મિત આપીને પોતાની આંખો બંધ કરીને પોતાના મય થઈ ગઈ. પણ અરમાનનું આકર્ષક વ્યક્તિત્વ અને એની બોલવાની છટા એના અંતર મન પર હાવી થઈ રહ્યા હોય એવું એને લાગવા માંડ્યું. બંધ આંખોએ પણ એના સુંદર ચહેરાને જોઈ રહી હતી. અને ઉરનાં ઉમળકાની મીઠી મુંઝવણ અનુભવી રહી હતી. પણ પોતાના મન પર કાબૂ મેળવવા એ મનોમન બોલી, ‘‘ના જાન્હવી, ના, આ પહેલા તું ક્યારેય કોઈપણ છોકરાની મોહજાળમાં ફસાઈ નથી કારણકે તે હંમેશા તારી ગાવવાની કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એક સારી ગાયિકા તરીકે નામના મેળવવાનું તારૂં સપનું હવે જીદ્દે ચડ્યું છે કે એને સાકાર થવું છે. એટલે જ તો તે કોલેજ કાળમાં પણ કોઈની સાથે ફક્ત દોસ્તી થી વિશેષ કોઈપણ પ્રકારની લાગણી નો સંબંધ વધાર્યો જ નથી. અને આજે તો તું તારા ફાઈનલ ઓડિશન માટે મુંબઈ જઈ રહી છે તો ફક્ત એનો જ ખયાલ કર.’’

જોકે આગ બંને તરફ સરખી જ લાગી હતી. હજુ થોડીક જ ક્ષણ પહેલા અરમાને અનુભવેલો એનો કોમળ સ્પર્શ અને પૂનમના ચાંદ સમો ચહેરો, કોયલ કંઠ સમા એના મુખેથી સાંભળેલા બે ત્રણ વાક્યો એના દિલમાં પડઘા પાડી રહ્યા હતા. પણ જે રીતે જાન્હવી એ એને જોઈને શુષ્ક પ્રતિભાવ આપ્યો હતો એનું થોડુંક અજુગતું અને માઠું તો લાગ્યું હતું એટલે નિઃસહાય અને કમને પોતાના પુરુષત્વનું સન્માન જાળવવા બેગમાંથી હેડફોન લગાવીને મનગમતા ગીતો સાંભળવા મગ્ન થઈ ગયો અને જાન્હવી ની હાજરીને અવગણવા લાગ્યો. આંખો બંધ કરીને બેઠેલી જાન્હવી ને ક્યારે એક નાનું ઝોકું આવી ગયું એની ખબર ન

પડી પણ કોઈ સ્ટેશન આવવાનું હોવાથી ડબ્બામાં પ્રવાસીઓનાં ગણગણાટ નાં અવાજે એણે જાગીને જોયું તો અરમાન પણ પોતાની બેગ લઈને આવનાર સ્ટેશન પર ઉતરવા તૈયાર બેઠો હતો અને એકીટસે એને જ જોઈ રહ્યો હતો. એના આવા વર્તનથી જાન્હવી ને થોડું વિચિત્ર તો લાગ્યું પણ હજુ થોડાક કલાક પહેલાં એણે બજાવેલ ફરજ નો હળવો બોજ યાદ કરીને એને આખરી વિદાય આપવા થોડુંક વધારે સ્મિત આપીને 'બાય બાય' કરવાની ફરજ એણે પણ નિભાવી. સ્ટેશન આવ્યું અને અરમાનને જતા જોઈ રહી હતી ત્યાં જ એ અચાનક પાછો એની તરફ આવતો જોઈને એને નવાઈ લાગી અને વધુ વિસ્મયતા ત્યારે થઈ જ્યારે અરમાને એની પાસે આવીને એના હાથમાં પોતાનું વીઝીટીંગ કાર્ડ આપ્યું અને બોલ્યો, 'મારા લાયક કંઈ કામ પડે તો યાદ કરજો'. જાન્હવી એકદમ મૂંઝાઈ ગઈ અને વિચારવા લાગી 'કે શું સમજે છે એ એના મનમાં ? માન ન માન, મૈ તેરા મહેમાન ? શું એ હવે ગળે પડી રહ્યો છે કે આ તેની નિખાલસતા છે કે એના મનની કોઈ મેલી મુરાદ. ?'. આમ વિચારીને એ બાથરૂમ તરફ જવા ઉપડી અને ત્યાં પડેલા એક ડસ્ટબીનમાં એનું વીઝીટીંગ કાર્ડ પધરાવી દીધું. પણ ફ્રેશ થઈને એ જ્યારે પોતાની બેઠક પર પાછી આવી અને અનાયસ સામેની સીટ પર નજર કરી જ્યાં અરમાન બેઠો હતો એ હવે બિલકુલ ખાલી હતી તો કોઈ અજીબ પ્રકારની એકલતાની લાગણી એને થવા લાગી જાણે એના જીવનમાં એકાએક કોઈ ખાલીપો આવી ગયો હોય. આમ પણ એક કુદરતી નિયમ છે કે આપણે એ વ્યક્તિની કદર ત્યારે જ કરીએ છીએ જ્યારે એ વ્યક્તિ આપણા જીવનમાં થી જતી રહે છે. એવું નથી કે જાન્હવી અરમાનના વ્યક્તિત્વથી પ્રભાવિત નહોતી થઈ. એ ફાંકડો નૌજવાન એને પણ પ્રથમ નજરે ખૂબ જ ગમી ગયો હતો અને એટલે જ એ જ્યારે એની નજરથી ઓઝલ થઈ ગયો હતો તો પાછો કેમ એના દિલમાં વસવા લાગ્યો હતો. પણ એના તરફ આ રીતે આકર્ષાવુ એ એની પ્રાથમિકતા ન હતી એટલે એણે તરત ત્યાંથી નજર હટાવીને આવતીકાલે થનારા એના સંગીતના ઓડિશન પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કરી દીધું.

લગભગ પચાસેક ગાયક ગાયિકાઓની સાથેની તીવ્ર હરીફાઈમાં એણે પોતાના મધુર અવાજથી નિર્ણાયકોને ખૂબ જ પ્રભાવિત કરી દીધા અને શરૂ થઈ એની એક નામી ગાયિકા બનવાના સપનાની સફર. અને લગભગ ત્રણ વર્ષની અવિરત સફળતાના ઉન્માદ માં તેના દિલના એક ખૂણામાં અડ્ડો જમાવીને બેસેલા અરમાન નો ચહેરો ધૂંધળો પડવા લાગ્યો હતો પણ એની યાદો પર એની સફળતાનું આવરણ હજુ ચડ્યું ન હતું.

એક વ્હેલી સવારે જાન્હવી ની કોલેજ સમયની એની એક ખાસ બહેનપણી નિકિતા નો ફોન આવ્યો જે હવે દિલ્હીમાં સ્થાયી થઈ ગઈ હતી. આવતા મહિને એના લગ્ન લેવાય રહ્યા હતા એટલે એની સંગીત સંધ્યાનું આયોજન નો પ્રસ્તાવ પામીને જાન્હવી ખૂબ ખુશ થઈ ગઈ. અને મનોમન વિચારવા લાગી કે મુંબઈ અને અમદાવાદમાં તો એણે એના કંઠના કામણ પ્રસારીને હવે એ દિલ્હીવાસીઓને પણ પોતાના અવાજથી મંત્રમુગ્ધ કરી મુકશે. નિર્ધારિત દિવસે એ જ્યારે દિલ્હી એરપોર્ટ ઉતરી ત્યારે એનું સ્વાગત કરવા ખુદ નિકિતા જ આવવાની હોવાથી એ બિલકુલ નિશ્ચિત હતી પણ નિકિતાની સાથે આવેલી એ વ્યક્તિને જોઈને એ લગભગ નિશ્ચેતન થઈ ગઈ જ્યારે નિકિતા બોલી, ''હેય જાનુ, મીટ માય ફિઓન્સિ અરમાન''. છેલ્લા ત્રણ ત્રણ વર્ષથી ન ભુલાયેલા અરમાન નું આવું પ્રાગટ્ય રૂપ જોઈને એ એકદમ હેબતાઈને એની તરફ જોવા લાગી. જોકે આ જ હાલ હવાલ અરમાન ના પણ થઈ ગયા અને બંનેને આમ એકબીજા તરફ આશ્ચર્ય ભાવથી જોતા નિકિતા બોલી ઉઠી, ''અરે શું તમે એકબીજાને ઓળખો છો ?''. ''ના'' ''નહીં'' બંનેવે એટલી જ તીવ્રતાથી જવાબ આપ્યો તો નિકિતાએ ખીલખિલાટ હસીને અરમાન ને પૂછ્યું, ''અરમાન, આ તો નથી ને તારી વહ કૌન થી વાળી મિસ્ટ્રી ગર્લ ?'' ''એટલે હું કંઈ સમજી નહીં'' ? જાન્હવી વધુ મૂંઝાઈ. તો નિકિતાએ હવે વિસ્તારપૂર્વક ખુલાસો કર્યો, ''અરે ભઈ, આ અમારા અરેન્જડ મેરેજ છે, એટલે અમે એકબીજાને પૂછી લીધું હતું કે અમારો કોઈ ભૂતકાળ હતો કે શું ? તો મેં તો ઈમાનદારી થી કહી દીધું કે હા મારા કોલેજ સમયમાં સિદ્ધાર્થ નામના એક છોકરા સાથે હું બે વર્ષ અફેરમાં રહી હતી પણ પછી અમારું બ્રેકઅપ થઈ ગયું તો અરમાને પણ એ કબુલ્યું કે ત્રણ વર્ષ પહેલા અમદાવાદ સ્ટેશન પર એક સુંદર છોકરી એને ભટકાઈ ગઈ હતી અને જોગાનું જોગ વડોદરા સુધી એક જ ડબ્બામાં એની સાથે પ્રવાસ કર્યો હતો એ દરમિયાન એને એની સાથે પહેલી નજરનો પ્રેમ થઈ ગયો હતો પણ એણે હિંમત કરીને ન તો એનું નામ પૂછ્યું કે ના એનું ગામ પૂછ્યું કે ના એનું કામ પૂછ્યું, બસ ફક્ત બાઘા ની જેમ પોતાનું વીઝીટીંગ કાર્ડ આપીને બે વર્ષ સુધી એની યાદમાં અને એ ઉમ્મીદમાં તડપતો રહ્યો હતો કે ક્યારેક એ એને ફોન કરશે તો એ પોતાના મનનો એકરાર કરી શકશે. પણ મારું સદભાગ્ય કે એ છોકરીએ એને ક્યારેય ફોન કર્યો નહીં અને હું અરમાનને પામી ગઈ''. નિકિતાનો આ ખુલાસો એનાં

હૃદયમાં સોંસરવો ઉતરી ગયો અને વિચારવા લાગી કે અરમાનની એક તરફી પ્રેમની અગનજાળ તો એના સુધી પણ પહોંચી રહી હતી પણ પોતાની એક નાદાનીએ એના ઉપર પાણી ફેરવી દીધું હતું પણ હવે તારા લગ્નજીવન માં કોઈ ઝંઝાવાત નહીં જગાવવા દઉં અને હંમેશા માટે તારા અરમાનની વહ કૌન થી બનીને આ જન્મ તો પૂરો કરી લઈશ પણ મને માફ કરજે આવતા જન્મ માટે એનું એડવાન્સ બુકિંગ હું અત્યારથી જ કરી લઉં છું.''

❖❖❖


## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Office Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>નિરવભાઈ 9819012468<br>7208472744 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>મિલનભાઈ<br>9860125136<br>7208481791 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**માર્ચ ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૨-૦૨-૨૦૨૫ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**કુલ ૫ કલર પેઈજ બુક થયેલ છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે**

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા • ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન**

# વસ્તી પત્રક - ૨૦૨૫

**પ્રેરક : શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી અને શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી**

*શું આપે આ વસ્તીપત્રક નું ફોર્મ ભર્યુ ?*
*હા... તો ખૂબ આનંદ થયો... આભાર*
*ના... તો કાંઈ વાંધો નહી*
*નથી આવડતું ... કાંઈ વાંધો નહીં,*
*કોઈને પૂછતાં સંકોચ થાય છે...* ***No Worries...***

જય જીનેન્દ્ર,

વસ્તી પત્રક, ડિજિટલ વસ્તી પત્રક,

આપણે ઝાલાવાડી સભા એ ડિજિટલ વસ્તી પત્રક બનાવવાનું શરું કર્યું છે અને આપણી ડિજિટલ ટીમ જે રીતે આ સુંદર કાર્ય કરી રહી છે એને આપણે સહુએ સહકાર આપવો જરૂરી છે. ડિજિટલ ટીમ થી જાણવા મળ્યું, કેટલાક લોકો એમ પૂછે છે કે વસ્તી પત્રક શા માટે ? અને વસ્તી પત્રક શેની માટે જોઈએ ? મિત્રો, જેમ આપણો દેશ ચલાવવા માટે ગર્વમેન્ટ ને જેમ બધા ડેટાની જરૂરત પડે છે, તેવાજ ડેટા આપણે આપણો ઝાલાવાડ સમાજ ચલાવવા માટે જરૂરી છે . આપણે છેલ્લું વસ્તી પત્રક ૧૯૯૮ માં બનાવેલું, ત્યારે આપણે આપણા સમાજનું એડયુકેશન લેવલ જોઈએ તો આપણા માતા પિતા પણ એ વસ્તી પત્રકમાં જીવતા હતા, ને આપણે લખેલું હોય તો માં બાપનું એડયુકેશન ત્યારે કદાચ ચોથું ધોરણ, છઠ્ઠું ધોરણ એ રીતે લખાયેલું હોય, તો આપણા પર્સનટેજ, ગેરજ્યુએટ અથવા એસ.એસ.સી. પછીના જે એડયુકેશન ના પર્સનટેજ કહેવાય, એ ઘણા લોવર હતા. ત્યારે આપણાં કેટલા ડોક્ટરો હતાં , કેટલાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતાં, કેટલા વકીલો હતાં એ બધાની ડીટેલ કાઢીયે તો સમાજ હજી ઉભો થતો હતો, અને છેલ્લા ૨૫ વર્ષમાં આપણા સમાજે શું પ્રગતિ કરી, આપણું એડયુકેશન નું લેવલ કેટલા હદ સુધી આગળ વધ્યું અને કેટલા ટકા આપણે એડયુકેટેડ છીએ, એ બધા ડેટા કાઢવા માટે, આપણે આ વસ્તી પત્રક બનાવવું જરૂરી છે. આવતા ૧૦ વર્ષ માં આપણા સમાજ ને શું જરૂરત છે ? કેટલા છોકરાઓ ક્યાં સુધી ભણેલા છે ? અને એને ફોરેન ભણવા જવું છે, તો તેને ફોરેન ભણવાની લોન કેટલી જોઈશે ? શું જોઈશે ? એની તૈયારી આજ થી કરવાની, ઝાલાવાડી સભાને ખબર પડે. આજની આપણી વસ્તી ગણતરી કેટલી છે ? અને ૨૦૫૦ માં જયારે આ વસ્તી પત્રક નવું બનશે ત્યારે કેટલી ગણતરી હશે ? એ બે વચ્ચેનો ડિફરન્સ કેટલો છે ? સમાજ કેટલો મોટો થતો જાય છે ? સમાજની શું શું જરૂરિયાત છે ? અને જે પ્રમાણે સમય જતો જાય, તે પ્રમાણે જરૂરિયાત વધતી જાય, તેનું ધ્યાન ૧૦ વર્ષ પહેલાથી જો રાખીએને, તો જયારે કદાચ કોઈ, આપણી પાસે કોઈ ચેલેન્જ આવે ને ત્યારે, આપણે એમાંથી સમાજને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે દરેક રીતે તૈયાર હોઈએ. આ કારણસર વસ્તી પત્રક બનવવું આવશ્યક છે. દરેકનો સહકાર આમાં આવશ્યક છે, અને આજની વસ્તી ગણત્રી ઉપર, અમને આવતા ૧૦ વર્ષનાં પ્રોજેકશન નો ખ્યાલ આવે એની માટે આ જરૂરી છે. એટલે મિત્રો ખાસ કરીને દરેકને નમ્ર વિનંતી છે કે, આપ વસ્તી પત્રકની ડીજીટલ ટીમ નો કોન્ટેક કરીને, વસ્તી પત્રક નું ફોર્મ ભરાવી દેશો અને ઝાલાવાડી સભાના આ ભગીરથ કાર્ય માં આપનો સહકાર આપશો એવીજ શુભેચ્છા સાથે,

**પંકજભાઈ સંઘવી**
**ટ્રસ્ટી, ઉપપ્રમુખ**

**મનીષાબેન શાહ**
**ટ્રસ્ટી, સેક્રેટરી**

શ્રી સભાએ આપ સહુને મદદગાર થવા માટે એક સ્માર્ટ અને ડિજિટલ સજ્જ ટીમ બનાવી છે. આ ટીમ મુંબઈના નક્કી કરેલાં દરેક પરામાં દર રવિવારે ત્યાંના પ્રતિનિધિ સાથે કોન્ટેક્ટ કરીને ત્યાં પહોંચે છે અને મેમ્બર્સને ફોર્મ ભરવામાં મદદ કરે છે. તમારા દરેક પ્રશ્નનાં નિરાકરણ ત્યાં ને ત્યાંજ કરી આપવામાં આવે છે. આ ફોર્મને ભરતાં માત્ર પાંચ જ મિનીટ લાગે છે અને હા. આવનાર દરેક માટે અલ્પાહારની સુંદર વ્યવસ્થા...આટલી આપની સગવડતાનું ધ્યાન રાખ્યું હોય તો આપણી સહુની ફરજ છે કે આપની પાંચ મિનીટ તો સભાને આ વસ્તીપત્રકનાં ડિજીટલ ડિરેક્ટરીનાં પ્રોજેક્ટ માટે ફાળવવી જ જોઈએ.

(ક્રમશ: પાના નં... ૩૭)

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા • ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન

## Digital Volunteers for Vasti Patrak

Pankajbhai Sanghvi
(Trustee & Digital Team Head )
Manishaben Shah
(Trustee & Digital Team Head)

## Digital committee

- Niravbhai Doshi (Borivali)
- Beenaben Sanghvi (Dadar)
- Pritulbhai Shah (Ghatkoper)
- Ashokbhai Turkhia (Ghatkoper)
- Meeraben Shah (South Mumbai)
- Lipsaben Shah (Mulund )

## Sub Committee Volenteers For Camp

- Devangbhai Shah (Mira Road)
- Bhavinbhai Hakani (Mira Road)
- Shaileshbhai Shah (Mira Road
- Hardikbhai Sanghvi (Vasai)
- Niraliben Shah (Mira Road)
- Artiben Shah (Mira Road)
- Reenaben Gosalia (Sion)
- Dipaliben Khatdiya (Mulund)
- Kaushikbhai Shah (Mulund)
- Freyaben Shah (Ghatkoper)
- Aayushbhai Shah (Ghatkoper)
- Ripaben Shah (Malad)
- Meghnaben Shah (Malad)
- Dharaben Shah (Mulund)
- Varshaben Khatadia (Mulund)
- Sheetalben Shah (Ghatkoper)
- Bhavnaben Shah (Sion)
- Chaitaliben Shah (Sion)
- Pujaben Shah (Kandivli)
- Hetalben Shah (Kandivli)
- Chandaniben Doshi (Borivali)
- Khushbuben Shah (Kandivli)
- Mahekben Gosalia (Kandivli)
- Ritaben Sanghvi (Kandivli)
- Neepaben Shah (Kandivli)
- Tejalben Doshi (Borivali)

## Volunteers for phone call

- Sonalben Kothari (Andheri)
- Shreyaben Shah (Ghatkopar)
- Sanjaybhai Turkhia (Borivali)
- Pareshbhai Doshi (Borivali)
- Dharaben Shah (Ghatkoper)

## Volunteers for camp arrangement

- Anilbhai Jashwani (Nallsopara)
- Kalpeshbhai Sheth (Nallsopara)
- Aleshbhai Shah (Borivali)
- Priteshbhai Shah (Ghatkoper)
- Maheshbhai Shah (Mulund)

## Volunteers For Digital Vasti Patrak

- Darshkbhai Shah (Malad)
- Dhruviben Shah (Kandivli)
- Fulwaben Shah (Parla)
- Bhavnaben Doshi (Parla)
- Seemaben Shah (Kandivli)
- Nirmalbhai Boradia (Malad)
- Palakben Doshi (Parla)
- Purviben Gosalia (Parla)
- Niravbhai Shah (Office)
- Pritiben (Juhu)
- Hiralben Gosalia (Parla)
- Neepaben Shah (Kandivli)
- Sonalben Maniyar (Matunga)
- Dharaben Shah (Ghatkoper)
- Manishaben Shah (Mulund)
- Amiben Dagli (Juhu)



# ચંદન

**જ્ઞાનેશ જયચંદ લાપસીયા**

ગુજરાત રાજ્યના આણંદ શહેર ખાતે એક નાનકડી ઓરડીમાં ચિરાગ અને ચંદન તેના એકના એક સંતાન સૌરભ સાથે રહેતા કોઈપણ નોકરીમાં ચિરાગ છ આઠ માસથી વધુ નહીં ટકવાને પરિણામે આ પરિવારને છેવટે મુંબઈ છોડી પોતાની રહી સહી મુડી સમેટી અહીં સ્થિરતા માટે આવવું પડ્યું હતું. આ શહેરમાં તેમના કોઈ પરિચીત ના હોઈ ચંદનને થોડીક રાહત જણાતી.

ચિરાગને લોટરી ખરીદવાનો એક શોખ હતો જેથી કોઈ દુકાને લોટરી જુએ અને ખિસ્સામાં તેટલી રકમ હોય તો આગળ પાછળનું જરીકે વિચાર્યા વિના લોટરી ખરીદી જ લેવી અને લોટરી હાથમાં આવતા જ જાણે તે લખપતિ બની ગયો હોય તેમ આકાશમાં વિહરવાનું શરૂ.

આણંદમાં હજુ વધુ સમય થયો ના હતો છતાં બજાર કે આસપાસના કેટલાંક વ્યક્તિઓના સંપર્કથી ચંદને એક નાનકડું મિત્ર વર્તુળ બનાવી રાખેલ અને તેઓ સૌને જણાવી રાખેલ કે તેના જેવી કોઈ નાની-મોટી નોકરી હોય તો જણાવજો. એક દિવસ સામેની ગલીમાં રહેતા પ્રભાબેન તેના જ ગલીના છેવાડે ફરસાણ બનાવતી દુકાનમાં કારીગર તેમજ કેશિયરની નોકરી ખીલી છે તેવા સમાચાર આપતા બીજી જ પળે ચંદન બોલી ચાલો મને ત્યાં લઈ જશો ? તમેજ મારી ઓળખાણ કરાવશો તો કામ જલ્દી થઈ જશે અને પ્રભાબેને ફરસાણની દુકાનના માલિક યોગિતાબેન ભાવગાર ખાતે ચંદનનો પરિચય કરાવ્યો. વાતવાતમાં તેની મહિને ૭૦૦૦/- પગારે નિમણૂંક પણ કરાવી આપી. તેની ફરજનો સમય સવારના ૧૦.૩૦ થી ૬.૦૦ નક્કી થયો.

યોગિતાબેન તથા પ્રભાબેનનો આભાર માની ચંદન આવી પહોંચી ઘરે અને ચિરાગને વાત જણાવી તો તે પણ ખુશ થયો. આવકનું સાધન સાંપડ્યુ, હવે સૌરભનું છુટી ગયેલ ધોરણ ૭નો અભ્યાસક્રમ જોડવા ચંદન પુનઃ પ્રયત્નશીલ બની અને એકાદ પખવાડિયામાં તો યોગિતાબેનની ઓળખાણથી સૌરભને ધો. ૭માં દાખલો પણ મળી ગયો. તેની પ્રવેશ ફી તથા છ માસની અભ્યાસ ફી હાલ તુરત યોગીતાબેને જમા કરાવી. બીજા દિવસથી શાળાએ જવાનું હતું તેથી ચંદને આજે જ બજારમાંથી શાળાનો ગણવેશ, પાઠ્યપુસ્તક અને નોટબુક વગેરે ખરીદી લીધા.

સૌરભની શાળાનો સમય સવારનો હોય ચંદને વહેલા ઊઠી તેના નાસ્તાનો ડબ્બો તથા દફ્તર વગેરે તૈયાર કરી રાખ્યા અને ચિરાગને શાળાએ મુકી આવવા જણાવ્યું. ત્યારબાદ આ નિત્યક્રમ થઈ ગયો. ઘરથી શાળા વધુ દૂર ના હોય થોડા દિવસમાં સૌરભ એકલો શાળાએ જવા લાગ્યો. ચંદન દુકાને જતાં જતાં એક ચાવી પડોશમાં રહેતા મધુરીબેનને ત્યાં મુકતી જતી, જેથી શાળાએથી પાછા ફરતા સૌરભને અનુકૂળતા રહે.

અહી તહી ભટકતા ચિરાગને પણ અઠવાડીયામાં સુકામેવાની દુકાને કાઉન્ટર સેલ્સમેન તરીકે નોકરી મળી ગઈ અને પગાર પણ નક્કી થયો ૭૫૦૦/- આજે પુનઃ ચિરાગના મગજમાં અહંમનો કીડો સળવળાટ કરવા લાગ્યો ઘરે આવ્યો ત્યારથી તે ચંદન કરતા શ્રેષ્ઠ છે તેવા લવારા કરવા લાગ્યો પણ ચંદને કોઈ વિશેષ પ્રતિકાર ના આપતા ચિરાગ જમીને છાનોમાનો સુઈ ગયો.

ચંદન ફરસાણની દુકાને કામ કરે તેથી સાંજે કચોરી - સમોસા જેવી કોઈ આઈટમ બનાવી હોય અને વેચાયા વગરની પડી રહી હોય તો તેની નિયત રકમ ચુકવી સૌરભ માટે અવશ્ય લઈ આવતી. સૌરભને પણ ચકરી, ખમણ વિશેષ ભાવતા તેથી તે પણ સામેથી ક્યારેક મમ્મીને લાવવા આગ્રહ કરતો અને ચંદન લઈ આવી તેને પ્રેમથી ખવડાવતી.

ચંદનના હાથમાં કુદરતી કરામત હોય તેમ તેના બનાવાયેલ ફરસાણ એકદમ સ્વાદિષ્ટ બનતા, જેથી આખો દિવસ ફરસાણની દુકાન ઉપર ગિરદી રહેવા લાગી જેનો સીધો કે આડકતરો ફાયદો થયો યોગિતાબેનને. માત્ર છ-સાત માસના ગાળામાં દુકાનની આવક લગભગ બમણી થઈ જવા પામી. નાણાંકીય લેવડદેવડમાં પણ ચંદનનો વ્યવહાર એકદમ ચોખ્ખો હોય, જેના કારણે યોગિતાબેને ચંદનના પગારમાં સીધો એક હજારનો વધારો કરી આપ્યો અને દિવાળી દરમ્યાન રૂા. ૫૦૦૦/- નું બોનસ આપ્યું તે છોગામાં !

ચંદને પણ પોતાના ઘર પરિવારની સાથોસાથ અહીની ફરજ પ્રત્યે પણ સજાગતા રાખેલ અને છૂટવાના સમય ઘણી વખત મોડું થતું તો પણ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવાની, જેથી યોગિતાબેને પણ તેને

નોકરી કરતી મહિલા તરીકે નહીં પણ એક સખી-સહિયર તરીકે સ્વીકારી તે રીતનો વ્યવહાર જ કરી રહેલ જેના પરિણામ સ્વરૂપ તેમને પાતોના ઘર માટે નવું ટીવી ખરીદવા સમયે પોતાનું ચાલુ કન્ડીશનનું ટીવી ચંદનને ભેટ આપી દીધું હતું.

હવે ચંદનનું ઘરનું ગાડું વ્યવસ્થિત ચાલવા લાગ્યું, ચિરાગના પણ ધમપછાડા ઓછા થતાં તે પણ ઘરકામમાં મદદરૂપ થવા લાગ્યો. સૌરભના અભ્યાસક્રમ ઝડપભેર ચાલવા લાગ્યા અને આવી પહોંચી વાર્ષિક પરીક્ષાઓ. રાત્રે જ્યારે જેટલો સમય ફાઝલ મળતો ચંદન તેને પોતાની હિસાબે અભ્યાસ કરાવતી રહી પરીક્ષાઓ પતીને પરિણામ આવ્યું વર્ગમાં બાવીસમાં ક્રમાંકે ઊતીર્ણ! સૌરભનાં આવા સુંદર પરિણામથી ખુશ થઈ ચંદન-ચિરાગે એક દિવસ પર્યટન સ્થળે ફરવા જવાનું ગોઠવ્યું અને દિવસભર સૌરભને મજા કરાવી.

સૌરભને હવે ધો. ૮ માં સારા ગુણાંક મેળવવા બહારના ખાનગી ટ્યુશન ક્લાસમાં જોડાવા સિવાય કોઈ છૂટકો ન હતો તેથી એક દિવસ ચંદને યોગિતાબેનને જણાવ્યું, ''સૌરભના અભ્યાસ માટે મને રૂા. ૧૫૦૦૦/-ની લોન મળી શકશે? હું મારા વેતનમાંથી નિયમિતપણે ચૂકવી આપીશ'' તે સાંભળી યોગિતાબેન બોલ્યા લોન તો અવશ્ય આપીશ પણ તેના હપ્તા જે તું આપીશ તે મને ના આપતા એક સુરક્ષિત સ્થળે જાળવીને રાખજે તને કામ લાગશે. અને તરત કબાટમાંથી રૂપિયા પંદર હજારને બદલે વીસ હજાર આપ્યા અને કહ્યું સૌરભના માટે બે-ત્રણ જોડ સારા કપડા પણ લઈ લેજે. ચંદન યોગિતાબેન સામે તાકતી જ રહી અને આભાર માનવાનું પણ વિસરી ગઈ.

સૌરભ હવે શાળા અને ખાનગી ક્લાસોની અવરજવર અને હોમવર્ક પૂર્ણ કરવામાં જ વ્યસ્ત બની ગયો દિવસ આખો કયા પસાર થઈ જતો તેની જાણ સુદ્ધા ના રહેતી. દિવસ રાતની મહેનત બાદ અપાયેલ વાર્ષિક પરીક્ષામાં સૌરભ ચૌદમાં ક્રમાંકે પાસ થયો.

દર માસે થોડા થોડા કરતા લોન રૂપે લીધેલ રૂા. ૨૦,૦૦૦/- પુરા થઈ જતાં ચંદન યોગિતાબેનની સમક્ષ ઊભી રહી બોલી આ લ્યો આપની સમયસરની મદદને પરિણામે સૌરભ આજે સારી રીતે અભ્યાસ કરી રહેલ છે, તેને ત્યાંજ રોકતા યોગિતાબેન બોલ્યા આ વરસે પણ ખાનગી ક્લાસમાં ગયા વખતથી વધુ રકમ ભરવાની આવશે માટે તારી પાસે જ રાખ આટલું સાંભળતા જ ચંદન રીતસર યોગિતાબેનના ચરણોમાં ફસડાઈ પડી અને ચોધાર આસુએ રડવા લાગી.

આમને આમ સૌરભ નવમાં ધોરણની વાર્ષિક પરીક્ષામાં પણ અઢારમાં ક્રમાંકે ઊતીર્ણ થયો, હવે આ વર્ષ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું હોઈ સૌરભ વધુમાં વધુ મહેનત કરવા લાગ્યો અને જોતજોતામાં બોર્ડની પરીક્ષાઓ પુરી થઈ તેના દરેક પેપર એકદમ સારા ગયેલ તેથી ડીસટીક્શન માર્ક જરૂર મળશે તેવી શ્રદ્ધા હતી અને થયું પણ તેવું જ! ૯૧ ટકા ગુણાંક સાથે સૌરભે ઝળહલતી સફળતા હાંસલ કરેલ.

આજનો દિવસ ચંદન માટે શુકનિયાળ સાબિત થવાનો હતો સવારના લગભગ ૯.૩૦ વાગતા એક એડવોકેટ અને એક કારકુન ચંદનબેન અહીયા રહે છે? ચંદને હકારમાં જવાબ આપી તેઓને ઘરમાં આવી બેસવા જણાવ્યું. ત્યારબાદ એડવોકેટ પોતાના પરિચય આપતા જણાવ્યું કે આપની માતુશ્રી કલાવતીબેનનું ગતમાસ દરમ્યાન અવસાન થયું છે અને તેમણે કરેલ વીલ અનુસાર આપને રૂપિયા પાંચ લાખ આપવાનું લખેલ છે, તદ્અનુસાર આ ચેક સ્વીકારો અને જરૂરી દસ્તાવેજો પર આપની સહી કરી આપો.

કાયદેસરની વિધિ સંપન્ન કર્યા બાદ યોગ્ય તે આતિથ્ય સત્કાર કરી તેઓને સસ્મિત વદને વિદાય આપી. આ સમયે ચિરાગ પણ ઉપસ્થિત હોઈ તેમણે સાસુ પ્રત્યે આભાર વ્યક્ત કરી ચંદનને અભિનંદન આપ્યા.

બોર્ડની પરીક્ષામાં પ્રાપ્ત કરેલ સફળતાનું પ્રમાણપત્ર લઈ સૌરભ જેવો ઘરે આવ્યો મમ્મી-પપ્પાના ચરણ સ્પર્શ કરી આર્શીવાદ લીધા અને હવે તેને સાયન્સ લાઈનમાં પ્રવેશ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. એકાદ ક્ષણ વિચાર્યા બાદ ચંદને પૂછ્યુ ''ફી કેટલી ભરવાની થાય?'' તો સૌરભે કહ્યું, ''બે વર્ષની લગભગ સવા બે લાખ જેટલી થાય,'' આટલું સાંભળતા જ ચંદને સૈરભને તેની ઈચ્છાનુસાર અભ્યાસક્રમમાં જોડાવવા સંમતિ આપી દીધી અને પ્રથમ પ્રયત્ને જ સૌરભને સરસ્વતી મંદિર કોલેજમાં સાયન્સ ફેકલ્ટીમાં પ્રવેશ મળી ગયો.

સમયને સરતા ક્યા વાર લાગે છે, સૌરભ ધો. ૧૨ની પરીક્ષામાં પણ ૮૭ ટકા ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયો અને મેડિકલ લાઈનમાં જવા અંગે મમ્મી-પપ્પાને જણાવ્યું. બન્ને એકમેકના મુખ સામે તાકી રહ્યા અને છેવટે કહ્યું બેટા આપણી પહોંચ નથી આટલા પૈસા ખર્ચવાની. આ તો દશમાં ધોરણની પરીક્ષા વખતે તારી દાદીના વીલ અનુસાર રૂા. મળેલ જેથી સંમતિ આપી હતી. માટે શક્ય હોય તો બીજો કોઈ વિચાર કર. સૌરભ બોલ્યો તેના કોલેજના પ્રોફેસર એક સ્કોલરશીપ યોજના અંગે વાત કરી છે અને તે માટે એકાદ નાનકડી પરીક્ષા

મારે પસાર કરવી પડશે તેમાં ઉત્તિર્ણ થયો તો આ સંસ્થા મારા ડોક્ટર બનવા સુધીના સઘળા શૈક્ષણિક ખર્ચમાં સહાયક થશે.

સૌરભની વાત સાંભળી ચંદન-ચિરાગ સૌરભને લઈ પ્રોફેસર પાસે પહોંચ્યા, અને વિસ્તારથી સઘળી વાતો સાંભળી અને છેવટે સૌરભને તે અંગેની અનુમતિ આપી. બે-ત્રણ સપ્તાહ પછી તે પરીક્ષા લેવાઈ અને સૌરભ પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ થયો અને તત્ક્ષણ શહેરની સારામાં સારી મુરલીધર મેડિકલ કોલેજમાં ડોનેશન વગર તેનો દાખલો થઈ ગયો. સૌરભની લગન કોઈ આજે સૌથી અધિક ખુશ હતી તેની જનેતા ચંદન, અને હોયજ ને કારણ શૈક્ષણિક ક્ષેત્રની તેની ઝળહળતી સફળતા.

એક દિવસ ચંદને ફરજ સમય દરમ્યાન યોગિતાબેનને કહ્યું કે, ''મારી જાણ અનુસાર આપણી દુકાનની જોડાજોડ ચોકલેટ, બીસ્કીટ, કટલેરીની દુકાન વેચવાની છે જો આપણે ખરીદી લઈએ તો ફરસાણની સાથોસાથ મીઠાઈનું વેચાણ પણ કરી શકીએ અને મીઠાઈનું વેચાણ પર કરી શકીએ અને મીઠાઈ માટે એકાદ-બે કારીગરોને રાખીશું તો આપણી આવક પણ વધી જશે.'' ચંદનનું સમયોચિત યોગ્ય સૂચન સાંભળી તરત યોગિતાબેને તેની વાત સ્વીકારી પાસેની દુકાન ખરીદવા, અંગે વાટાઘાટ કરી અંતિમ નિર્ણય લઈ લીધો અને સારા મુહુર્તે ફરસાણની સાથોસાથ મિષ્ઠાનનું વેચાણ પણ શરૂ કર્યું. સાથોસાથ હવે ચંદનને નોકરીયાતને બદલે પચાસ ટકાની ભાગીદાર પણ બનાવી લીધી.

આ વાતને પણ આજે પાંચ વર્ષ પૂર્ણ થયા અને સૌરભ પેલી સંસ્થાની સ્કોલરશીપથી બન્યો ડોક્ટર. આજે ઘરમાં લાપસીના આંધણ મુકાયા પાસ પડોશ મીઠાઈના પડીકાના વિતરણ થયા. યોગિતાબેન અને ડ્રાયફ્રુટના માલિકને ત્યાં પણ તેમને શોભે તેવો ઉપહાર લઈ જવામાં આવ્યા. હવે ચંદનની બધીજ જવાબદારી જાણે પૂર્ણ થઈ હોય તેમ સંતોષની લાગણી અનુભવી.

આજે સૌરભ ચંદન પાસે આવીને પગમાં માથું ટેકવતા બોલ્યો ''મમ્મી, હવે તે મારા માટે ઘણા વર્ષો સુધી ઘણુંબધું સહન કર્યુ હવે તારે ઘરે બેસી આરામ કરવાનો છે,'' આ દિવસની જાણએ વર્ષોથી રાહ જોતી હોય તેમ ચંદને સૌરભને ઊભો કરી છાતી સરસો ચાંપી ''સારું બેટા જેમ તું કહેશે તેમ જ કરીશ, પણ સાથોસાથ તારે બે વાતનું સદાય ધ્યાન રાખવાનું છે એક તો મેડિકલ શિક્ષણના આપણા ગજા બહારના ખર્ચમાં પુરેપુરા સહાયક થનાર સંસ્થાના હોદ્દેદારો પ્રતિ અને બીજું યોગિતાબેન દ્વારા પ્રારંભિક સમયમાં ખાનગી ટ્યૂશનો માટે પૈસાની આવશ્યકતા હતી ત્યારે આર્થિક યોગદાન આપી તારા ભવિષ્ય નિર્માણમાં પાયાનું કાર્ય કરનાર પ્રત્યે પણ આપણી ફરજ અને ઋણ અદાયગી સમાન કાર્ય કરવાનું છે. આજે તું જે પણ છે માત્ર ને માત્ર તેઓના સહકારના પરિણામે જ છે તે ક્યારે પણ ભુલીશ નહીં.'' મમ્મીની વાત સાંભળી સૌરભ બોલ્યો, ''હા હું એ વાત કદાપી વિસરીશ નહીં અને શક્યતઃ સગવડતાએ યથા શક્તિ ઋણ અદા કરીશ.''

ચંદનની ગરીબી આડેનું પાંદડુ હટી જતાં ડોક્ટર દીકરાએ હવે બેન્ક મારફત લોન લઈ બીજા સારા વિસ્તારમાં રહેવા જવાનું નક્કી કર્યુ અને માતા-પિતાની સંમતિથી એક સુવિધાજનક બ્લોક ખરીદ્યો જ્યાંથી ડોક્ટરની પ્રેક્ટીસ માટે આવવા જવામાં બહુ સુગમતા રહેવા લાગી.

જીવનને ખરેખર માણવાના સમયે આર્થિક સંકડામણના પરિણામે ચંદને ઘર-પરિવાર સાચવવા રીતસરની જાત ઘસી નાખી તેનુંજ વિધાતાએ શ્રેષ્ઠ ફળ આપેલ હોય તેમ દિન પ્રતિદિન સૌરભ તેના વાણી-વર્તન વ્યવહારની વિનમ્રતાના પરિણામે ટૂંક સમયમાં શહેરનો એક નામાંકિત તબીત તરીકેની ખ્યાતિ પામ્યો. તે જોઈ ચંદન મનોમન હરખાયા કરતી. ❖❖❖


**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ**

**ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન**

**વાચક સભ્યો,**

**આપણી ઝાલાવાડી પત્રિકાની શરૂઆત વર્ષ ૧૯૫૭ થી થઈ છે અને આજે ૬૮ વર્ષ થઈ ગયા એટલે આ પત્રિકા સહુની પ્રિય પત્રિકા કહેવાય અને જે પ્રિય હોય તે દિલની નજીક હોય. પછી એને યાદ કરતાં રહેવું જરૂરી થઈ જતું હોય. બરાબર ને ?**

**તો આપ સહુને ખાસ વિનંતી કરવાની કે આપને ત્યાં આવતાં શુભ પ્રસંગો હોય કે એનીવર્સરી સેલિબ્રેશન હોય કે જન્મદિનની ઉજવણી હોય, નવા ઘરનું વાસ્તુ હોય કે પછી નવી ઓફિસનું ઉદ્‌ઘાટન હોય.. વ્હાલાની વસમી વિદાય વેળાની શ્રદ્ધાંજલી સભા હોય.. આ દરેક પ્રસંગોમાં શ્રી ઝાલાવાડી સભાને યાદ કરો અને આપનું અનુદાન આપો. સહુ તમારા આનંદમાં આનંદિત અને દુઃખને હળવું કરવામાં સહાય થાય. આપની તરફથી મોકલાવેલાં અનુદાનનો ઉલ્લેખ પત્રિકામાં કરવામાં આવશે.**

**શ્રી સભા–આપની માતૃસંસ્થા કહેવાય તો એને હરહંમેશ યાદ રાખજો.**

**સંપર્ક સુત્ર : શ્રી પ્રદિપભાઈ તુરખિયા – M. : 9867748120**

**શ્રી મિલનભાઈ તુરખિયા – M. : 9860125136**

# સંસ્થા સમાચાર

## શ્રી સમસ્ત લીંબડી સંઘવી કુટુંબ (મુંબઈ) સંઘવી કુટુંબનો ભવ્યાતિભવ્ય પ્રોગ્રામ- સ્નેહમિલન

તા. ૫-૧-૨૫નાં રોજ પ્રભુ પઠારે હોલ અંધેરી ખાતે યોજવામાં આવેલ. જેમાં ૩૫૦ કુટુંબીજનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

કુટુંબની ઉમદા ભાવનાને અનુરૂપ વ્યક્તિદીઠ રૂા. ૧૫૦૦/- નાં ખર્ચની સામે ફક્ત સંખ્યા ગણત્રી માટે ટોકન રૂપ રૂા. ૨૦૦ ચાર્જ રાખેલ. ૪.૩૦ થી ૫.૩૦ હાઈ-ટી - ૫.૩૦ થી ૬.૩૦ કુટુંબની મીટીંગ સાથે ડોનરોનું બહુમાન કરેલ. ૬.૩૦ થી ૮.૩૦ ખૂબજ સુંદર વેરાયટી પ્રોગ્રામ બધાએ મનભેર માણ્યો.

પ્રમુખશ્રી ગીરીશભાઈ ભગવાનલાલે સહુ કુટુંબીજનોને પ્રેમભર્યો આવકાર આપેલ.

મીટીંગ શરૂ કરતાં નવકારમંત્રનું સ્મરણ તેમજ રાષ્ટ્રગીતની ધુન વગાડવામાં આવેલ. ત્યારબાદ સ્વર્ગસ્થ થયેલ કુટુંબીજનોને શ્રદ્ધાંજલી અર્પિત કરવામાં આવેલ.

ઉપ-પ્રમુખશ્રી પંકજભાઈએ ઝાલાવાડી સભાના વસ્ત્રીપત્રક બાબત સહુને રૂપરેખા આપી તુરત પોતાનાં ફેમિલીની વિગત મોકલી આપવા નમ્ર વિનંતી કરી.

શ્રી અનિલભાઈએ પ્રમુખશ્રી ગીરીશભાઈનાં નેતૃત્વ હેઠળ કુટુંબનું સુંદર કાર્ય થઈ રહેલ છે તેનો ખાસ ઉલ્લેખ કર્યો.

આ પ્રોગ્રામને ખૂબજ સુંદર રીતે પાર પાડવા પ્રમુખશ્રી ગીરીશભાઈ-મંત્રીશ્રી સમીરભાઈ-મંત્રીશ્રી પ્રિતેષભાઈ તેમજ દક્ષેશભાઈએ ખૂબજ જહેમત ઉઠાવેલ. સરપ્રાઈઝમાં પ્રોગ્રામમાં ભાગ લેનાર દરેક પરિવારને સુરેન્દ્રનગરમાં તૈયાર કરી મંગાવેલ ચોખ્ખા ઘીનો અડદીયો ૧-૧ પેકેટ આપવામાં આવેલ. અંતમાં સહુ ફરી-ફરી આવા સુંદર પ્રોગ્રામ કરતાં રહો તેવી આગ્રહભરી વિનંતી કરી છુટા પડેલ.

આ પ્રોગ્રામનાં ખર્ચને પહોંચી વળવા સંઘવી પરિવારોએ સ્વેચ્છિક રીતે પોતાનું યોગદાન આપેલ. પ્રમુખશ્રી ગીરીશભાઈએ તેઓનો ખૂબ ખૂબ આભાર માનેલ.

ગીરીશભાઈ ભગવાનલાલ સંઘવી (પ્રમુખશ્રી)

❋❋❋

## શ્રી મુલુંડ ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ દ્વારા આયોજીત પ્રીમિયર લીગ

શ્રી મુલુંડ મિત્ર મંડળ દ્વારા આયોજીત (ZMPL 7) ૨૦૨૫ નું એક દિવસીય ક્રિકેટ મેચનું આયોજન તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ નાં દિવસે, ફ્રેડસ સ્કુલના ટર્ફ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓની બે ટીમ, અને ભાઈઓની ૬ ટીમ એમ કુલ સાઠ ટીમો મેદાનમાં રમવા ઉતરી હતી. આ ટીમોમાં ૧૦ વર્ષથી લઈને ૭૦ વર્ષ સુધી નાં વરિષ્ઠ નાગરિકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઝાલાવાડી મિત્ર મંડળના પ્રમુખ શ્રી મહેશભાઈ શાહે ખૂબજ સરસ રીતે આ ક્રિકેટનું આયોજન કરેલ.

વિજેતા ટીમ - નાગનેશ ટીમ રહી હતી.

રનર અપ ટીમ - લીંબડી ટીમ રહી હતી.

દરેકનું ટ્રોફી આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આયોજનને સફળ બનાવવા કમિટીનાં યંગસ્ટર્સ વીરેન શાહ, ચિંતન ખાટડિયા તથા વિરલ બારભાયાએ ખૂબ દિલથી જહેમત ઉઠાવી હતી.

હીના પારેખે પોતાની શૈલીથી સહુને ઉત્સાહીત કર્યા હતાં.

આ સાથે જ આ કાર્યક્રમમાં વસ્તીપત્રક માટે શ્રી સભામાં મીરાબેન શાહ, પ્રિતુલભાઈ શાહ (ગેડીવાળા), બીનાબેન સંઘવી, રીનાબેન શાહ પધારેલ હતા. ખૂબ જ સરસ રીતે મુલુંડના સભ્યોએ પણ સાથ સહકાર આપેલ હતો.

❋❋❋

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી મહિલા મંડળ

મુલુંડ કેંદ્રનો નવા વર્ષની પ્રથમ પ્રોગ્રામ - તારીખ ૧૫-૧-૨૦૨૫ નાં બુધવારનાં દિવસે મુલુંડ કેંદ્રનો પ્રથમ પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો. જેમાં સહુએ એક સામાયિક કરી. ધાર્મિક ગેમ્સ રમાડવામાં આવી હતી.

આ પ્રોગ્રામ જમણવાર સાથે અને ગીફ્ટ સાથેનો સુંદર પ્રોગ્રામ રહ્યો હતો. જેમાં બહેનોને લોંગ ગાઉન પહેરવાનો ડ્રેસ કોડ આપવામાં આવ્યો હતો. વર્ષ દરમિયાન જેમની બધાં પ્રોગ્રામમાં હાજરી હોય તે મેમ્બરોને અલગ ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતાં.

પ્રમુખ શ્રીમતી લતાબેન ખાટડિયાએ સહુનું સ્વાગત કરતાં, ગત વર્ષના કાર્યક્રમોની રૂપરેખા આપી હતી. ઉપપ્રમુખ શ્રીમતી હીનાબેન પારેખે સહુનો આભાર માન્યો હતો અને કમિટીનાં યંગ બહેનોએ નવી નવી રમત રમાડી સહુને આનંદિત કર્યા હતાં.

❋❋❋

## ઝાલાવાડી મહિલા મંડળ બોરીવલી કેન્દ્ર

ઝાલાવાડી મહિલા મંડળ બોરીવલી કેન્દ્ર તરફથી તા. ૨૦-૧-૨૦૨૫ નાં રોજ સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવેલ.

પ્રમુખ શ્રીમતી ચારૂબેન દોશી તથા ઉપપ્રમુખ શ્રીમતી રંજનબેન શેઠ ની કારકિર્દીના ૫૦ વર્ષનો સુવર્ણમહોત્સવ ઉજવાયો, જેઓએ પોતાની સખત મહેનતથી મંડળમાં સતત ૫૦ વર્ષ સુધી યોગદાન આપેલ છે. દરેક કેન્દ્રમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ખાસ આમંત્રિત મહેમાન તરીકે શ્રીમતી

મનીષાબેન શાહ, શ્રીમતી શ્રુતિબેન શાહ તથા શ્રીમતી પ્રિયાબેન તુરખીયાને આમંત્રણ આપ્યું હતું. પ્રિયાબેને હાજરી આપી પ્રસંગને ચાર ચાંદ લગાવી દીધા. સૌથી પ્રથમ ચારૂબેન તથા રંજનબેને તેમની ૫૦ વર્ષની યશસ્વી સફરનાં સંભારણા સુંદર રીતે રજુ કર્યા હતાં. પછી બૃહદ મુંબઈ મહિલા મંડળ, મુંબઈ કેન્દ્ર મહિલા મંડળ તથા નલીનીબેન શેઠ દરેકે ચારૂબેન તથા રંજનબેનને સાડી ઓઢાડી બહુમાન કર્યુ હતું. બોરીવલી ઝાલાવાડી મહિલા મંડળ તથા બોરીવલી કેન્દ્રની કમિટી દરેક તરફથી ચારૂબેન તથા રંજનબેનનું સાડીથી બહુમાન કર્યુ હતું. બોરીવલી સ્થા. જૈન સંઘ તરફથી પણ બેનનુ બહુમાન કરવામાં આવ્યુ હતું. ચારૂબેન તથા રંજનબેને રાજીનામુ આપ્યુ તથા નવા પ્રમુખ નલીનીબેન વોરા તથા ઉપપ્રમુખ વર્ષાબેન ડગલીને માનભેર પદવી સોંપવામાં આવી. ત્યારબાદ શ્રીમતી પારૂલબેન સિસોદિયાએ સુંદર મજાની ગેમ રમાડી. વિજેતાને ઈનામ આપવામાં આવ્યા. હાજર રહેલ દરેક મેમ્બર તથા આમંત્રિત મહેમાનોને સુંદર ભેટ આપવામાં આવી. સર્વ કમિટી મેમ્બર્સના પ્લાનીંગ સાથેના પરિશ્રમે આ પ્રોગ્રામને શાનદાર તથા ભવ્ય બનાવ્યો. એક સરખી સુંદર ગુજરાતી સાડીમાં સજ્જ આખી કમિટી શોભી રહી હતી. અંતમાં સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણીને સર્વ ખુશી અને યાદગાર પળોને વાગોળતા છુટા પડયા.

❖❖❖

## ઝાલાવાડનું ગૌરવ



### હર્ષીત સંઘવી

૧૯મી જાન્યુઆરીએ યોજાયેલ મેરેથોનમાં ચિ. હર્ષીત નરેન્દ્ર સંઘવી ફુલ મેરેથોન ૪૨.૧૨૫ કીલોમીટર ટાટા મુંબઈ - મેરેથોન - ૨૦૨૫ સફળતાપૂર્વક વિજયી થયેલ છે. ખુબ ખુબ અભિનંદન

**અલ્કા નરેન્દ્રભાઈ વ્રજલાલ સંઘવી પરિવાર**

Advt.

# BIODATA



**PERSONAL DETAILS :**

**NAME** : **RUCHIT YOGESH SHAH**
**Date Of Birth** : 28th April, 1991
**Time & Birth Place** : 5.38 am, Mumbai
**Height** : 5.9" feet,
**Weight** : 81 Kg.
**Native Place** : Dhrangadhra (Surendranagar), Gujarat
**Religion** : Zalawadi Sthanakwasi Vishashrimali Jain

**Education** : P.G. Cert. - Mobile Solutions Development from Conestoga College (Waterloo, ON, Canada)
Bachelor of Engineering in Information Technology (B.E.I.T.)
Diploma in Computer Engineering (B.G.I.T.) Mumbai.
**Status** : Canadian PR
**Traveling to India** : Soon
**Occupation** : Application Developer II with First National Financial LP (Toronto, Ontario, Canada)
**Contact** : 9022777288
**Hobbies** : Photography, Travel, Outdoor Sports, Badminton, Gaming, Reading.

**FAMILY DETAILS :**

**Grandfather** : Shri Shashikant Amulakh Shah
**Grandmother** : Late Smt Vimlaben Shashikant Shah
**Maternal Grandfather** : Late Prabhudas Dharshi Vora
**Maternal Grandmother** : Chandrikaben Prabhudas Vora
**Father** : Shri Yogesh Shashikant Shah (Financial Agent - 9323193937)
**Mother** : Smt Harsha Yogesh Shah (Housewife - 9324060603)
**Paternal Uncle (Kaka)** : Shri Nalin Shashikant Shah (Ghatkopar - 9892040609)
**Paternal Aunt (Kaki)** : Smt. Neha Nalin Shah (Housewife - 9920744024)
Paternal Aunt (Faiba) : Smt Jayshree Haresh Shah (Married) SikkaNagar, Mumbai
Mosal : Smt Chandrikaben Prabhudas Dharshi Vora (Ghatkopar)
Maternal Uncle (Mama) : Botad, Gujarat
Shri haresh Prabhudas Vora (9324541655)
Shri Bhavesh Prabhudas Vora (9324444233)
Maternal Aunt (Mami) : Smt Heena Haresh Vora (9323408144)
Smt Alpa Bhavesh Vora (7498724723)
Residential Address : B-701, Bldg. No. 57, Om Shree Ganesh Chhaaya CHS, Shahid Bhagat Singh Kanwar Marg, Opp. Ganesh Udyaan, Tilaknagar, Chembur (W), Mumbai - 400 089.

Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ

**વસ્તિ પત્રક** ભરીને તુંરત ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ પહેલા ભરો.

તો આપને લકી ડ્રો માં વિજેતા થવા માટેનો લાભ મળશે.

**૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫** ના રોજ લકી ડ્રો કરવામાં આવશે.

**આ અંતિમ તારીખ છે.**

સભ્યોને નમ્ર નિવેદન તુરત ફોર્મ ભરો
અથવા આપને કોઈપણ જાતની મદદ જોઈતી હોય તો,
સભાની માસિક પત્રિકા પાના નં. ૩૭ પર
ડીજીટલ વસ્તિ પત્રકના volunters ના નામો આપેલ છે
તેમનો સંપર્ક કરો.

પંકજભાઈ સંઘવી – મનિષાબેન શાહ
વસ્તિ પત્રક ના કન્વીનર


"ખુશ ખબર"

એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે. આ સ્કીમ ૧-૧૦-૨૪ થી ૩૧-૧૨-૨૪ સુધી જ છે.

**ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*

૬૮ ટાઈપના (આથા વગરના) ઢોકળા
૮ ટાઈપના તળેલા ફરસાણ
કદી પણ તમે જોયા ન હોય તથા
ખાધા ન હોય.





તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી

સંપર્ક :
ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)
૯૮૨૧૦૨૯૦૫૩

જીગર – ૯૮૨૧૦૨૯૦૮૪

Advt.

## સંઘવી પરિવારનું ગૌરવ



### CA રાજવી મેહુલ સંઘવી (ઉં.વર્ષ - ૨૨)

(લીંબડી નિવાસી - હાલ મુંબઈ - વિલેપાર્લા)

શ્રીમતી આરતી તથા મેહુલ સંઘવી ની સુપુત્રી **ચિ. રાજવી** CA ની તમામ પરિક્ષાઓ ફર્સ્ટ એટેમ્પટમાં ઉત્તીર્ણ થઈ છે. તેણે મેળવેલ આ સિદ્ધી બદલ સર્વ કુટુંબીજનો તરફથી અભિનંદન અને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ અને અમારા અંતરના આશિર્વાદ.

**શુભેચ્છકો :**

દાદી-દાદા : સ્વ. જ્યોત્સનાબેન સુરેશભાઈ સંઘવી
નાની-નાના : સ્વ. ભાનુબેન હસમુખભાઈ શાહ
શ્રી હસમુખભાઈ મનસુખભાઈ શાહ
ભાઈ-ભાભી : શ્રીમતી કનિષ્કા સ્મીત સંઘવી

Advt.

---

।।શ્રી ગણેશાય નમઃ।।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



## શ્રી જૈન મેરેજ બ્યુરો

**ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ**

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

---

।।શ્રી ગણેશાય નમઃ।। ।।ભુરખીયા હનુમાન દાદા જય હો।।
।।જય શ્રીકૃષ્ણ।। ।।શ્રી મહાવીરાય નમઃ।। ।।જય સોમનાથ।।

## દશા શ્રીમાળી તથા વિશા શ્રીમાળી તથા ઘોઘારી જ્ઞાતી ગોર



(ઘાટકોપર), મુંબઈ

**શ્રી મહાલક્ષ્મી નમઃ**



**A to Z જ્યોતિષ**

**પુજા પાઠ કથા રાંદલ લોટા, શ્રીફળ વિધી, લગ્ન વિધિ, વાસ્તુ પુજા, નવચંડી હવન**

## વિરાટ એચ. પાઠક

**૯૮૬૭૧૬૭૭૪૬ ૯૭૬૮૭૮૬૯૮૬**

**ગુજરાતી - સ્થાનકવાસી - દેરાવાસી - વૈષ્ણવ - વાંજાદરજી - પટેલ**

નવગ્રહ જપ
સંપર્ક કરો

હનુમાન ચાલીસા પાઠ
સુંદરકાંન્ડ પાઠ

ગ્રહ પ્રવેશ , ચંડીપાઠ પાઠ, મહામૃત્યુજય જપ નક્ષત્ર શાંતી, કાલસર્પ યોગ, માંગલિક દોષ, પુજા કુંભ વિવાહ અર્ક વિવાહ, પિતૃ કાર્ય ગીતાજી ગરુડપુરાણ

કોઈપણ પુજા વિધિ માટે અથવા ઓનલાઈન
વિડિયોકૉલ પુજા વિધિ માટે
**આગ્રા રોડ, એલ. બી. એસ માર્ગ, ગંગાવાડી, ગોપાલ ભુવન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૬.**

Virat pathak

**સંપર્ક કરો : વિરાટ એચ. પાઠક ગોર**
**૯૮૬૭૧૬૭૭૪૬ ૯૭૬૮૭૮૬૯૮૬**

Advt.

---

શ્રીજી

## જમીન-મકાનની લે-વેચ માટે મળો.

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય,
નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
**Mo. 98790 75965**
**અંકિતભાઈ એ. શેઠ**
**Mo. 98796 79553, 8200628452**

## અતુલભાઈ ટી. શેઠ

રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

# ૧૮મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મતારીખ

તા. ૧૩-૨-૧૯૩૦





અરિહંતશરણ

તા. ૧૦-૨-૨૦૦૭

## તપસ્વીરત્ન મહાસુખલાલ નાગરદાસ શાહ

**વઢવાણ નિવાસી હાલ બોરીવલી – યોગીનગર**

વસ્યા છો દૂર, છતાં કૃપા વરસતી રહેશે,
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.

**પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ તેમજ જન્મો જન્મ જૈનધર્મ અને નવકાર મહામંત્રનું શરણું અર્પણ કરે જેથી મોક્ષ પ્રાપ્તિ મળે એજ પવિત્ર ભાવના**

**◆ સ્નેહીજનો ◆**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | જશવંતીબેન |
| પુત્ર – પુત્રવધૂ | : | દિપક, મયુર, અ.સૌ. દક્ષા, અ.સૌ. ચૈતાલી |
| પુત્રી-જમાઈ | : | નેહલ સંજયકુમાર શાહ |
| પૌત્ર-પૌત્રી | : | દેવાંગ, આશી |
| પૌત્ર-પૌત્રવધૂ | : | નિરવ – હિત – અ.સૌ. રિધ્ધિ, અ.સૌ. ફોરમ |
| દોહિત્ર | : | હેત, કુશ |
| પ્રપૌત્ર | : | ધિઆન |
| સંસાર પક્ષે બહેન | : | સંથારા આરાધક શોભનાબાઈ મહાસતીજી |
| સંસાર પક્ષે ભત્રીજી | : | બા.બ્ર.પ.પૂ. આરતીબાઈ મહાસતીજી |

**સ્વ. નાગરદાસ સુખલાલ શાહ પરિવાર**
**સ્વ. ત્રિભોવનદાસ રાયચંદભાઈ શાહ પરિવાર**
**શ્રી મલ્લિપાર્શ્વ પૂનમ ભક્તિ મંડળ**

**શાહ પરિવારના 'જય જિનેન્દ્ર'**

ડી.૧૪-૧૦૪, યોગીનગર, બોરીવલી (વેસ્ટ), મુંબઇ – ૪૦૦૦૯૧. ટે. નં. ૯૮૨૧૧૩૮૬૭૧ – ૯૮૨૧૬૭૫૪૦૩

Advt.

## પંદરમી પુણ્યતિથિએ ભાવાંજલિ



**સ્વ. મીનાબેન અનંતરાય શાહ (નાવડાવાળા)**

ઘાટકોપર

**જન્મ : તા. ૧૮-૧૧-૧૯૫૯**
**અરિહંતશરણ : તા. ૧૭-૦૨-૨૦૦૯**

હૃદય માનવા તૈયાર નથી કે તમે અમ સૌથી દૂર છો
કેમ કે હજી તો અમ આંખો સમક્ષ તમે હાજર છો

અમને સદાય આશીર્વાદ આપતા, એવા આપના
પુણ્યશાળી આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે
એ જ પ્રાર્થના.

**લિ. આપના સ્વજનો**

**સ્વ. પૂ. માતુશ્રી નર્મદાબેન મણિલાલ લલ્લુભાઈ શાહ**
**પરિવાર (નાવડાવાળા)**
**સ્વ. અનંતરાય**
**શ્રી વૃજલાલભાઈ - સ્વ. ચંદ્રિકાબેન**
**મિતુલભાઈ-ફોરમબેન**
**નિધિ શાહ**
**મેહેર મિતુલ શાહ**

ઘરનું સરનામું :
એ-૨, નિલકંઠધારા, શ્રી સ્વામિનારાયણ મંદિર સામે,
૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ -૪૦૦ ૦૭૭.

Advt.

## દશમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી નરેન્દ્રભાઈ છનાલાલ શાહ**

**વઢવાણ નિવાસી (હાલ : મલાડ)**

**જન્મ તા. : ૨૭-૧૦-૧૯૫૦ • અરિહંતશરણ : ૧૬-૦૨-૨૦૧૫**

રડી પડે છે આંખો અમારી
દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી
કેટલુ નહી કેવું જીવ્યા એજ યાદ રહી જાય છે.
પાંપણના પલકારે પંખીની જેમ ઉડી ગયા.
હાજરી આપની હતી ત્યારે ખબર ન હતી
ગેરહાજરી શું કહેવાય.
આનંદ હતો ચારે કોર ત્યારે ખબર ન હતી દુ:ખ શું કહેવાય.

**આપના પવિત્ર આત્માને જન્મોજન્મ જૈન ધર્મ મળે**
**અને નવકાર મંત્રનું શરણ રહે એજ પ્રાર્થના**
**પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ગીતાબેન |
| પુત્રી-જમાઈ | : | જીગિશા-કેતનકુમાર |
| વેવાઈ | : | પ્રદીપભાઈ રાયચંદભાઈ પારેખ |
| ભાઈ-ભાભી | : | રજનીકાંતભાઈ-કોકિલાબેન<br>સ્વ. સુરેશભાઈ-ભારતીબેન |
| બહેન | : | સ્વ. પ્રેમિલાબેન, કલાબેન, રીટાબેન |
| ભત્રીજા-ભત્રીજી | : | વિરેન-અમી, દેવાંગ-નિરાલી<br>અમી-તેજલ અને સોનલ |
| સસરા | : | સ્વ. ડાયાલાલ મનસુખલાલ શાહ |
| સાળા-સાળી | : | દિનેશભાઈ, રીટાબેન, પરેશભાઈ |
| દોહિત્ર | : | ધૈર્ય |

**ઝાલાવાડી સભા કમિટી મેમ્બર**

Advt.

Godrej
SECURITY SOLUTIONS







Supreme
FURNITURE



ALKOSIGN



SENIOR AGENCY AKSHAY SHAH: 98210 12193 / 77889 97781

**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**

Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002

Advt.



**5 Nights to 23 Nights**

## USA

April, May, June, July,
Aug, Sep, Oct 2025



**8 Nights to 12 Nights**

## AUSTRALIA GROUP TOUR

13 Dec 2024 | 6 Jan, 7,16
Feb, 19,22, Mar, 25 May 2025



**9 N / 10 D**

## NATURALLY NEW ZEALAND

4 Dec 2024 | 14,
29 Jan, 10, 27 Mar 2025



**17 N / 18 D**

## NEW ZEALAND AND AMAZING AUSTRALIA

4 Dec, 2024 | 29,6 Jan,
7,19 Feb,19 Mar 2025



**10 N / 11 D**

## JAPAN CHERRY BLOSSOM WITH CHEF

21, 23, 27 Mar
2 April 2025



**15 N / 16 D**

## JAPAN CHERRY BLOSSOM WITH KOREA

22, 30 March 2025

**Kandivali | Andheri | Kharghar | Ghatkopar | Mulund | Thane | Virar**

**+91 98199 30022 www.flamingotravels.co.in**

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૨૮-૦૫-૧૯૫૦

અરિહંતશરણ
૦૯-૦૨-૨૦૨૪

## અ.સૌ. સ્વ. વર્ષાબેન વિરેન્દ્રભાઈ ગાંધી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ...
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું પરમાર્થ જેની ભક્તિ...
એવા એ દિવ્ય આત્માને શત્ શત્ નમન...

આપની વાત્સલ્યતા, લાગણીશીલ સ્વભાવ નિ:સ્વાર્થ પ્રેમ,
સદા હસતો ચેહેરો, કુટુંબં પ્રત્યેનો પ્રેમ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વિ.
સદાય અમને પ્રેરણા આપતા રહેશે.

આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે,
હંમેશા જૈન ધર્મનું શરણ મળે, અને વહેલામાં વહેલા મુક્તિપદ મળે,
એવી અમારી પરમાત્માને પ્રાર્થના.

### સ્વજનો

**પતિ : વિરેન્દ્રભાઈ રસિકલાલ ગાંધી**

પુત્ર - પુત્રવધુ : વિક્રાંતભાઈ ગાંધી - તૃપ્તિબેન ગાંધી
જીનેન્દ્રભાઈ ગાંધી - સીમાબેન ગાંધી
પુત્રી - જમાઈ : નમ્રતાબેન તથા મિતેષભાઈ મહેતા
પૌત્ર-પૌત્રી : ઉત્કર્ષ - રિમી
દોહીત્ર : પ્રિયાંશ

દેર-દેરાણી : વિપુલભાઈ ગાંધી - નિરૂબેન ગાંધી
મિલનભાઈ ગાંધી - મયુરીબેન ગાંધી
નણંદ-નણંદોઈ : જ્યોતિબેન સ્વ. સનતકુમાર દોશી

**સમસ્ત રસિકલાલ મનસુખલાલ ગાંધી પરિવાર - લીંબડીવાળા**
**સમસ્ત કિરચંદભાઈ પરષોતમદાસ સખીદાસ પરિવાર - લીંબડીવાળા**

Advt.

# ભાવભીની ભાવાંજલિ



જન્મ
૧૭-૦૮-૧૯૫૫

અરિહંતશરણ
૨૪-૧૨-૨૦૨૪

## અ.સૌ. દક્ષાબહેન કિરણભાઈ સંઘવી

ધાંગધ્રા નિવાસી (હાલ વિલેપાર્લા - વેસ્ટ-મુંબઈ)

ભીતરના ભાવોને આવી રીતે આલેખવાનો સમય આવ્યો ?
જીવન યાત્રા છે. મૃત્યુ જીવનની પુર્ણાહુતિ છે. જાણવા છતાં વિયોગ વસમો લાગે છે.
સાથે મળીને જીવન જીવવાનું હોય, જીરવવાનું હોય, જીતવાનું પણ હોય
પણ જીવનની સફરમાં જીવનસાથીનો એકદમ હાથ છોડી, તું તો પરમના રસ્તે ચાલી નીકળી....!
જીવનમાં પળપળ તારા વ્યક્તિત્વને ઊંચેને ઊંચે લઈ જઈને તે
તારૂં આત્મિક, માનસિક, કૌટુંબિક અને સામાજિક સ્થાન મેળવ્યું.
એકમેકથી આપણે સૌ સભ્યો સ્નેહની એકસૂત્રતાને તાંતણે બંધાઈ,
તારો પ્રેમાળ અને હૂંફાળા આવકારે અમારી માતા-પિતા સમી છત્રછાયા બની રહ્યા.
એકમેકથી આપણે સૌ સમૃદ્ધ રહ્યા છીએ ને!
આકસ્મિક હોવા છતાં પરમની વાટે જતાં.... તે તો શુદ્ધ ભાવે
ધર્મનું ભાતુ પણ બાંધી લીધું
**તમારી દિવ્ય આત્મા મોક્ષમાર્ગને પામશે જ... એવી દઢ શ્રદ્ધા સાથે...**

ચક્ષુદાન કરેલ છે.

### આપના ગુણાનુરાગી

**કિરણ ભીખાભાઈ સંઘવી પરિવાર**
**સ્વ. ભીખાભાઈ વ્રજલાલ સંઘવી**

સ્વ. સરલાબેન ભીખાભાઈ સંઘવી
સ્વ. ડૉ. પ્રવિણભાઈ ભીખાભાઈ સંઘવી

બ્હેનો
પ્રવિણાબેન રસિકભાઈ ગાંધી
ભારતીબેન મહેન્દ્રભાઈ શાહ
વર્ષાબેન રમેશભાઈ તુરખિયા

**વજુભાઈ અમૃતલાલ દોશી પરિવાર**

Advt.

# ઝાલાવાડી સ્થાનકવાસી જૈન

**થાનગઢ નિવાસી, મુંબઈ હાલ મટુંગા**

અરિહંત શરણ

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



**સ્વ. પ્રદીપભાઈ નટવરલાલ દોઢીવાળા**

જન્મ : ૨૯-૦૯-૧૯૪૩

અરિહંત શરણ : ૦૬-૦૫-૨૦૨૪



**સ્વ. રેખાબેન પ્રદીપભાઈ દોઢીવાળા**

જન્મ : ૧૬-૦૨-૧૯૪૪


અરિહંત શરણ : ૦૧-૦૨-૨૦૨૪

**અનંત ગુણી આત્મા, કરે નિજ નિજ ગુણનું કામ, સમજે આ જીવડો કરે પોતાનું કામ.**

અમારા વડીલ બંધુ તથા વડીલ ભાભી,
આપની કુટુંબ ભાવના, કોઠાસુઝ, સમાધાનકારીવૃતિ, સાધુભગવંતોની વૈયાવચ્ચ,
તપ માટેની ખૂબ શ્રદ્ધા, તેમજ વ્યવહાર કુશળતા જેવા અનેક ગુણો, આપની વાત્સલ્યતા,
લાગણીશીલ સ્વભાવ, નિઃસ્વાર્થ પ્રેમ, સદા હસતો ચહેરો, સમગ્ર કુટુંબને એક તાંતણે બાંધી રાખવુ,
ધર્મ પ્રત્યેની શ્રધ્ધા વિ. સદાય અમોને પ્રેરણા આપતી રહશે.
આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે, હંમેશા જૈન ધર્મનું શરણ મળે, અને વહેલામાં વહેલા
મુક્તિપદને પ્રાપ્ત કરે. એવી અમારી પરમાત્માને પ્રાર્થના.

## આપનો પરિવાર

**પિતાશ્રી :** સ્વ. નટવરલાલ દીપચંદ દોઢીવાળા
**માતૃશ્રી :** સ્વ. શુશીલાબેન નટવરલાલ દોઢીવાળા
**ભાઈ-ભાભી :** ગં.સ્વ. લતાબેન રમેશચંદ્ર દોઢીવાળા
**ભાઈ-ભાભી :** મધુરીકાબેન ગિરીશભાઈ દોઢીવાળા
**ભાઈ-ભાભી :** ગં.સ્વ. મીતાબેન નીતિનભાઈ દોઢીવાળા
**બહેન :** સ્વ. ભારતીબેન રમેશચંદ્ર શાહ
**બહેન :** ઇન્દિરાબેન હસમુખલાલ શાહ



**ભત્રીજા-ભત્રીજાવહુ :** મયુર-અમી, તેજસ-કાજલ, અખિલ, ઋષભ, પંકિલ
**ભત્રીજી :** પ્રીતિ, મિત્તલ, ચૈતાલી
**ભાણેજ-ભાણેજવહુ :** મનીષ-દિપીકા , સ્વ.ઉમેશ-રૂપા , મીતેશ-ડિંપલ, આશિષ-પુર્વી , મેહુલ-વિધિ
**પિયર પક્ષ :** સાયલા નિવાસી રતિલાલ છગનલાલ શાહ

**|| દોઢીવાળા તથા શાહ પરિવારનો જય જિનેન્દ્ર ||**

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

Regd. Office : 301, Bay View (East), 3rd Floor,
47, Dr. M. B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
**Mob.: 7208481791 / 7208472744 / 7208472884**



















**નોંધ :**

(૧) ઉપરોક્ત સેનેટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com પર કરવું.

(૨) ફક્ત માથેરાન સેનેટોરિયમમાં રૂા. ૬૦૦/- એક દિવસના સવારના નાસ્તો, બપોરની ચા તથા સવાર-સાંજના જમવાના ફરજિયાત આપવાના રહેશે.

(૩) સંસ્થાના નિતીનિયમ મુજબ બુકિંગ મળશે.

(૪) I-Card રાખવું જરૂરી છે.

(૫) આખું સેનેટોરિયમ બુક કરાવશો તો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

## સંપર્ક સુત્ર

બીનાબેન સંઘવી
મો. ૯૭૬૯૪ ૪૮૨૮૪

પિતુલભાઈ શાહ (ગેડીવાળા)
મો. ૯૩૨૩૧૮૦૬૬૫

નીરવભાઈ દોશી
મો. ૯૮૨૦૮૨૩૪૦૦

Advt.

Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi